Ministry of Ayush, Government of India | Yoga 365

#IDY2026

## પેઢીઓ વચ્ચે સુખાકારીની ઉજવણી

# ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬

## સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ

### માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદી

### સાથે કરો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026 ની ઉજવણી

કોલકાતાના મુખ્ય કાર્યક્રમમાં રૂબરૂ હાજરી આપો અથવા ઘરે બેઠા વર્ચ્યુઅલ રીતે ભાગ લો અને સ્વાસ્થ્ય, સુખાકારી અને કલ્યાણના આ રાષ્ટ્રવ્યાપી ઉત્સવનો હિસ્સો બનો.

**મુખ્ય કાર્યક્રમ: ૨૧ જૂન, સવારે ૫ વાગ્યાથી**

LIVE TELECAST on DD NEWS

તમારી #HarGhar યોગ સેલ્ફી શેર કરો!

વડાપ્રધાનના લાઈવ સેશન દરમિયાન તમારા પરિવારને ઘરે યોગ કરતા કેપ્ચર કરો અને તમારો ફોટો, વીડિયો અથવા રીલ સોશિયલ મીડિયા પર શેર કરો.





CBC 17201/13/0009/2627

moayush | ministryofayush | ministryofayushofficial

અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 20-06-2026

# ખેડૂતોનું આંદોલન કઈ રીતે તૂટ્યું એ મુદ્દે AAP નેતા પ્રવીણ રામ, અજીત લોખીલ અને પંકજ રાણસરીયાએ કર્યા ખુલાસા

અમદાવાદ: ખેડૂતોના આંદોલન મુદ્દે આજે આમ આદમી પાર્ટી દ્વારા પુરાવા સાથે મોટો ખુલાસો કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખીલ અને ખેડૂત નેતા પંકજ રાણસરિયાએ રાજકોટ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે અમુક કારણોસર આજે અમારે ગુજરાત કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવી રહેલી ગેરમાહિતી અંગે સત્ય જનતા સમક્ષ મૂકવું જરૂરી બન્યું છે. અમારી આમ આદમી પાર્ટીની લડત ભાજપ સામે છે. અમે ભાજપની નીતિઓ અને સરકાર સામે પ્રશ્નો ઉઠાવવા માંગીએ છીએ. કોંગ્રેસ સાથે અમારી કોઈ લડાઈ નથી. પરંતુ છેલ્લા છેલ્લા ચાર-પાંચ દિવસથી કોંગ્રેસ સતત આમ આદમી પાર્ટી સામે ખોટા આક્ષેપો કરી રહી છે. તેથી અમે અમારે સત્ય શું છે, હકીકત શું છે, આંદોલન કોણે તોડ્યું અને ક્યા ખોટા નિર્ણયોના કારણે આંદોલન નિષ્ફળ ગયું તે અંગે પુરાવા સાથે વાત કરવી જરૂરી બની છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ખેડૂતોને ગાંધીનગર કૂચનું એલાન આપ્યું હતું. ખેડૂતોને કહેવામાં આવ્યું હતું કે ગાંધીનગર સુધી જવાનું છે. પરંતુ મહત્વની વાત એ છે કે ગાંધીનગર સુધીની રેલી માટે જરૂરી પરવાનગી લેવામાં જ આવી નહોતી.

આ એક વાસ્તવિક હકીકત છે. આજે કોંગ્રેસ ભૂલી ગઈ છે કે ગુજરાતમાં સત્તામાં કોણ છે. ખેડૂતોના પ્રશ્નો પર ભાજપનો વિરોધ કરવાની જગ્યાએ કોંગ્રેસ આમ આદમી પાર્ટીનો વિરોધ કરવામાં વ્યસ્ત થઈ ગઈ છે. ભાજપ સામે લડવાની જગ્યાએ તેઓ આમ આદમી પાર્ટી પર આક્ષેપો કરવામાં સમય પસાર કરી રહ્યા છે. ખેડૂતોના હાઈ ટેન્શન લાઈન મુદ્દે શરૂ થયેલા આંદોલન દરમિયાન ખેડૂતોને ગાંધીનગર સુધી જવા દેવામાં આવ્યા નહોતા અને અમદાવાદમાં જ આંદોલન અટકી ગયું. આ કેમ બન્યું, તેના ચાર મહત્વના મુદ્દા છે. પ્રથમ મુદ્દો એ છે કે કોંગ્રેસે ખેડૂતોને ગાંધીનગર કૂચનું એલાન આપ્યું, પરંતુ ગાંધીનગર સુધીની પરવાનગી લીધી જ નહોતી. કોંગ્રેસે માત્ર ઓગણજ સુધીની રેલી માટે પરવાનગી લીધી હતી. જો પરવાનગી જ ન હોય તો આગળ જવા કોણ દે? આ માત્ર આક્ષેપ નથી. અમારી પાસે તેના પુરાવા છે. પોલીસ કમિશનર અમદાવાદ દ્વારા આપવામાં આવેલી પરવાનગીના દસ્તાવેજોમાં સ્પષ્ટ લખેલું છે કે રેલી શાંતિપુર સર્કલથી બોપલ સર્કલ, શિલજ સર્કલ, ભાડજ સર્કલ થઈને ઓગણજ સુધી જવાની હતી. ત્યારબાદ ત્યાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરવાનગીના દસ્તાવેજોમાં એ પણ ઉલ્લેખ છે કે જાહેર સભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડા હાજર રહેશે. એટલે સ્પષ્ટ છે કે કોંગ્રેસે ઓગણજ સુધીની જ રેલી અને ત્યાં સભા માટે પરવાનગી લીધી હતી, જ્યારે ખેડૂતોને ગાંધીનગર કૂચના નામે બોલાવવામાં આવ્યા હતા. જ્યારે ખેડૂતોને સમજાવ્યું કે હતું કે તેમને ગાંધીનગર લઈ જવામાં આવવાના નથી અને કોંગ્રેસની સભામાં રોકવામાં આવી રહ્યા છે, ત્યારે તેમણે નારાજગી વ્યક્ત કરી. ખેડૂતોના પ્રશ્નના જવાબમાં કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ગાંધીનગર જવાની પરવાનગી મળી નહોતી.'આપ' નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતુ કે પ્રશ્ન એ છે કે જો પરવાનગી માગી જ ન હોય તો મળશે કેવી રીતે? જો કોંગ્રેસે ખરેખર ગાંધીનગર સુધી જવાની પરવાનગી માગી હોય અને સરકાર દ્વારા ઇનકાર કરવામાં આવ્યો હોય, તો તે અંગેનો 'ના મંજૂરી' નો લેખિત પત્ર જનતા અને ખેડૂતો સમક્ષ રજૂ કરવો જોઈએ. જો પરવાનગી ન મળી હોય તો સરકારનો ના મંજૂરીનો પત્ર બતાવો. માત્ર મૌખિક દાવાઓથી કામ નહીં ચાલે. કોંગ્રેસે ખેડૂતોને ગેરમાર્ગે દોર્યા હોય તો તે વાત સ્વીકારવી જોઈએ. ખેડૂતો સાથે વિશ્વાસઘાત થયો હોય તો તેની જવાબદારી પણ સ્વીકારવી જોઈએ. ખોટા આક્ષેપો અને ભ્રામક નિવેદનો આપવાની જગ્યાએ કોંગ્રેસે હકીકતો જાહેર કરવી જોઈએ અને ખેડૂતો સમક્ષ સત્ય રજૂ કરવું જોઈએ. કોંગ્રેસના નેતાઓએ બાદમાં એવું કહેવાનું શરૂ કર્યું કે અમે તો માત્ર નાસ્તા માટે રોકાયા હતા. પરંતુ જ્યારે ખેડૂતો પ્રશ્ન પૂછવા લાગ્યા કે અહીં સ્ટેજ શા માટે બનાવવામાં આવ્યું છે? ખુરશીઓ શા માટે ગોઠવવામાં આવી છે? તો તેનો કોઈ યોગ્ય જવાબ તેમની પાસે નહોતો. જો માત્ર નાસ્તા માટે જ રોકાવાનું હતું તો પછી જાહેર સભાની પરવાનગી શા માટે લેવામાં આવી? કાગળ પર જાહેર સભાની મંજૂરી લેવામાં આવી હતી અને તેમાં કોંગ્રેસના નેતાઓના સંબોધનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સ્પષ્ટ પુરાવો છે કે તે માત્ર નાસ્તાનો કાર્યક્રમ નહોતો, પરંતુ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના ખેડૂતોને સમજવાની જરૂર છે કે કોંગ્રેસે કેવી હદ સુધી તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતોના નામે આંદોલન ઊભું કરીને તેમનો ઉપયોગ કરવામાં આવ્યો. ખેડૂતોના ખભા પર બંદૂક રાખીને રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જ્યારે પોતાની ભૂલો અને નિષ્ફળતાઓ સામે આવી, ત્યારે તેનો દોષ આમ આદમી પાર્ટી અને અન્ય લોકો પર ઢોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જ્યારે ખેડૂતો નારાજ થયા, વિરોધ વ્યક્ત કર્યો અને સવાલો પૂછવા લાગ્યા, ત્યારે કોંગ્રેસે સમગ્ર ઘટનાનો દોષ આમ આદમી પાર્ટી અને પંકજ રાણસરિયા પર નાખવાનો પ્રયાસ કર્યો. જાણે કોંગ્રેસને દિવસ-રાત માત્ર આમ આદમી પાર્ટી જ દેખાતી હોય.

## રી-નીટ પરીક્ષાર્થીઓને ગુજરાત સરકાર મફત પરિવહન સુવિધા આપે: ધાર્મિક માથુકિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે ભ્રષ્ટ ભારતીય જનતા પાર્ટીના રાજમાં જે રીતે NEET નું પેપર ફૂટ્યું હતું એના કારણે વિદ્યાર્થીઓએ ફરીથી રી-નીટનું પેપર આપવાની નોબત આવી છે. દુઃખની બાબત છે કે સરકાર પરીક્ષા લેવાની બાબતમાં પણ સક્ષમ નથી. આના પરથી સાબિત થાય છે કે આ



સરકાર વિદ્યાર્થી વિરોધી સરકાર છે, શિક્ષણ વિરોધી સરકાર છે. જ્યારે આ નીટની પરીક્ષા ફરીથી લેવામાં આવી રહી છે ત્યારે આમ આદમી પાર્ટીની પંજાબ સરકાર વિદ્યાર્થીઓને મફત પરિવહનની સુવિધા આપી રહી છે તો અમારી માંગ છે કે, ગુજરાત સરકાર પણ જાહેરાત કરે કે તેઓ પણ નીટના વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન મફત પરિવારની વ્યવસ્થા કરે. વધુમાં આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, એક તો વિદ્યાર્થીઓ માનસિક રીતે થાકી ગયા છે અને તૂટી ગયા છે એવા સમયમાં વધુ એક નાણાકીય બોજ તેમના પર ન વધે એ માટે અમે સરકારને અપીલ કરીએ છીએ વિદ્યાર્થીઓ માટે ફ્રી પરિવહનની વ્યવસ્થા કરવામાં આવે. પંજાબની સરકાર દ્વારા જો આ કામ શક્ય બને છે તો પછી કેન્દ્ર અને ગુજરાતમાં જ્યાં ભાજપની સરકાર છે તે પણ આ કામ કરી શકે એમ છે પરંતુ તેમણે આ કામ આજ દિન સુધી કર્યું નથી કારણ કે તેમની માનસિકતા જ વિદ્યાર્થી વિરોધી છે. હું વારંવાર કહેતો આવું છું કે આ વિદ્યાર્થી વિરોધી સરકાર ક્યારેય પણ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેતી નથી. પરંતુ આ વખતે હું આશા કરું છું કે ગુજરાત સરકાર વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લઈને તેમની મફતમાં પરિવારની સુવિધા આપે.

# News Brief

## કલોલમાં 1.06 ઈંચ વરસાદ ખાબક્યો, પંચવટી સહિતની સોસાયટીઓ બેટમાં ફેરવાઈ

ગાંધીનગર | ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમન પૂર્વે જ પાટનગર ગાંધીનગર અને આસપાસના પંથકમાં પ્રિમોન્સૂન એક્ટિવિટીનો ધમાકેદાર પ્રારંભ થયો છે. છેલ્લા ચોવીસ કલાકના સત્તાવાર આંકડા મુજબ ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ રહ્યો હતો. જેમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં 0.12 ઈંચ અને માણસામાં 0.04 ઈંચ જેવો સામાન્ય વરસાદ નોંધાયો હતો.જ્યારે કલોલ તાલુકામાં સૌથી વધુ 1.06 ઈંચ વરસાદ ખાબક્યો હતો. ઉલ્લેખનીય છેકે, કેન્દ્રીય ગૃહ મંત્રી અને સાસંદ અમિત શાહની અત્રેના વિસ્તારમાં કરોડોની ગ્રાન્ટ વપરાઈ છતાં પંચવટી સહિત અનેક સોસાયટીઓ બેટમાં ફેરવાઈ જતા નાગરિકોને ભારે હાલાકી ભોગવવાની નોબત આવી છે.

ગાંધીનગર શહેર અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે(18 જૂન) મોડી સાંજના સમયે અચાનક હવામાનમાં પલટો આવ્યો હતો. તીવ્ર પવન ફૂંકાવાની સાથે જ મેઘરાજાએ ધબધબાટી બોલાવવાનું શરૂ કર્યું હતું. શહેરના સેક્ટર વિસ્તાર ઉપરાંત રાયસણ, કુડાસણ,વાવોલ, કોલવડા, પેથાપુર અને ઉવારસદ સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સારો એવો વરસાદ નોંધાયો છે. ધોધમાર વરસાદના પગલે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. કાળઝાળ ગરમીથી કંટાળેલા નાના બાળકો પણ વરસાદની મજા માણવા અને ગરમીથી રાહત મેળવવા માટે ઘરની બહાર નીકળી ભીંજાતા જોવા મળ્યા હતા. બીજી તરફ ગાંધીનગર જિલ્લાના કલોલ અને ઔદ્યોગિક હબ ગણાતા છત્રાલ પંથકમાં પણ ભારે પવન અને આકાશમાં વીજળીના ભયાનક કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ગાંધીનગર અને આસપાસના પંથકમાં પ્રિમોન્સૂન એક્ટિવિટીનો ધમાકેદાર પ્રારંભ થતા લાંબા સમયથી અસહ્ય બફારા અને ગરમીથી તોબા પોકારી ગયેલા નાગરિકોને આ વરસાદથી મોટી રાહત મળી છે અને સમગ્ર વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ છે. જોકે આ

## જામનગરમાં કાલાવડ નાકા બહાર તુલીપ સોસાયટીમાં ગેસ લીકેજથી આગ...

જામનગર | જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલી તુલીપ સોસાયટીમાં રહેતા કાનજીભાઈ નકૂમના રહેણાંક મકાનમાં ગુરુવારે રાત્રે આશરે 9:00 વાગ્યે રસોડામાં ઉપયોગમાં લેવાતા રાંધણ ગેસના સિલિન્ડરમાં લીકેજ થતાં આગ લાગવાની ઘટના બની હતી.

આગ લાગતા પરિવારજનો અને આસપાસના રહિશોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સૌપ્રથમ 112 પોલીસ કંટ્રોલની ટીમ સ્થળ પર પહોંચી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયર કર્મચારીઓએ તપાસ કરતાં ગેસ સિલિન્ડર સાથે જોડાયેલી રબરની નળીમાંથી ગેસ લીક થવાના કારણે આગ ભભૂકી હોવાનું જાણવા મળ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે જોખમ વચ્ચે કામગીરી કરીને સળગતા સિલિન્ડરને સલામત રીતે બહાર કાઢ્યો હતો, અને આગ પર કાબૂ મેળવી તેને સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી. ફાયર બ્રિગેડની સમયસૂચક અને કુશળ કામગીરીના કારણે આગ મકાનના અન્ય ભાગોમાં ફેલાતી અટકી હતી અને કોઈ મોટી જાનહાનિ કે નુકસાન સર્જાયું ન હતું. ઘટનાના પગલે પરિવારજનો અને સ્થાનિક રહિશોએ રાહતનો શ્વાસ લીધો હતો. ફાયર વિભાગે નાગરિકોને ગેસ સિલિન્ડર, રેગ્યુલેટર અને રબરની નળીની સમયાંતરે તપાસ કરાવવાની તેમજ ગેસ લીકેજ જણાય તો તાત્કાલિક તકેદારી રાખવાની અપીલ કરી છે.

## જ્યોતિસંઘ સંસ્થામાં કાઉન્સેલિંગ વખતે પતિનો પત્ની પર કુહાડીથી હુમલો, બાળકોની કસ્ટડી અંગે વિવાદ

અમદાવાદ | અમદાવાદના પથ્થરકુવા વિસ્તારમાં આવેલી જ્યોતિસંઘ સંસ્થામાં ચાલતા કાઉન્સેલિંગ દરમિયાન એક મહિલા પર તેના પતિએ જ કુહાડીથી હુમલો કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. અહીં બાળકોની કસ્ટડી મેળવવાની બાબતે ઉશ્કેરાયેલા પતિએ ઓફિસમાં જ પગમાં કુહાડીથી હુમલો કર્યો હતો. જેમાં મહિલા ઈજાગ્રસ્ત થતાં તેને 108 એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ દરમિયાન હુમલો કરનારો પતિ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. તેની ઈજાગ્રસ્ત મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, અસારવા ખાતે રહેતા 32 વર્ષીય દક્ષાબહેન રાવળે તેના પતિ વિજય રાવળ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, 'બાળકોની કસ્ટડી મેળવવાની બાબતે ઉશ્કેરાયેલા મારા પતિએ સંસ્થાની ઓફિસમાં જ મારા પર કુહાડી વડે હુમલો કર્યો હતો.' 18મી જૂનના રોજ સંસ્થામાં બંને વચ્ચે બાળકોની કસ્ટડી અંગે ચર્ચા ચાલી રહી હતી, ત્યારે દક્ષાબેને માતા તરીકે બાળકો પર પોતાનો હક હોવાનો દાવો કર્યો હતો. આ સાંભળીને વિજય રોષે ભરાઈ ગયા હતા અને બહારથી એક કુહાડી લાવીને દક્ષાબહેનના જમણા પગના ભાગે ઝીંકી દીધી હતી. ઘટનાના પગલે બુમાબુમ થતાં સંસ્થાના કર્મચારીઓ અને આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેથી હુમલાખોર પતિ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ ઘટના પાછળનું મુખ્ય કારણ પારિવારિક વિખવાદ હોવાનું જાણવા મળ્યું છે.

## લો બોલો... ફૂટપાથ અને સ્ટ્રીટ લાઈટના થાંભલી આસપાસ બાંધકામ

અમદાવાદ | શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદેસર બાંધકામો થઈ રહ્યા છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના અધિકારીઓની બેદરકારીના કારણે અનેક જગ્યાએ ગેરકાયદેસર બાંધકામો હવે સરકારી માલમિલકતોની આસપાસ પણ ઊભા થઈ ગયા છે. કુબેરનગર વિસ્તારમાં જી વોર્ડમાં વેપારી દ્વારા રોડ પરના સ્ટ્રીટ લાઈટના થાંભલાની આસપાસ ચણતર કરી દીધું હતું. સ્ટ્રેટ લાઈટની આસપાસ બાંધકામ કરી દીધા હોવાનો વીડિયો વાઈરલ થયા બાદ ઉત્તર ઝોન એસ્ટેટ વિભાગ સક્રિય થયું હતું અને બાંધકામને તોડવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોનના ઈન્ચાર્જ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ ખનામાએ જણાવ્યું હતું કે, કુબેરનગર વિસ્તારમાં ગુલશન પાર્ટી પ્લોટ પાસે બાંધકામ ઈલેક્ટ્રીક થાંભલાની આસપાસ કરવામાં આવ્યું હોવાને લઈને તેમજ નિયત બાંધકામ કરતાં વધુ બાંધકામ કર્યું હોવાના પગલે 17 જૂનના રોજ મનાઈ હુકમની નોટિસ આપવામાં આવી હતી.

આજે આ બાબતે મેં પ્રિમાઈસની બહાર આવેલા નડતરરૂપ બાંધકામના ભાગને દૂર કરવાની કામગીરી કરવામાં આવી છે. ગેરકાયદેસર અને નડતરરૂપ તમામ બાંધકામોનો સરવે હાથ ધરવામાં આવશે. જ્યાં પણ વીજપોલ અથવા અન્ય જાહેર સુવિધાઓને અવરોધરૂપ બને તેવા બાંધકામો જોવા મળશે, ત્યાં કાયદેસરની કાર્યવાહી કરીને તે દૂર કરવામાં આવશે.

સરદારનગર ટાઉનશિપના રસ્તાઓ અગાઉ સાંકડા હતા અને બાદમાં તેને પહોળા કરવામાં આવ્યા હતા.

## જસદણના વિછિયામાં વીજ થાંભલા મુદ્દે ખેડૂતોની વ્હારે આવ્યા AAP નેતા બ્રિજરાજ સોલંકી

અમદાવાદ : જસદણના વિછિયામાં ખેડૂતોની કિંમતી જમીન ઉપર વળતર આપ્યા વગર ગેરકાયદેસર રીતે ખાનગી વીજ કંપનીઓ પોલીસ સાથે રાખીને નેતાઓની મીલીભગતથી વીજ થાંભલાઓ નાખવાનું કામ કરતા તેના વિરુદ્ધમાં અને ખેડૂતોના યોગ્ય વળતર માટે આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ લડત શરૂ કરી હતી. આખરે પોલીસ અને વીજ કંપનીઓએ ખેતર ખાલી કરીને ભાગવું પડ્યું હતું. આ તકે આમ આદમી પાર્ટી પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે જસદણ વિછિયામાં જે ગરીબ અને પછાત સમાજના ખેડૂતો છે, એ સત્તર જેટલા વીજપોલ ગેરબંધારણીય રીતે, ગેરકાયદેસર રીતે, ભાડાની પોલીસ બોલાવીને જેટકો કંપની ખેડૂતોના ખેતરમાં વીજપોલ નાખવાનું કાર્ય કરી રહી હતી. ત્યારે મને ખેડૂતોનો ફોન આવ્યો હતો, ત્યારે આજે સમગ્ર ટીમ સાથે કોઈ પણ પક્ષપાત કર્યા વગર, કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર આજે અમે પોલીસને રજૂઆત કરી, જેટકો કંપનીના અધિકારીઓને પણ રજૂઆત કરી અને થોડી બોલાચાલી થઈ. એક થઈને જ્યારે મજબૂતાઈથી અવાજ ઉઠાવ્યો ત્યારે તમામ અધિકારીઓને ખેતર મૂકવું પડ્યું છે, પોલીસ અધિકારીઓને પણ ખેતર મૂકવું પડ્યું છે અને અત્યારે હાલ કામ બંધ રહ્યું છે. ત્યારે હું સમગ્ર ગુજરાતના ખેડૂતોને કહેવા માંગુ છું કે આજદિન સુધી આપણે નાત-જાતના વાડામાં વહેંચાતા રહ્યા, ધર્મ-જાતિના વાડામાં વહેંચાતા રહ્યા, પક્ષપાતમાં વહેંચાતા રહ્યા, પરંતુ હવે સમય આવી ગયો છે કે ગુજરાતના 54 લાખ ખેડૂતોએ એક થવું પડશે. અમે તમારા માટે લડવા માટે તૈયાર છીએ સમગ્ર ગુજરાતના 54 લાખ ખેડૂતો માટે દેવા માફી માટે, ખેતરે ખેતરે સિંચાઈનું પાણી પહોંચાડવા માટે, ચોવીસ કલાક મફતમાં વીજળી અપાવવા માટે, કૃષિ પંચ અને લાંબા ગાળાની કૃષિ નીતિઓ માટે અમે લડી લેવા માટે તૈયાર છીએ.'આપ' નેતા બ્રિજરાજ સોલંકીએ વધુમાં જણાવ્યુ હતુ કે ખેડૂતોને બે હાથ જોડીને હું નમ્ર અપીલ કરું છું કે હવે જાગવાનો અને એક થવાનો સમય આવી ગયો છે. ચૂંટણીઓ જીતવાથી આ સરકારને પહોંચી શકાતું નથી, પરંતુ રોડ રસ્તા ઉપર આવીને આંદોલનો કરવા પડશે, આ લોકોની વિરુદ્ધમાં બુલંદીથી અવાજ ઉઠાવવો પડશે, ત્યારે જ આપણી જીત થશે. મને વિશ્વાસ છે, ખાતરી છે કે આ એક પણ વીજ કંપનીઓ કોઈ ક્ષેત્રમાં થાંભલો નહીં નાખી શકે, પરંતુ માત્રને માત્ર આપણા ગુજરાતના ખેડૂતોને એક થવું પડશે. અને હું આ સરકારને પણ કહેવા માંગુ છું અને આ હર્ષ સંઘવીની પોલીસને પણ કહેવા માંગુ છું કે આ ખેતર કોઈના બાપની જાગીર નથી, કોઈને આ ખેતરોમાં ઘુસવાનો હક નથી.

## જામનગરના પવન ચક્કી વિસ્તારમાં પાલિકાના ધીમી ગતિએ ચાલતા કામથી લોકોમાં રોષ

જામનગર | જામનગર શહેરના પવનચક્કી સર્કલ નજીક મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલા માર્ગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામોની ધીમી ગતિને કારણે વાહનચાલકો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મુખ્ય માર્ગ પર ખોદકામ કરવામાં આવતા રોજિંદા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે.

સર્કલની વચ્ચે મોટા ખાડાઓ ખોદવામાં આવ્યા હોવાથી વાહનોની અવરજવર પ્રભાવિત થઈ રહી છે. ખાસ કરીને સવાર અને સાંજના પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો સામાન્ય બની ગયા છે. પરિણામે લાંબી વાહનોની કતારો લાગી રહી છે અને લોકોને પોતાના ગંતવ્યસ્થાને પહોંચવામાં વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી કામ ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી સમસ્યા વધુ ગંભીર બની છે. ટ્રાફિકના દબાણ વચ્ચે રસ્તા પર સુરક્ષાની સ્થિતિ પણ ચિંતાજનક બની રહી છે. અનેક વખત વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. રોજિંદા નોકરી-ધંધા માટે નીકળતા લોકો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

## સાહેદની માનસિક સ્થિતિ સારી ન હોવાના ડૉક્ટરના સર્ટિફિકેટ છતા તેને તપાસવા કોર્ટમાં વારંવાર અરજીઓ કરી કોર્ટનો સમય બગાડ્યો

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટમાં વિવાદિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તહેમૂલ શેઠના દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. જે મુજબ અરજદારને અમદાવાદની એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા વર્ષ 2023માં IPCની કલમ 418, 420, 465, 467 અને 471 હેઠળ દોષિત ઠેરવી 5 વર્ષ સાદી કેદની સજા ફટકારવામાં આવી હતી. આ સજાના આદેશ સામે અરજદારે અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી, જે પેન્ડિંગ છે.

ટ્રાયલની સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશને પારુલ મોદીની નબળી તબીબી સ્થિતિને કારણે તેમનું નામ સાક્ષી તરીકે પડતું મૂકવા અરજી કરી હતી, જેને મંજૂર કરવામાં આવી હતી. આ માટે ડૉ. શૈલેષ દેસાઈનું એક મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરાયું હતું. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે પારુલ મોદી વર્ષ 2006થી માનસિક બીમારીથી પીડાય છે અને તેમની યાદશક્તિ પણ નબળી પડી ગઈ છે. અરજદારે સેશન્સ કોર્ટમાં વધારાના પુરાવાઓ રજૂ કરવા માટે અરજી કરી હતી. અરજદારની



દલીલ હતી કે પારુલ મોદીની સહીની છેતરપિંડી આ કેસનો મુખ્ય ભાગ છે. ડૉ. શૈલેષ દેસાઈ માનસિક રોગના નિષ્ણાત નથી. તેઓ કન્સલ્ટિંગ કાર્ડિયોલોજિસ્ટ અને ફિઝિશિયન છે. તેથી તેઓ મેન્ટલ હેલ્થનું સર્ટિફિકેટ આપી શકે નહીં. ટ્રાયલ કોર્ટે પારુલ મોદીની માનસિક સ્થિતિની તપાસ માટે આ બાબત સંબંધિત મેડિકલ બોર્ડને મોકલવી જોઈતી હતી, જે ટ્રાયલ કોર્ટે કરી નથી.

સેશન્સ કોર્ટે અરજદારની આ અરજી નકારી દેતા, અરજદારે તેના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું હતું કે જ્યારે ટ્રાયલ કોર્ટમાં પ્રોસિક્યુશને પારુલ મોદીને સાક્ષી તરીકે પડતા મૂકવાની અરજી કરી હતી, ત્યારે અરજદાર દ્વારા તેનો કોઈ વિરોધ કરવામાં આવ્યો ન હતો કે ડૉક્ટરના સર્ટિફિકેટ સામે કોઈ વાંધો લેવાયો ન હતો.

મેન્ટલ હેલ્થકેર એક્ટની કલમ 105 મુજબ, કોર્ટે મેડિકલ બોર્ડને કેસ ત્યારે જ મોકલવાનો હોય છે જ્યારે સામે પક્ષ દ્વારા માનસિક બીમારીના પુરાવાને પડકારવામાં આવે. આ કેસમાં અરજદારે યોગ્ય સમયે કોઈ વાંધો ન ઉઠાવ્યો હોવાથી, હવે અપીલના તબક્કે આ દલીલ કરવી એ માત્ર પાછળથી વિચારાયેલ યુક્તિ છે.

અરજદારે અગાઉ પણ અપીલ કોર્ટમાં આવી જ દલીલો સાથે સેશન્સ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી અરજી કરી હતી, જે ફગાવી દેવામાં આવી હતી અને તે આદેશ આખરી બની ચૂક્યો હતો. તેથી ફરીથી એ જ ગ્રાઉન્ડ હેઠળ નવી અરજી કરવી યોગ્ય નથી.

## આહવા પોલીસને મોટી સફળતા: અઢી મહિનાથી નાસતા બળાત્કાર અને પોક્સો ગુનાના આરોપીને કલમખેત ગામમાંથી ઝડપાયો

ડાંગ | ડાંગ જિલ્લાનાં આહવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા અઢી મહિનાથી અપહરણ, બળાત્કાર અને પોક્સો (POCSO) જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં આહવા પોલીસને મોટી સફળતા મળી છે.ઘટનાની વિગત મુજબ, ગત તારીખ ૦૩/૦૪/૨૦૨૫ ના રોજ આહવા તાલુકાના ગઢદ ગામના રહીશ ભગીરાવભાઈ ગુલાબભાઈ પવારની સગીર વયની દીકરીનું કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરીને લઈ ગયો હતો. આ અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ ૧૩૭(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગંભીર ગુનાની સંવેદનશીલતાને ધ્યાને રાખીને સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ તથા ડાંગ-આહવાના પોલીસ અધીક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધીક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે.બારીયા દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી.અપહરણ થયેલી સગીરાને શોધી કાઢવા અને આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે હ્યુમન સોર્સીસ તેમજ ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. આરોપી સતત પોતાના લોકેશન બદલીને પોલીસને થાપ આપવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ ચોક્કસ બાતમી અને ટેકનિકલ મદદના આધારે આહવા પોલીસે આરોપી તુષારભાઈ ઉર્ફે ટીકુ સુરેશભાઈ પવાર (ઉંમર વર્ષ ૨૧, રહે. ગઢવી ગામ, તા. આહવા, જિ. ડાંગ) ને કલમખેત ગામમાંથી દબોચી લીધો હતો.

## ઉર્જા રાજ્યમંત્રી અને જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જૂનાગઢ શહેરના વિકાસ કામોની સમીક્ષા કરી.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯. જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રી તથા રાજ્યના ઊર્જામંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાની અધ્યક્ષતામાં આજે કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના વિવિધ વિકાસકાર્યો અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં હાથ ધરાયેલા તેમજ પ્રગતિ હેઠળના વિવિધ પ્રોજેક્ટો, રોડ-રસ્તા, ગટર, પ્રવાસન અને અન્ય જનસુવિધાના કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. નરસિંહ વિદ્યામંદિર, પીએચસી ખામધ્રોલ, યોગ સ્ટુડિયો, જીમ, દોલતપરા ખાતે નવા ફાયર સ્ટેશન, મધુરમ હોકર્સ ઝોન, ગાંધીગ્રામ સેન્ટર હોમ સહિત શહેરના વિવિધ પ્રોજેક્ટોની કામગીરી અંગે અધિકારીઓ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો.

## બનાસકાંઠા પ્રભારી મંત્રી શ્રી કમલેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રગતિપથ યાત્રાનું આયોજન કરાયું

પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર, બનાસકાંઠા દ્વારા તા. ૧૮ અને ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ "પ્રગતિપથ યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાનો મુખ્ય હેતુ બનાસકાંઠા જિલ્લામાં વિકાસ, શિક્ષણ, કૃષિ, પશુપાલન, પર્યાવરણ, રમતગમત અને જાહેર સુવિધાઓના ક્ષેત્રે સર્જાયેલા પ્રગતિના વિવિધ આયામોને જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને નાગરિકો સમક્ષ રજૂ કરવાનો છે.બનાસકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર સહિત વિવિધ મહાનુભાવો અને વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ સાથે અંબાજી મંદિર ખાતેથી આ પ્રગતિપથ યાત્રાનો પ્રારંભ થયો હતો. મંત્રીશ્રી અને મહાનુભાવોએ અંબાજી સ્થિત સાપ્તિ, જીએમડીસી કોપર પ્રોજેક્ટ, ભૂખલા ખાતે બનાસ સુઝુકી બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રી અને મહાનુભાવોએ જગાણા સ્થિત પી. એમ.શ્રી એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, બાલારામ ખાતે ઈકો-ટુરિઝમ અને નેચર એજ્યુકેશન સાઈટ, પાલનપુર સ્થિત બનાસ ડેરી સહિતના વિવિધ વિકાસના મહત્વપૂર્ણ કેન્દ્રોની મુલાકાત લીધી હતી.

## પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નાગરિકોને જોડાવા અનુરોધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯ જૂનાગઢમાં ૨૧ જૂને ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની બીલખા રોડ પરની રાષ્ટ્રવીર છેલભાઈ દવે પોલીસ તાલીમ મહાવિદ્યાલય ખાતે ઉજવણી કરવામાં આવશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નાગરિકોને જોડાવવા પણ અપીલ કરવામાં આવી છે. ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ Yoga for Healthy Ageing થીમ પર ઉજવણી કરવામાં આવશે. પોલીસ તાલીમ મહાવિદ્યાલય ખાતે સવારે ૬ કલાકેથી યોગાભ્યાસનો પ્રારંભ થશે. આધુનિક જીવનશૈલીમાં સંતુલન લાવવા અને સ્વસ્થ જીવન માટે લોકોને યોગ અપનાવવા પ્રેરિત કરવામાં આવશે.

## બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું જાહેરનામું

પાલનપુર | જૂન-૨૦૨૬ના માસમાં આવતા તહેવારોને લઈને બનાસકાંઠા જિલ્લામાં શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી વહીવટી તંત્ર વિવિધ સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી મિહિર પટેલ (IAS) દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ સમગ્ર જિલ્લામાં હથિયારબંધી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અન્વયે આગામી તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન સમગ્ર બનાસકાંઠા જિલ્લાની હકુમત હેઠળના વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓ પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામા અનુસાર જિલ્લામાં કોઈપણ વ્યક્તિએ શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂક, ખંજર કે અઢી ઈંચથી વધારે લાંબુ અને અણીવાળું પાનું ધરાવતા રામપુરી બનાવટના ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવી અન્ય ચીજો સાથે રાખીને ફરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત પથ્થરો અથવા અન્ય ફેંકી શકાય તેવા શસ્ત્રો-સાધનો એકઠા કરવા, શરીરને હાનિકારક હોય તેવા સ્ફોટક પદાર્થો લઈ જવા, સરઘસ સાથે સળગતી મશાલ રાખવી, તેમજ સુરૂચિ અને નીતિનો ભંગ થાય કે રાજ્યની સલામતી જોખમાય તેવા છટાદાર ભાષણો આપવા, ચાળા પાડવા, નકલો કરવી કે ચિત્રો-નિશાનીઓ પ્રદર્શિત કરવા પર મનાઈ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ગોંડલની મસાલા ફેક્ટરીમાં દરોડા, 1.11 કરોડનો જથ્થો જપ્ત

(એજન્સી) ગોંડલ । તા. 19

રાજ્યમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત રાજકોટના ગોંડલમાં એક મોટી સફળતા મળી છે. ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ તંત્રની ટીમે ગોંડલના ભીમવાડી વિસ્તારમાં આવેલી 'મે. સત્યમ મસાલા'ની ફેક્ટરી પર સઘન દરોડા પાડ્યા હતા. આ તપાસમાં રૂ.૧.૧૧ કરોડથી વધુ કિંમતનો અંદાજે ૩૫,૫૨૭ કિલોગ્રામ શંકાસ્પદ મસાલાનો જથ્થો મળી આવતા ખળભળાટ મચી ગયો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે ફેક્ટરીમાં કરેલી તપાસ દરમિયાન મસાલાના ચાર પ્રકારના શંકાસ્પદ નમૂનાઓ લીધા હતા. તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ:

ધાણા અને કોર્ન પાઉડર: આ મિશ્રણમાંથી રૂ. ૮,૨૨,૬૨૦ની કિંમતનો ૬,૭૬૬ કિલોગ્રામ શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

મરચું અને હળદર પાઉડર: આ સૌથી મોટો જથ્થો હતો, જેમાં રૂ. ૧,૦૨,૮૧,૫૮૫ની કિંમતનો ૨૮,૬૭૧ કિલોગ્રામ શંકાસ્પદ પાઉડર સીઝ કરવામાં આવ્યો છે.

આમ, કુલ મળીને ૩૫,૫૨૭ કિલોગ્રામ શંકાસ્પદ સામગ્રી તંત્રના કબ્જામાં આવી છે.



### લેબોરેટરી તપાસ અને કાયદેસરની કાર્યવાહી

તંત્ર દ્વારા જપ્ત કરાયેલા આ તમામ નમૂનાઓને તાત્કાલિક ધોરણે માન્ય સરકારી પ્રયોગશાળામાં ગુણવત્તા ચકાસણી માટે મોકલી દેવામાં આવ્યા છે. લેબોરેટરીમાંથી આવનારા રિપોર્ટ બાદ ભેળસેળની ગંભીરતા સ્પષ્ટ થશે. જો રિપોર્ટ નેગેટિવ આવશે, તો 'ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ' હેઠળ સંબંધિત પેઢી સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### આરોગ્ય સાથે ચેડાં સામે તંત્રની લાલ આંખ

અવારનવાર રાજ્યભરમાંથી ઘી, ચીઝ અને અન્ય દૈનિક વપરાશની વસ્તુઓમાં ભેળસેળના કિસ્સાઓ સામે આવતા રહે છે, ત્યારે મસાલા જેવી અત્યંત મહત્વની વસ્તુમાં આટલા મોટા પાયે ભેળસેળનો પર્દાફાશ થવો તે લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ સૂચવે છે. તંત્રના આ દરોડાને પગલે અન્ય મસાલા ઉત્પાદકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

તંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવી પ્રવૃત્તિઓ ચલાવનારા સામે આગામી દિવસોમાં પણ કડક તપાસ ચાલુ રહેશે. ફેક્ટરી સંચાલકો દ્વારા કરવામાં આવેલી આ ગેરરીતિ અંગે હવે ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવશે અને આ માલ ક્યાં સપ્લાય થવાનો હતો, તેની કડીઓ મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ગોંડલના નાગરિકો અને ગ્રાહકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. તહેવારો અને લગ્નની સીઝન નજીક હોય ત્યારે મસાલાના ઉપયોગમાં વધારો થતો હોય છે, ત્યારે આ પ્રકારની ભેળસેળ સામાન્ય માનવીના સ્વાસ્થ્ય સાથે સીધો ખેલ છે. તંત્રની આ કાર્યવાહીને આવકારી નાગરિકોએ માગણી કરી છે કે દોષિતો સામે કડક શિક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ.

મસાલા જેવા પાયાના ખાદ્ય પદાર્થોમાં આટલી મોટા પાયે ભેળસેળને તમે કેવી રીતે જુઓ છો, શું તંત્રની કામગીરીમાં વધુ પારદર્શિતાની જરૂર છે?

## સોમા તળાવમાં ખાડાના કારણે રહીશોમાં રોષ, વૈષ્ણવ પાર્ક સોસા.માં 15 દિવસથી ખાડો ખુલ્લો



વડોદરા | શહેરના સોમા તળાવ નજીક આવેલી વૈષ્ણવ પાર્ક સોસાયટીના રહીશો હાલમાં કોર્પોરેશનની કથિત બેદરકારીને કારણે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પીવાના પાણીની લાઈનના સમારકામ માટે ખોદવામાં આવેલો વિશાળ ખાડો છેલ્લા ૧૫ દિવસથી અધૂરો છોડી દેવામાં આવતા સ્થાનિકોએ તંત્ર વિરુદ્ધ હોબાળો મચાવ્યો હતો. સોસાયટીમાં પીવાના પાણીની લાઈનમાં ગટરનું પાણી ભળવાની ગંભીર ફરિયાદ ઉઠી હતી. આ સમસ્યાના ઉકેલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું અને પાણીની લાઈનનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. સમારકામ બાદ સોસાયટીના આગળના ભાગમાં પાણીની સમસ્યામાં રાહત મળી છે, પરંતુ પાછળના ભાગની ચાર લાઈનોમાં હજુ પણ દૂષિત પાણીની સમસ્યા યથાવત છે. જે રહીશો માટે રોગચાળાનો ભય ઊભો કરી રહી છે. સ્થાનિકોએ એકત્ર થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કોર્પોરેશનના સત્તાધીશોને તાત્કાલિક અસરથી આ ખાડો પૂરી દેવા તેમજ સોસાયટીના બાકીના ભાગોમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા લેખિત અને મૌખિક રજૂઆત કરી છે.

## પોર બળિયાદેવ મંદિરે સુરક્ષા દીવાલનું જોખમ, એક વર્ષથી સમારકામની રાહ જોતું તંત્ર

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરા તાલુકાના પોર ખાતે આવેલા પવિત્ર યાત્રાધામ શ્રી બળિયાદેવ મંદિરમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા જોખમમાં મુકાઈ છે. મંદિરની પરિક્રમાની સુરક્ષા દીવાલ તૂટી ગયાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, તંત્ર દ્વારા રિપેરિંગની કોઈ કામગીરી કરવામાં આવી નથી. ચોમાસાની શરૂઆત થતાની સાથે જ અહીં મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.




મળતી માહિતી મુજબ, ગામમાં પાણીની ટાંકી બનાવવા માટે પાયો ખોદવાની કામગીરી દરમિયાન બળિયાદેવ મંદિરની પરિક્રમાની સુરક્ષા દીવાલને નુકસાન થયું હતું. અંદાજે ૫.૬૦ કરોડના ખર્ચે શરૂ થયેલા મંદિરના વિકાસકાર્યો એક તરફ ચાલી રહ્યા છે, પરંતુ આ સુરક્ષા દીવાલની થયેલી અવગણના સમગ્ર વિકાસકાર્ય પર પાણી ફેરવી શકે તેવી સ્થિતિ છે. ખાસ કરીને મંદિરની દક્ષિણ બાજુની દીવાલ અત્યંત નબળી પડી ગઈ છે, જે વરસાદી પૂરના પાણીમાં ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે.

પોર ગામમાં દર વર્ષે ચોમાસા દરમિયાન ત્રણથી ચાર વખત પૂર જેવી સ્થિતિ સર્જાય છે. જ્યારે પૂર આવે છે ત્યારે પાણી સીધા મંદિરની તૂટેલી દીવાલ સુધી પહોંચી જાય છે, જેનાથી દીવાલના પાયા ધોવાઈ રહ્યા છે. સ્થાનિકો અને મંદિર ટ્રસ્ટીઓ દ્વારા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં, વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. ભક્તો અને સ્થાનિક રહીશોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## પાનમ યોજનાની ચુકવણી મુદ્દે વિવાદ વધ્યો, કોર્પોરેશનના બજેટ પર વિપરીત અસર

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં પાનમ યોજના અંતર્ગત સિંચાઈ વિભાગને રૂ. ૧૦૩૯.૫૪ કરોડની જંગી રકમ ચૂકવવાના મુદ્દે વિવાદ સર્જાયો છે. આ દરખાસ્ત સામે કોંગ્રેસના વોર્ડ નં. ૧૫ના કાઉન્સિલરે વાંધો ઉઠાવીને તેને મુલતવી રાખવા માટે સ્થાયી સમિતિના અધ્યક્ષને ગંભીર રજૂઆત કરી છે.



રજૂઆતમાં જણાવાયું છે કે વડોદરા કોર્પોરેશને પાનમ યોજનામાં ભાગીદારી પેટે અત્યાર સુધીમાં ૧૬૨૮.૧૪ લાખની ચૂકવણી કરી છે. વર્ષ ૧૯૯૮માં રાજ્ય સરકારે એકતરફી નિર્ણય લઈને કોર્પોરેશનને ભાગીદારીમાંથી દૂર કરી હોવા છતાં, હવે વર્ષો બાદ વ્યાજ સાથેનું તોતિંગ બિલ ફટકારવામાં આવ્યું છે. આ રકમ ૧૨ મહિનાના ગાળામાં ચૂકવવાની છે, જેમાં પ્રથમ હપ્તા તરીકે ૨૦૦ કરોડ અને ત્યારબાદ દર મહિને ૫ કરોડની ચૂકવણી કરવાની શરત છે. કોર્પોરેશને આ મામલે સમયસર કાયદાકીય કાર્યવાહી ન કરી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. કોર્પોરેશનની વર્તમાન આર્થિક સ્થિતિને જોતા આટલું મોટું નાણાકીય ભારણ ઉઠાવવું અત્યંત મુશ્કેલ છે. આ રકમની ચૂકવણીની સીધી અસર શહેરના વિકાસકામો પર પડશે. આ ઉપરાંત કર્મચારીઓના પગાર, કોન્ટ્રાક્ટરોના પેમેન્ટ અને લોકકલ્યાણના કામો પણ ઠપ થઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. વિરોધ પક્ષે માંગ કરી છે કે, આ ચૂકવણીથી વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ પર શું અસર પડશે તેની વિગતવાર આંકડાકીય માહિતી તૈયાર કરવામાં આવે અને તેને સામાન્ય સભામાં તમામ સભાસદો સમક્ષ રજૂ કરવામાં આવે.

## સુરતમાં પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા પોકળ, મજુરા ગેટ પાસે ખુલ્લી ગટર જોખમી

(એજન્સી) સુરત । તા. 19

આગામી દિવસોમાં ચોમાસાનું આગમન થનારું છે, ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં પ્રિ-મોન્સૂન કામગીરી પૂર્ણ હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, પાલિકાના આ દાવાઓની પોલ મજુરા ગેટ વિસ્તારમાં ખુલ્લી પડી છે. મજુરા ગેટથી મજુરા ફાયર સ્ટેશન તરફ જતા મુખ્ય માર્ગ પર આઈટીઆઈ કોલેજની સામે જ છેલ્લા દસ દિવસથી ગટરનું ઢાંકણ તૂટેલી અને કોહવાયેલી હાલતમાં ખુલ્લું પડ્યું છે, જે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કરી રહ્યું છે.



સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ માર્ગ અત્યંત વ્યસ્ત છે અને દિવસભર અહીં હજારો વાહનો તથા રાહદારીઓની અવરજવર રહે છે. આટલા વ્યસ્ત માર્ગ પર ખુલ્લું ગટર અકસ્માતને સીધું આમંત્રણ આપી રહ્યું હોવા છતાં, પાલિકાના જવાબદાર અધિકારીઓનું ધ્યાન હજુ સુધી આ સમસ્યા પર પડ્યું નથી. દસ દિવસથી ગટર ખુલ્લી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી ન થતા સ્થાનિકોમાં પાલિકા પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વરસાદના દિવસોમાં જ્યારે માર્ગો પર પાણી ભરાય છે, ત્યારે આવા ખુલ્લા ખાડાઓ અદ્રશ્ય થઈ જાય છે અને તે જીવલેણ સાબિત થઈ શકે છે. સ્થાનિક રહીશોએ ચેતવણી આપી છે કે, જો ચોમાસું શરૂ થાય તે પહેલાં આ ગટરનું ઢાંકણ યોગ્ય રીતે રીપેર કરી સુરક્ષિત બનાવવામાં નહીં આવે, તો કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. આ સંજોગોમાં જો કોઈ અકસ્માત સર્જાય તો તેની જવાબદારી કોના માથે રહેશે તેવો પ્રશ્ન પણ ઉઠી રહ્યો છે. નાગરિકોએ વહેલી તકે તંત્રને આ જોખમ દૂર કરવાની અને શહેરની ડ્રેનેજ વ્યવસ્થાનું યોગ્ય નિરીક્ષણ કરવાની માંગ કરી છે.

## વડોદરામાં તાજીયા ઠંડા કરવાની નવી પરંપરાનો આરંભ, તાંદળજામાં કૃત્રિમ તળાવનું નિર્માણ



વડોદરા | પવિત્ર મોહરમ માસની શરૂઆત સાથે વડોદરામાં શ્રદ્ધા અને આસ્થાનું વાતાવરણ છવાઈ ગયું છે. આ વર્ષે પરંપરામાં એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. વર્ષોથી ફતેપુરા સ્થિત સરસિયા તળાવ ખાતે તાજીયા ઠંડા કરવાની જે પરંપરા ચાલી આવતી હતી, તેમાં આ વર્ષે વહીવટી તંત્ર દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે. તાંદળજા વિસ્તારમાં ૨૬ જેટલા તાજીયાને ઠંડા કરવા માટે કોર્પોરેશન દ્વારા ખાસ કૃત્રિમ તળાવ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં આ નિર્ણયને લઈને સ્થાનિક મુસ્લિમ સમાજમાં રોષની લાગણી જોવા મળી હતી. સમાજના આગેવાનોએ એવી રજૂઆત કરી હતી કે પરંપરા મુજબ આ વર્ષે પણ સરસિયા તળાવ ખાતે જ તાજીયા ઠંડા કરવાની મંજૂરી આપવામાં આવે અને કૃત્રિમ તળાવની વ્યવસ્થા આવતા વર્ષથી શરૂ કરવામાં આવે. જોકે, પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા સતત બેઠકો યોજીને પરિસ્થિતિની ગંભીરતા અને સુવિધા અંગે સમજાવટ કરવામાં આવી હતી. અંતે, પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના નિર્ણયને માન આપીને મુસ્લિમ સમાજના આગેવાનોએ નવી પરંપરાને સ્વીકારી છે અને સહમતી દર્શાવી છે.

### તાંદળજા, શુક્રવારી અને વીઆઈપી રોડ પર કાર્યવાહી

## વડોદરામાં દબાણ હટાવ ઝુંબેશ: અનેક દુકાનો અને ઓરડી તોડી પડાઈ



(એજન્સી) વડોદરા । તા. 19

શહેરના વિવિધ વિસ્તારોમાં વધતા જતા ગેરકાયદે દબાણો સામે વડોદરા મહાનગરપાલિકા અને વહીવટી તંત્રએ આક્રમક વલણ અપનાવ્યું છે. મામલતદાર પશ્ચિમની આગેવાની હેઠળ તાંદળજા વિસ્તારમાં કરવામાં આવેલી મોટી કાર્યવાહીમાં ત્રણ દુકાનોના દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરીમાં પાલિકાની દબાણ શાખાની ટીમે પણ સક્રિય સહયોગ આપ્યો હતો. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે જેપી રોડ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

બીજી તરફ, વડોદરાના શુક્રવારી બજારમાં પણ તંત્ર દ્વારા સફાયો કરવામાં આવ્યો હતો. અહીં વર્ષોથી જમાયેલા ગેરકાયદે પથારા અને લારી-ગલ્લા સામે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તંત્રએ સ્પષ્ટ સૂચના આપી છે કે વેપારીઓએ હવે ગરનાળા પોલીસ ચોકીથી બાળ રિમાન્ડ હોમ સુધીના નિર્ધારિત વિસ્તારમાં જ વેપાર કરવો. અધિકારીઓના જણાવ્યા મુજબ, બાળ રિમાન્ડ હોમથી કારેલીબાગ પાણીની ટાંકી સુધીના માર્ગને દબાણમુક્ત રાખવા માટે હવે દબાણ શાખા અને વોર્ડ સ્ટાફ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવશે, જેથી ફરીથી દબાણ ન થાય.

### ન્યુ વીઆઈપી રોડ પર ઓરડીનું બાંધકામ તોડી પડાયું

શહેરના વોર્ડ નંબર-૪માં પણ તંત્રનું બુલડોઝર ફર્યું હતું. ન્યુ વીઆઈપી રોડ પર આવેલી ગોપાલ કૃષ્ણ સોસાયટીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું. અહીં ૧૦ ફૂટ જેટલી એક ઓરડીનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન વોર્ડ નંબર-૪ની ટીમ, દબાણ શાખા તેમજ ટાઉન પ્લાનિંગ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા.

### તંત્રની સતર્કતા: ભવિષ્યમાં પણ કાર્યવાહી ચાલુ રહેશે

તંત્રના આ આક્રમક પગલાંથી દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. અધિકારીઓએ જણાવ્યું છે કે શહેરના મુખ્ય માર્ગો અને ટ્રાફિક સમસ્યા વાળા વિસ્તારોને પ્રાથમિકતાના ધોરણે દબાણમુક્ત બનાવવામાં આવશે. નાગરિકોની સુવિધા અને ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આ પ્રકારની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. પાલિકા દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે જાહેર રસ્તાઓ કે સરકારી જમીન પર કોઈ પણ પ્રકારનું દબાણ કરવું નહીં, અન્યથા કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

શહેરના લોકોએ તંત્રની આ કામગીરીને આવકારી છે, કારણ કે દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યામાં વધારો થતો હતો. હવે જોવાનું એ રહે છે કે તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરી કેટલી લાંબો સમય ટકી રહે છે અને ફરી દબાણ ન થાય તે માટે તંત્ર કેટલી કડકાઈ દાખવે છે.

### ટ્રકમાંથી 8 લાખનો દારૂ જપ્ત, 47 લાખના મુદ્દામાલ સાથે 3 રાજસ્થાની શખ્સોની ધરપકડ

# વડોદરામાં દારૂનું મસમોટું નેટવર્ક પકડાયું

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરા નજીક આવેલા હાઈવે પર પોલીસને મોટી સફળતા મળી છે. છાણી પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન એક ટ્રકમાંથી ગેલ્વેનાઈઝની પાઈપોની આડમાં સંતાડીને લાવવામાં આવેલો અંદાજે રૂ. ૮ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે ટ્રક, પાઈપ અને દારૂ મળીને કુલ રૂ. ૪૭ લાખથી વધુની મતા કબજે કરી છે.

છાણી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને દુમાડથી દશરથ તરફ જઈ રહેલા એક ટ્રકમાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ચેકિંગ હાથ ધર્યું હતું. ટ્રકની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે ગેલ્વેનાઈઝની પાઈપોની નીચે દારૂની પેટીઓ ખૂબ જ ચતુરાઈથી છુપાવવામાં આવી હતી. તપાસમાં કુલ ૪,૨૦૨ દારૂની બોટલો મળી આવી હતી.

પોલીસે ઘટનાસ્થળેથી નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:

વિદેશી દારૂ: રૂ. ૮ લાખની કિંમતની ૪,૨૦૨ બોટલ.

ગેલ્વેનાઈઝ પાઈપ: રૂ. ૨૪ લાખની કિંમતનો જથ્થો.



ટ્રક અને મોબાઈલ: ત્રણ મોબાઈલ અને ટ્રક સહિત અન્ય સામાન.

કુલ કિંમત: આશરે રૂ. ૪૭ લાખ.

### ધરપકડ અને તપાસનો દોર

પોલીસે ઘટનાસ્થળેથી ટ્રકમાં સવાર ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં રાજેન્દ્રસિંહ પૂનમસિંહ રાવત, ગોપાલસિંહ ડુંગરસિંહ રાવત અને હરદેવસિંહ લક્ષ્મણસિંહ રાવતનો સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપીઓ મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના સાંગાવાસ ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

આ પ્રકરણમાં કામલીઘાટ ગામે રહેતા 'સંતુ' નામના એક વ્યક્તિને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આ આખું નેટવર્ક કેટલા સમયથી કાર્યરત હતું અને તેમાં અન્ય કોણ સંડોવાયેલું છે, તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

વડોદરામાં વધતી જતી દારૂની હેરાફેરી સામે પોલીસની આ કાર્યવાહી એક ચેતવણી સમાન છે. હાઈવે પર સક્રિય રહેતા આવા દાણચોરોને પકડવા માટે હવે પોલીસ દ્વારા સર્વેલન્સ વધારવામાં આવ્યું છે.

### આત્મહત્યાનું નાટક રચનાર પ્રેમીની ધરપકડ

## જસદણના કોઠી ગામે પરિણીતાની હત્યાનો પર્દાફાશ

(એજન્સી) જસદણ । તા. 19

રાજકોટના જસદણ નજીકના કોઠી ગામે તાજેતરમાં બનેલી એક પરિણીતાની આત્મહત્યાની ઘટના આખરે હત્યા હોવાનું સામે આવ્યું છે. ૨૩ વર્ષીય કાજલ યોગેશભાઈ સાપરા નામની પરિણીતાની લાશ કેળાના ઝાડ સાથે લટકતી મળી આવી હતી. પોલીસની ઊંડાણપૂર્વકની તપાસ અને ટેકનિકલ સર્વેલન્સ બાદ ખુલાસો થયો છે કે તેના જ પ્રેમી અશોક રણછોડ સાપરાએ ઠંડે કલેજે તેની હત્યા કરીને લાશને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, કાજલ રાત્રે પોતાના પતિને ઊંઘતો મૂકીને પ્રેમી અશોકને મળવા ગઈ હતી. દરમિયાનમાં તેનો પતિ જાગી જતાં પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા. આ વાતની જાણ થતા ગભરાયેલી કાજલે અશોક પાસે જઈને પોતાની સાથે લઈ જવાની જીદ કરી હતી. આ બાબતે બંને વચ્ચે તીવ્ર ઝઘડો થયો અને કાજલે બૂમાબૂમ શરૂ કરી હતી. કાજલનો અવાજ દબાવવા પ્રેમી અશોકે તેના મોઢામાં કાગળનો ડૂચો ભરાવી દીધો અને બાદમાં તેનું ગળું દબાવી નિર્મમ હત્યા કરી નાખી હતી.

હત્યા બાદ અશોકે સાક્ષ્યો નષ્ટ કરવા માટે કાજલના મોબાઈલના ટુકડા કરી નાખ્યા હતા અને લાશને ખભા પર નાખીને ૫૦ મીટર દૂર આવેલા એક અવાવરૂ મકાન પાસેના કેળાના ઝાડ પર લટકાવી દીધી હતી. તેણે આ બનાવને આત્મહત્યાનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કર્યો હતો જેથી પોલીસ ગેરમાર્ગે દોરાય. એટલું જ નહીં, વહેલી સવારે કાજલના મોબાઈલમાંથી તેના પતિને ખોટો મેસેજ પણ મોકલાવ્યો હતો જેથી પરિવારજનો ઘરની બહાર દોડી જાય અને તપાસમાં મોડું થાય.

સરપંચની જાણ બાદ જસદણ પોલીસ અને એલસીબીની ટીમે તપાસ હાથ ધરી હતી. એએસપી નવીન ચક્રવર્તીના માર્ગદર્શન હેઠળ પોલીસે કોલ ડિટેઈલ્સ અને હ્યુમન સોર્સિસની મદદ લીધી હતી.

### નવાપુરામાં પાણી ભરાવાની સમસ્યા

## નવાપુરામાં જળબંબાકાર: રસ્તાના ઊંચા લેવલથી લોકો ત્રસ્ત

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરા શહેરમાં ચોમાસાના આગમન સાથે જ અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ સામે આવવા લાગી છે. વોર્ડ નંબર ૧૩માં આવેલી નવાપુરા પોલીસ સ્ટેશન નજીકની સર્વોદય સોસાયટીના રહીશો માટે વરસાદ આફત સમાન સાબિત થઈ રહ્યો છે. માત્ર ૧૦ મિનિટના વરસાદમાં જ આ વિસ્તારના રસ્તાઓ પર પાણી ફરી વળતા સ્થાનિકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

સ્થાનિક રહેવાસીઓના મતે, આ સમસ્યા પાછળનું મુખ્ય કારણ તાજેતરમાં કરવામાં આવેલું રોડનું કામ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે રોડનું લેવલ અગાઉ કરતા ઘણું વધારે ઊંચું કરી દેવામાં આવ્યું છે, જેના પરિણામે વરસાદી પાણીનો કુદરતી નિકાલ થઈ શકતો નથી. પાણીના નિકાલ માટેની વ્યવસ્થા ખોરવાઈ જવાથી રસ્તાઓ અને સોસાયટીના આંગણા પાણીથી ભરાઈ જાય છે.



રસ્તાના ઊંચા લેવલ ઉપરાંત, વરસાદી પાણીની ચેમ્બર અને ગટર લાઈનોમાં કચરો જમા થઈ જવાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. યોગ્ય સફાઈના અભાવે પાણીનો પ્રવાહ અવરોધાય છે, જે આ વિસ્તાર માટે મોટી માથાકૂપ બની ગયો છે. સોસાયટીમાં વસતા લોકો માટે અવરજવર કરવી પણ મુશ્કેલ બની ગઈ છે, જેથી સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર સમસ્યાને લઈને સોસાયટીના રહેવાસીઓએ વિસ્તારના ભાજપના કાઉન્સિલર શૈલેન્દ્રસિંહ ઠાકોર (શૈલુ)ને સઘન રજૂઆત કરી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો.

**વૃષભ : બ. વ. ઉ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**કર્ક : ડ. હ.**

તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**સિંહ : મ. ટ.**

નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.

**તુલા : ર. ત.**

તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો- તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**મકર : ખ. જ.**

દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

---

**આરોગ્ય મંત્રીની સૂચનાથી કમિટીની બેઠક મળી હતી**

# ભાવનગર મેડિકલ કોલેજ રેગિંગ કેસમાં 6 દોષિત વિદ્યાર્થી સસ્પેન્ડ, હોસ્ટેલમાંથી પણ હકાલપટ્ટી

(એજન્સી) ભાવનગર | તા.16



ભાવનગર સ્થિત સરકારી મેડિકલ કોલેજમાં જુનિયર વિદ્યાર્થીઓ સાથે થયેલા રેગિંગના બનાવને રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગે અત્યંત ગંભીરતાથી નોંધ લીધો છે. રેગિંગના મામલે સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ એન્ટી-રેગિંગ કમિટીએ મોટી કાર્યવાહી કરી છે. કોલેજમાં ઓર્થોપેડિક વિભાગના 6 સીનિયર વિદ્યાર્થીઓને દોષિત જાહેર કરી 1થી 2 વર્ષ સુધી કોલેજમાંથી તાત્કાલિક અસરથી બરતરફ (સસ્પેન્ડ) કરી દેવામાં આવ્યા છે, જ્યારે હોસ્ટેલમાંથી પણ હાંકી કાઢવાના કડક આદેશ આપ્યો છે.મળતી માહિતી અનુસાર, ભાવનગર મેડિકલ કોલેજના ઓર્થોપેડિક વિભાગમાં રેગિંગની ફરિયાદ સામે આવ્યા બાદ આરોગ્ય મંત્રીની સીધી સૂચનાથી કોલેજની એન્ટી-રેગિંગ કમિટીની એક હાઈલેવલ બેઠક યોજાઈ હતી. આ તપાસ દરમિયાન ઓર્થોપેડિક વિભાગના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ ઉપરાંત સંબંધિત ફેકલ્ટી સભ્યો તથા સપોર્ટ સ્ટાફને રૂબરૂ બોલાવીને તેમના વિસ્તૃત લેખિત નિવેદનો લેવામાં આવ્યા હતા. ઉપલબ્ધ તમામ દસ્તાવેજી પુરાવાઓ અને નિવેદનોની સમીક્ષા બાદ વિદ્યાર્થીઓ દોષિત સાબિત થયા હતા.એન્ટી-રેગિંગ કમિટીના આદેશ અનુસાર, સમગ્ર ઘટનામાં દોષિત ઠરેલા તમામ વિદ્યાર્થીઓને સજાના સમયગાળા દરમિયાન હોસ્ટેલમાંથી તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓને 19મી જૂનની સાંજ સુધીમાં જ પોતાના હોસ્ટેલના રૂમ ખાલી કરી કોલેજ તંત્રને સત્તાવાર જાણ કરવા માટે આખરી અલ્ટીમેટમ અપાયું હતું. સજાના ગાળા દરમિયાન આ વિદ્યાર્થીઓ કોલેજની કોઈપણ પ્રકારની શૈક્ષણિક, ક્લિનિકલ, સંશોધન (રિસર્ચ) કે અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહીં.1 વિદ્યાર્થીને 2 વર્ષ માટે કોલેજમાંથી બરતરફ, 3 વિદ્યાર્થીઓને 1 વર્ષ માટે કોલેજમાંથી બરતરફ અને 2 વિદ્યાર્થીઓને 6 મહિના માટે કોલેજમાંથી તાત્કાલિક બરતરફ અસરથી બરતરફ કરાયા છે.રાજ્યના આરોગ્ય વિભાગે આ કડક પગલાં દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, રાજ્યની કોઈપણ મેડિકલ કોલેજમાં રેગિંગ જેવી અસામાજિક, અમાનવીય અને અશિસ્તપૂર્ણ પ્રવૃત્તિને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. આવા કૃત્યો સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાનૂની અને વહીવટી કાર્યવાહી કરવામાં આવશે.આરોગ્ય વિભાગ અને કોલેજ પ્રશાસને વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે, જો કોઈ પણ વિદ્યાર્થીને રેગિંગ, માનસિક ત્રાસ, દબાણ, ધમકી કે અન્ય કોઈપણ પ્રકારના અમાનવીય વર્તનનો સામનો કરવો પડે, તો તેમણે બિલકુલ ડર્યા વગર તાત્કાલિક પોતાની કોલેજની એન્ટી-રેગિંગ કમિટી, કોલેજ તંત્ર અથવા સંબંધિત સત્તાધિકારીઓને જાણ કરવી. એન્ટી-રેગિંગ કમિટી દરેક વિદ્યાર્થીની સુરક્ષા, ગુપ્તતા અને ન્યાય માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

---

**સામસામે ફરિયાદો નોંધાવાઈ, 10 શખ્સો ઝડપાયા**

## જામનગરના ગોકુલનગર જકાતનાકા પાસે બે જૂથ વચ્ચે ધિંગાણું

(એજન્સી) જામનગર | તા.19

જામનગર શહેરના ગોકુલનગર જકાતનાકા પાસે આવેલી આશાપુરા હોટલ નજીક મોડી રાત્રે બે જૂથો વચ્ચે થયેલી મારામારી અને ધિંગાણાના બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. તપાસ દરમિયાન બંને જૂથો વચ્ચે અથડામણ થઈ હોવાનું સામે આવતા પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદો નોંધી કુલ 10 શખ્સોને ઝડપી પાડ્યા છે.પોલીસ તપાસ મુજબ તા. 17 જૂનના રોજ રાત્રે આશરે 11:30 વાગ્યે ગોકુલનગર જકાતનાકા પાસે મોટરસાયકલ અડી જવાની નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. બાદમાં બંને પક્ષના લોકો એકત્ર થઈ જતાં મામલો ઉગ્ર બન્યો હતો, અને જાહેરમાં મારામારી સર્જાઈ હતી. એક ફરિયાદમાં પરેશ અરવિંદભાઈ ધોકીયાએ નરેશ ડાંગર, રાહુલ ડાંગર, સાગર બેડીયાવદરા, અમિત આંબલીયા, રોહિત સોલંકી અને ચિની કોળી સામે ગેરકાયદેસર મંડળી રચી લાકડાના ધોકાથી હુમલો કરવો, ઈજાઓ પહોંચાડવી, જાનથી મારી નાખવાની ધમકી આપવી તેમજ રોકડ રકમ અને વાહનની ચાવી બળજબરીથી લઈ જવાના આક્ષેપો સાથે ગુનો નોંધાવ્યો છે. જ્યારે સામા પક્ષે નરેશ રાજશીભાઈ ડાંગરે પરેશ ધોકીયા, હસનભાઈ સાતીર, પૃથ્વીરાજસિંહ ક્યોર, મનસુખભાઈ શીંગળ અને હરપાલસિંહ જાડેજા સામે મારામારી, ગાળો આપી હુમલો કરવા અને ઈજાઓ પહોંચાડવાની ફરિયાદ નોંધાવી છે.

---

## જામનગરના પવન ચક્કી વિસ્તારમાં પાલિકાના ધીમી ગતિએ ચાલતા કામથી લોકોમાં રોષ

જામનગર: જામનગર શહેરના પવનચક્કી સર્કલ નજીક મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલા માર્ગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામોની ધીમી ગતિને કારણે વાહનચાલકો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મુખ્ય માર્ગ પર ખોદકામ કરવામાં આવતા રોજિંદા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે.સર્કલની વચ્ચે મોટા ખાડાઓ ખોદવામાં આવ્યા હોવાથી વાહનોની અવરજવર પ્રભાવિત થઈ રહી છે. ખાસ કરીને સવાર અને સાંજના પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામના દ્રશ્યો સામાન્ય બની ગયા છે. પરિણામે લાંબી વાહનોની કતારો લાગી રહી છે અને લોકોને પોતાના ગંતવ્યસ્થાને પહોંચવામાં વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી કામ ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી સમસ્યા વધુ ગંભીર બની છે. ટ્રાફિકના દબાણ વચ્ચે રસ્તા પર સુરક્ષાની સ્થિતિ પણ ચિંતાજનક બની રહી છે. અનેક વખત વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે. રોજિંદા નોકરી-ધંધા માટે નીકળતા લોકો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિકોએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરતાં કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની માંગ ઉઠાવી છે. નાગરિકોનું કહેવું છે કે જો કામ સમયસર પૂર્ણ કરવામાં આવે અને ટ્રાફિક વ્યવસ્થાનું યોગ્ય આયોજન કરવામાં આવે તો લોકોને પડતી મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. હાલ તંત્ર દ્વારા વહેલી તકે કામગીરી પૂર્ણ કરી માર્ગને સંપૂર્ણપણે વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવાની માંગ ઉઠી રહી છે.

---

## ગારિયાધાર-નવાગામ રોડ પર વિદેશી દારૂ ભરેલી કાર સાથે 2 શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર | તા.19

ગારિયાધાર-નવાગામ રોડ પરથી વિદેશી દારૂના જથ્થા સાથે સાવરકુંડલાના બે શખ્સને ઝડપી લઈ દારૂ સહિત કુલ રૂ.૨.૩૭ લાખનો મુદ્દામાલ કબજે લઈ ત્રણ શખ્સ સામે ગુનો નોંધ્યો છે.ારીયાધાર પોલીસ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, નવાગામ તરફથી ગારીયાધાર બાજુ એક ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ ભરેલ (કાર નં. જીજે-૦૨-કેએમ-૦૩૧૦)ની આવે છે. જે બાતમીના આધારે વૉચ ગોઠવી સામેથી આવી રહેલી કારને અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૨૪ બોટલ રૂ.૧૭,૯૨૮ની મળી આવતા પોલીસે કેવલભાઈ ગભરૂભાઈ પાટડીયા (રહે. મોટા જીંજુડા તા.સાવરકુંડલા જિ.અમરેલી), અલ્પેશભાઈ ભુપતભાઈ આદ્રોજા (રહે. મોટા જીંજુડા, તા.સાવરકુંડલા) ને વિદેશી દારૂ કાર મોબાઈલ મળી રૂ.૨,૩૭,૯૨૮ સાથે ઝડપી લઈ પૂછપરછ કરતા આલ્કભાઈ ઉનાવા (રહે, જેસર રોડ, સાવરકુંડલા, જી. અમરેલી) એ દારૂનો જથ્થો આપ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે ત્રણ શખ્સ વિરૂધ્ધ ગારીયાધાર પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**મોટી જાનહાનિ કે નુકસાન સર્જાયું ન હતું**

## જામનગરમાં કાલાવડ નાકા બહાર તુલીપ સોસાયટીમાં ગેસ લીકેજથી આગ : ફાયર બ્રિગેડની સમયસર કામગીરીથી મોટી દુર્ઘટના ટળી



જામનગર : જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલી તુલીપ સોસાયટીમાં રહેતા કાનજીભાઈ નકૂમના રહેણાંક મકાનમાં ગુરુવારે રાત્રે આશરે 9:00 વાગ્યે રસોડામાં ઉપયોગમાં લેવાતા રાંધણ ગેસના સિલિન્ડરમાં લીકેજ થતાં આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતા પરિવારજનો અને આસપાસના રહિશોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સૌપ્રથમ 112 પોલીસ કંટ્રોલની ટીમ સ્થળ પર પહોંચી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયર કર્મચારીઓએ તપાસ કરતાં ગેસ સિલિન્ડર સાથે જોડાયેલી રબરની નળીમાંથી ગેસ લીક થવાના કારણે આગ ભભૂકી હોવાનું જાણવા મળ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે જોખમ વચ્ચે કામગીરી કરીને સળગતા સિલિન્ડરને સલામત રીતે બહાર કાઢ્યો હતો, અને આગ પર કાબૂ મેળવી તેને સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી.

ફાયર બ્રિગેડની સમયસૂચક અને કુશળ કામગીરીના કારણે આગ મકાનના અન્ય ભાગોમાં ફેલાતી અટકી હતી અને કોઈ મોટી જાનહાનિ કે નુકસાન સર્જાયું ન હતું. ઘટનાના પગલે પરિવારજનો અને સ્થાનિક રહિશોએ રાહતનો શ્વાસ લીધો હતો. ફાયર વિભાગે નાગરિકોને ગેસ સિલિન્ડર, રેગ્યુલેટર અને રબરની નળીની સમયાંતરે તપાસ કરાવવાની તેમજ ગેસ લીકેજ જણાય તો તાત્કાલિક તકેદારી રાખવાની અપીલ કરી છે.

---

**પોર્ટલની કામગીરીમાં સતત વિક્ષેપ સર્જાતા પાલિકામાં દ્રશ્યમાન થતી અરજદારોની લાંબી કતારો**

# ધંધુકા નગરપાલિકામાં જન્મ મરણના દાખલા મેળવવામાં લોકોને હાલાકી

(એજન્સી) ધંધુકા | તા.19

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી નવી સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ પોર્ટલની ટેકનિકલ અને વહિવટી ખામીઓના કારણે ધંધુકા નગરપાલિકામાં જન્મ મરણના દાખલા મેળવવા માટે સૌને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. દાખલાના અભાવે શૈક્ષણિક પ્રવેશ પ્રક્રિયા ખોરંભે ચડી ગઈ છે. લ્લા ઘણા મહિનાઓથી પોર્ટલની કામગીરીમાં સતત વિક્ષેપ સર્જાતા ધંધુકા નગરપાલિકામાં અરજદારોની લાંબી કતારો લાગી રહી છે,કર્મચારીઓ પર કામનું અસહ્ય ભારણ વધ્યુ છે. જન્મનો દાખલો નહિ નિકળતો હોવાથી કેટલાક વિદ્યાર્થીઓની એડમિશન પ્રક્રિયા અટકી ગઈ છે. તેનો તાકીદે ઉકેલ લાવવા માટે વહિવટીતંત્ર અને સરકારમાં કોઈ ધારદાર રજુઆત થતી નથી.જેના કારણે નાગરિકો કફોડી હાલતમાં મુકાઈ ગયા છે.હજારો અરજદારોના કામો અટવાઈ રહ્યા છે. આ સમસ્યાનો સૌથી મોટો ભોગ હાલમાં શાળામાં પ્રવેશ લેવા જતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ બની રહ્યા છે. નવા શૈક્ષણિક વર્ષની એડમિશન પ્રક્રિયા ચાલી રહી હોવાથી જન્મનો દાખલો ફરજિયાત હોવા છતાં સમયસર દાખલો ન મળતા અનેક વાલીઓ શાળાઓ અને સરકારી કચેરીઓ વચ્ચે ધક્કા ખાઈ રહ્યા છે.સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો રજુ ન થઈ શકતા કેટલાક વિદ્યાર્થીઓના પ્રવેશ પર પણ પ્રશ્નચિન્હ ઉભુ થયુ હોવાનું જાણવા મળે છે. ધંધુકા પાલિકામાં નોંધણી, સુધારા અને દાખલા, ઈસ્યુ કરવાની કામગીરી એકસાથે શક્ય ન બનતા સમગ્ર પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. જેના કારણે આમ જનતાને કફોડી હાલતમાં મુકવાનો વારો આવ્યો છે. આ શિરદર્દ સમાન સમસ્યાનો યોગ્ય નિકાલ આવે અને લોકોને પાલિકામાં દાખલા મળી રહે તેવી વ્યવસ્થા કરવા માંગ ઉઠવા પામી છે.

---

## પાલિતાણા-સુરત વચ્ચે ટ્રેન શરૂ કરવા રજૂઆત

પાલિતાણા : યાત્રાધામ પાલિતાણાથી સુરત વચ્ચે ડેઈલી ટ્રેન શરૂ કરવાની માંગણી સાથે કેન્દ્રીય મંત્રીને રજૂઆત કરવામાં આવી છે. કોરોના પહેલા પાલિતાણા-ભાવનગર વચ્ચે દિવસમાં ચાર ટ્રેન શરૂ હતી. તે ઘટાડી હાલ બે જ ટ્રેન શરૂ રાખવામાં આવી છે. જેથી પાલિતાણા અને સિહોર તાલુકાના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે અગાઉની જેમ જ ચાર ટ્રેન દોડાવવાની માંગ ઉઠી છે. આ ઉપરાંત પાલિતાણા, ગારિયાધાર અને સિહોરમાંથી દરરોજ હજારો લોકો સુરત જવા ખાનગી ટ્રાવેલ્સ બસોમાં મુસાફરી કરવા મજબૂર હોય, રેલવે તંત્ર દ્વારા પાલિતાણા-સુરત વચ્ચે દરરોજ સીધી ટ્રેન સુવિધા શરૂ કરવા અને ભાવનગર-મુંબઈ વચ્ચે વંદેભારત ટ્રેન શરૂ કરવા જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રીએ ભાવનગરના સાંસદ એવમ્ કેન્દ્રીય મંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે.

---

## યશવંતરાય નાટયગૃહમાં જાદુગર અને તેમના સ્ટાફને માર મારી ધમકી આપી



ભાવનગર - શહેરના યશવંતરાય નાટયગૃહમાં જાદુગર અને તેમના સ્ટાફને સાત શખ્સે માર મારી ધમકી આપ્યા અંગેની પોલીસ ફરિયાદ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. રામભાઈ બચુભાઈ ચુડાસમાએ ઘોઘારોડ પોલીસ મથકમાં મેહબુબ ડેરૈયા, ફીરોઝ ડેરૈયા, તનુ સતારભાઈ ડેરૈયા, સોહિલ ફીરોઝભાઈ સોલંકી યાયા કલાવાતર, ફઝલ મહેબૂબભાઈ ડેરૈયા અને ફયાઝ ફીરોઝભાઈ ડેરૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના નાના જમાઈની દુકાન ઉક્ત મહેબુબભાઈ ડેરૈયા અને તેના ભાઈ ફીરોઝભાઈ ડેરૈયાને વાપરવા આપી હતી. જે થોડાં દિવસ પહેલા તેમના જમાઈએ ખાલી કરાવી તેની દાઝે ગત રાત્રીના યશવંતરાય નાટયગૃહ ખાતે તેમનો જાદુનો શો પુરો થયાં પછી બહાર નિકળતા હતા ત્યારે ઉક્ત લોકોએ તેમને તથા તેમના સ્ટાફને લોખંડના પાઈપ, ધોકા અને છરી વડે માર મારી અપશબ્દો કહી ધમકી આપી હતી. આ અંગે ઘોઘારોડ પોલીસે ગુનો નોંધ્યો છે.

---

**સામસામે ગુનો નોંધાયો**

## ભીલવાડા સર્કલ વિસ્તારમાં પતિ અને પત્નિના અણબનાવ મામલે મારામારી



(એજન્સી) ભાવનગર | તા.19

શહેરમાં ભીલવાડા સર્કલમાં પતિ અને પત્નિના અણબનાવ મામલે માર મારી ધમકી આપ્યા મામલે ગંગાજળિયા પોલીસ મથકમાં પાંચ સામે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બોટાદ પિયર ધરાવતા અને શહેરના ભીલવાડા સર્કલ સુકુન ફ્લેટમાં રહેતા ડોલીબેન ઉર્ફે ફાતિમાબેન સાહિલભાઈ કાસમાણીએ ગંગાજળિયા પોલીસ મથકમાં તેના પતિ સાહિલ સાકિરભાઈ કાસમાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના પતિ સાથે તેઓ સંમતિથી રહેવા ગયા હતા અને ગતરાત્રિના તેમના પતિએ તેમને પત્નિ તરીકે રાખવી નથી તારા પિતાના ઘરે ચાલી જા તેમ કહી માર મારી ધમકી આપી હતી. જ્યારે સાહિલભાઈ સાકીરભાઈ કાસમાણીએ ફાતીમાબેન સાહીલભાઈ કાસમાણી, રફીક સતારભાઈ પાંચા, અનિક રફીકભાઈ પાંચા અને જીસાન રફીકભાઈ પાંચા સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના પત્નિએ તેમની સામે ઘરેલું હિંસાનો કેસ કરેલો હોય અને અલગ રહેતા હોય તેઓ તેમની પાસે જતાં તેમની સાથે ઝઘડો કરી બાખોચિયા ભરી ઉક્ત તેમના સંબંધીઓએ લાકડાના ધોકાથી માર મારી ધમકી આપી હતી. આ અંગે ગંગાજળિયા પોલીસે ગુનો નોંધ્યો છે.

---

**શહેરમાં ૧૧૧૧ અને જિલ્લામાં ૮૩૧ એડમિશન કન્ફોર્મ**

# આરટીઈના 3 રાઉન્ડના અંતે શહેર-જિલ્લામાં 28 સીટો બાકી

(એજન્સી) ભાવનગર | તા.19

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ મફત સિક્ષણ હેઠળ તબક્કાવાર રાઉન્ડ જાહેર થયા બાદ અને ૧૪ બાકી રહ્યા છે તો જિલ્લા કક્ષાએ ૮૩૧ કન્ફોર્મ અને ૧૪ સીટ બાકી રહી છે જે ચોથા રાઉન્ડમાં ભરાશે. આર.ટી.ઈ. હેઠળ ધો. ૧માં પ્રવેશ મેળવવા એપ્રિલ માસથી ઓનલાઈન ફોર્મ ભરવાનુંશરૂ થયું હતું. જે અંતર્ગત ભાવનગર શહેરી વિસ્તારની ૧૧૦ ખાનગી શાલાની ૨૫ ટકા લેખે ૧૧૨૫ સીટ માટે કાર્યવાહી શરૂ થઈ હતી જે માટે કુલ ૪૩૩૭ અરજીઓ આવી હતી અને ૩૩૮૯ એપ્રુવ થયેલ જેના પ્રથમ રાઉન્ડમાં ૧૦૬૮ બીજા રાઉન્ડમાં ૩૪ અને ત્રીજા રાઉન્ડમાં ૯ મળીકુલ ૧૧૧૧ વિદ્યાર્થીઓએ પોતાના પ્રવેશ નિશ્ચિત કર્યા હતા જ્યારે ૧૪ સીટો બાકી રહેવા પામી છે. તો જિલ્લાની વાત કરીએ તો કુલ ૧૩૯ શાળાની ૨૫ ટકા લેખે ૮૪૫ સીટો માટે કુલ ૨૨૮૨ અરજીઓ થવા પામી હતી. જેમાંથી ૧૧૩૦ એપ્રુવલ થયેલ અગ્રતા ક્રમ મુજબ પ્રથમ રાઉન્ડમાં ૭૬૫ બીજા રાઉન્ડમાં ૬૦ અને ત્રીજા રાઉન્ડમાં ૧૦ મળી ૮૩૨ પ્રવેશ નિશ્ચિત થયા હતા અને ૧૪ સીટો બાકી રહી હતી. આમ બન્નેની મળી ૨૮ સીટ માટે હવે ચોથો રાઉન્ડની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેની સ્કુલ પસંદગી માટે તા. ૨૦ સુધીની સમય મર્યાદા અપાઈ છે અને ત્યારબાદ ચોથો રાઉન્ડ જાહેર કરાશે. આમ આર.ટી.ઈ. હેઠળ મોટાભાગની સીટો ભરાઈ ચુકી છે અને હાલ સત્ર શરૂ થયું છે ત્યારે અગ્રતાક્રમ પ્રમાણે કુલ ૨૮ સીટો આગામી દિવસોમાં ભરાશે.



**પ્રવેશ પ્રક્રિયાના સળંગ ત્રણ રાઉન્ડ બાદ વધારાના ચોથા રાઉન્ડમાં સ્કુલ ચેન્જ માટે તા. ૨૦ સુધીની મુદત અપાઈ**

---

**જેસીબી કેમ ચલાવ્યું તેમ કહી**

## છસીયાણા ગામે દંપતીએ મહિલાને ઝાપટ મારી ધમકી આપી



(એજન્સી) ભાવનગર | તા.19

ધંધુકા તાલુકાના છસીયાણા ગામે દંપતીએ અમારા ખેતરના પાળા પાસે જેસીબી કેમ ચલાવ્યું તેમ કહી દંપતિએ મહિલાને ગાળો આપી જાતી વિશે અપમાનિત કરી ઝાપટ મારી ધમકી આપી હતી. તાલુકાના છસીયાણા ગામે રહેતા ભાનુબેન લક્ષ્મણભાઈ વાઘેલા અને તેમના પતિ લક્ષ્મણભાઈ વાઘેલા ખેતરના પાળા નું કામ જેડીબીથી કરાવી રહ્યા હતા.તે દરમિયાન બાજુના ખેતર વાળા વિજય માલાભાઈ ઝાંપડીયાએ અમારા ખેતરના પાળા પાસે જેસીબી શું કામ ચલાવ્યું તેમ કહી જાતિવિષયક અપમાનિત કરી ગાળો આપી વિજયના પત્નિએ મને પકડી રાખી વિજયભાઈએ મારા ગાલ ઉપર બે ઝાપટ મારી તથા વિજયભાઈના પત્નિએ ભાનુબેન જાનથી મારી નાખવાની ધમકી ઝાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ સંદર્ભે ભાનુબેન એ દંપતી વિરૂધ્ધ ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### રૂ.30,000 કરોડના IPO માટે DRHP ફાઈલ કરાયુ , LIC હસ્તક ર૬.૫ કરોડ શેરોનું મૂલ્ય રૂ.૫૩,૦૦૦ કરોડ

# NSE IPOની તૈયારી : LIC, SBI સહિતના શેરધારકો માલામાલ બનશે



મુંબઈ : લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી, એ નેશનલ સ્ટોક એક્સચેન્જે (એનએસઈ) આખરે તેના શેરોના રૂ.૩૦,૦૦૦ કરોડના મેગા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માટે ડ્રાફ્ટ પેપર સેબીમાં ફાઈલ કર્યા છે. જે આ વર્ષે ભારતના પ્રાઈમરી માર્કેટમાં સૌથી મોટું શેર વેચાણ બની રહેશે. આ સૂચિત આઈપીઓ ૧૪.૮૯ કરોડ જેટલો શેરોની સંપૂર્ણ ઓફર ફોર સેલ (ઓએફએસ) હશે.આઈપીઓ ફાઈલિંગ દેશના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, જે લગભગ એક દાયકાથી પબ્લિકમાં જવાનો પ્રયાસ કરી રહ્યું છે. એનએસઈએ સૌપ્રથમ ૨૦૧૬માં મૂડી બજાર નિયામક સેબીને ડ્રાફ્ટ આઈપીઓ ડોક્યુમેન્ટ સબમિટ કર્યા હતા, પરંતુ ચાલુ નિયમનકારી તપાસને કારણે પ્રક્રિયા અટકી ગઈ હતી.ટ્રેડિંગ વોલ્યુમની દ્રષ્ટિએ એનએસઈ ભારતનું સૌથી મોટું શેર બજાર છે અને વિશ્વનું સૌથી સક્રિય ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ છે. આ પગલું ૨૦૧૭માં હરીફ બીએસઈ લિમિટેડે શેર બજારમાં પ્રવેશ કર્યાના વર્ષો પછી આવ્યું છે, જે લિસ્ટેડ થનાર પ્રથમ ભારતીય એક્સચેન્જ બન્યું હતું. નવા ફાઈલિંગ સાથે, એનએસઈ એ વર્ષોના નિયમનકારી અવરોધોને દૂર કર્યા પછી પબ્લિક માર્કેટમાં પ્રવેશવાની યોજનાઓને પુનર્જીવિત કરી છે. જેનાથી રોકાણકારો માટે દેશની સૌથી મહત્વપૂર્ણ નાણાકીય સંસ્થાઓમાં એકમાં હિસ્સો ખરીદવાનો માર્ગ મોકળો થયો છે.એનએસઈમાં સંસ્થાકીય મોટા શેરધારકોમાં લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) હસ્તક ૧૦.૭ ટકા હોલ્ડિંગમાં ર૬.૫ કરોડ શેરો ધરાવે છે, જેનું અંદાજીત મૂલ્ય રૂ.૫૩,૦૦૦ કરોડ જેટલું અંકાય છે. જ્યારે અરાન્દા ઈન્વેસ્ટમેન્ટ (મોરિશીયસ) પાસે રૂ.૨૧,૪૬૯ કરોડ મૂલ્યનું અને સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેરૂ.૨૦,૯૯૯ કરોડ મૂલ્યનું શેરહોલ્ડિંગ છે.ત્યાર બાદ એસબીઆઈ કેપિટલ માર્કેટસ પાસે રૂ.૨૦,૪૭૪ કરોડ, મહાગોની હસ્તક રૂ.૧૭,૬૧૯ કરોડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે રૂ.૧૫,૨૪૩ કરોડ અને પીઆઈ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ હસ્તક રૂ.૧૧,૧૧૦ કરોડ જેટલા મૂલ્યનું શેરહોલ્ડિંગ છે. શેરનો ભાવ અત્યારે રૂ.૨૦૦૦ જેટલો અંદાજીએ તો પણ શેરધારકો સંસ્થાકીય અને વ્યક્તિગત બન્ને માલામાલ બનશે.આ ઓફર ફોર સેલના આઈપીઓમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) ૭.૯૮ કરોડ જેટલા શેરોનં હોલ્ડિંગ ધરાવે છે, જે પૈકી ૨,૪૭,૫૦,૦૦૦ શેરો ઓફર કરી રહી છે, બેંક દ્વારા વર્ષ ૧૯૯૩થી ૧૯૯૯ દરમિયાન શેરો શેર દીઠ સરેરાશ ૮૦ પૈસા જેટલા ભાવે રૂ.૧.૯૮ કરોડ જેટલા રોકાણથી ખરીદવામાં આવ્યા છે.અત્યારે અનલિસ્ટેડ માર્કેટમાં શેરનો ભાવ રૂ.૨૦૫૫થી રૂ.૨૦૬૦ જેટલો બોલાઈ રહ્યો છે. જે મુજબ એનું મૂલ્ય રૂ.૫૦૯૦ કરોડ જેટલું થાય છે. જ્યારે ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ અનેનેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડની પણ ખરીદ કિંમત શેર દીઠ ૩૨ પૈસા જેટલી જ છે, જે મુજબ આ કંપનીઓને પણ ૬૪૨૫ ટકા જેટલુ જંગી વળતર મળી શકે છે. સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની પડતર શેર દીઠ ૪૬ પૈસા જેટલી હોવાનું અને એને ૪૪૭૦ ટકા જેટલું વળતર છુટી શકે છે.આ ઓફર ફોર સેલમાં ટેમસેક હોલ્ડિંગ્સ પીટીઈ- સિંગાપોર સોવરેઈન વેલ્થ ફંડ ૧.૧૨૫ કરોડ શેરો અરાન્દા ઈન્વેસ્ટમેન્ટ થકી ઓફર કરી રહી છે. કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડની શેરોની પડતર શેર દીઠ રૂ.૩૨૪.૧૩ જેટલી છે.

# ડિજિટલ-ફર્સ્ટ ઈન્ડિયા માટે ઓટોડેસ્કની નવી પહેલ




નવી દિલ્હી : ઓટોડેસ્કે આજે ભારતમાં 'ઓટોડેસ્ક સ્ટોર' માં લાવેલા નોંધપાત્ર પરિવર્તનની જાહેરાત કરી છે. કંપનીએ તેને સંપૂર્ણપણે 'સ્વ-સેવા ખરીદી પ્લેટફોર્મ 'માં ફેરવ્યું છે, જેનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ્સ, ઉદ્યમીઓ, ફ્રીલાન્સર્સ અને દેશભરના નાના-મધ્યમ વ્યવસાયો માટે વ્યાવસાયિક ડિઝાઈન અને મેક ટેકનોલોજીને વધુ સુલભ બનાવવાનો છે. સોલ્યુશન્સને શોધવાની, મૂલ્યાંકન કરવાની, ખરીદવાની અને સંચાલિત કરવાની પ્રક્રિયાને સરળ બનાવે છે.ભારતમાં હાલમાં 'ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયા'ના તાજેતરના 'ઈન્ટરનેટ ઈન ઈન્ડિયા' અહેવાલ મુજબ 958 મિલિયન સક્રિય ઈન્ટરનેટ વપરાશકર્તાઓ છે, જે ભારતને વિશ્વની સૌથી મોટી અને ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થાઓમાંની એક બનાવે છે. ઈન્ટરનેટના વ્યાપને ધ્યાનમાં લેતા, ઓટોડેસ્કના સર્જક સમુદાય માટે વ્યાવસાયિક ટેકનોલોજી ખરીદવાનો અનુભવ પણ પાયાના સ્તરે બદલાયો છે. વ્યાવસાયિક કક્ષાની ટેકનોલોજીની સુલભતા સરળ બનાવીને અને ખરીદી તેમજ વપરાશના નવા વિકલ્પો રજૂ કરીને, નવેસરથી તૈયાર થયેલ ઓટોડેસ્ક સ્ટોર તમામ પ્રકારના વ્યવસાયો, ખાસ કરીને ઉભરતા વ્યવસાયો અને પ્રથમ વખત ટેકનોલોજીનો ઉપયોગ કરનારાઓ માટે અવરોધો ઘટાડવાનો પ્રયાસ કરે છે, જેઓ ભારત કે 'વિકસિત ભારત' માટે નવીનતા લાવવા, ડિઝાઈન કરવા અને નિર્માણ કરવા માંગે છે. સ્ટાર્ટઅપ્સ, ફ્રીલાન્સર્સ અને નાના-મધ્યમ વ્યવસાયો – હવે ભારતમાં ઓટોડેસ્કના 50% થી વધુ નવા ગ્રાહકો નવેસરથી તૈયાર થયેલ ડિજિટલ સ્ટોર: મેટ્રોથી લઈને દૂરના વિસ્તારો સુધીના દરેક ભારતીય સર્જક માટે વ્યાવસાયિક 'ડિઝાઈન એન્ડ મેક' ટેકનોલોજીને વધુ સુલભ બનાવતું માધ્યમ.

**દેશની આગામી પેઢીના સર્જકો અને નિર્માતાઓ માટે ઓટોડેસ્ક સ્ટોરનું સ્વ-સેવા પ્લેટફોર્મમાં નવીનીકરણ**

## News Brief

### પશ્ચિમ એશિયા સંકટથી ભારતીય ખાતર પુરવઠા પર મોટું જોખમ

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને હોરમૂઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવરમાં આવતા અવરોધોને કારણે ભારતમાં ખાતરના પુરવઠા પર ગંભીર અસર થવાની આશંકા સેવાઈ રહી છે. એક તાજેતરના આર્થિક અહેવાલ મુજબ, ભારત જેવા કૃષિપ્રધાન દેશ માટે આ સ્થિતિ ચિંતાજનક સાબિત થઈ શકે છે, કારણ કે ખાતરની અછત સીધી રીતે ખેતીના ખર્ચમાં વધારો કરી શકે છે અને અંતે સામાન્ય માણસના થાળી સુધી મોંઘવારી પહોંચાડી શકે છે. જોકે, દેશની મજબૂત આર્થિક સ્થિતિ અને વિદેશી મુદ્રાના પૂરતા ભંડાર આ આંચકાને ખમવા માટે સુરક્ષા કવચ બની રહેશે. ભારતની અર્થવ્યવસ્થામાં ખેતીનો હિસ્સો ૧૬.૬ ટકા જેટલો મોટો છે અને ખાદ્ય ચીજવસ્તુઓનો ગ્રાહક ભાવાંકમાં ૩૬.૮ ટકા જેટલો મોટો ફાળો છે. દેશ તેની ખાતરની જરૂરિયાતના ૩૭.૪ ટકા જેટલો જથ્થો આયાત કરે છે, જેમાંથી ૩૩.૯ ટકા હિસ્સો એકલા પશ્ચિમ એશિયામાંથી આવે છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે જો પશ્ચિમ એશિયાના માર્ગો લાંબા સમય સુધી બંધ રહે અથવા પુરવઠો ખોરવાય, તો ભારત માટે ખાતરની અછત એક મોટો પડકાર બની શકે છે. આ માત્ર ખેડૂતો માટે ખેતી ખર્ચ વધારશે તેમ નહીં, પરંતુ સરકાર પર સબસિડીનું ભારણ પણ વધારી શકે છે. ભારત ભલે અત્યારે ખાતરના આંચકા સામે સંવેદનશીલ હોય, પરંતુ તે પોતાના પાડોશી દેશો અને અન્ય એશિયાઈ અર્થતંત્રો કરતા વધુ સારી સ્થિતિમાં છે. ભારત પાસે ૮.૬ મહિનાની આયાતને પહોંચી વળવા માટે પૂરતું વિદેશી મુદ્રા ભંડાર છે.

### રેમિટન્સના નવા સ્ત્રોતોના ઉદભવથી ભારતને લાભ

# પશ્ચિમ એશિયામાં તણાવ હોવા છતાં ભારતમાં રેમિટન્સનો પ્રવાહ મજબૂત



અમદાવાદ : પશ્ચિમ એશિયાઈ કટોકટી છતાં, વિદેશમાં રહેતા ભારતીયો નોંધપાત્ર પ્રમાણમાં દેશમાં પાછા પૈસા મોકલી રહ્યા છે. ગલ્ફ ક્ષેત્રમાં આર્થિક પ્રવૃત્તિમાં વિક્ષેપ હોવા છતાં, સાવચેતીભર્યા રેમિટન્સે પ્રવાહ મજબૂત રાખ્યો છે.બેંકરો માને છે કે ભૌગોલિક રાજકીય તણાવ ઓછો થતાં વૃદ્ધિ ધીમી પડી શકે છે, પરંતુ આ વર્ષે રેમિટન્સ વ્યાપકપણે સ્થિર રહેવાની અપેક્ષા છે. ખરેખર, ભારત રેમિટન્સના નવા સ્ત્રોતોના ઉદભવથી લાભ મેળવી રહ્યું છે. ખાનગી ક્ષેત્રની બેંકરે જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ હોવા છતાં, રેમિટન્સ મજબૂત રહ્યું છે. એપ્રિલમાં ગતિ મજબૂત હતી અને મે અને જૂનના પહેલા પાક્ષિકમાં પણ ચાલુ રહી હતી. રેમિટન્સ પ્રવાહમાં મજબૂત વૃદ્ધિ વર્ષ-દર-વર્ષ અને મહિના-દર-મહિનાના આધારે ચાલુ રહી છે.

આગામી મહિનાઓમાં થોડી રાહતની અપેક્ષા છે કારણ કે વર્તમાન ગતિ અનિશ્ચિત સમય માટે ટકી રહેવાની શક્યતા નથી. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૭ માં રેમિટન્સ ગયા વર્ષ કરતા વધુ રહેવાની અપેક્ષા છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષની રેમિટન્સ પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર થઈ નથી, જેમ કે ઘણા લોકોએ ડર વ્યક્ત કર્યો હતો. રિઝર્વ બેંકના તાજેતરના ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૭ ના એપ્રિલમાં ચોખ્ખી રેમિટન્સ ૧૬ બિલિયન ડોલર પર મજબૂત રહી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ચોથા ક્વાર્ટરમાં માસિક સરેરાશ પ્રવાહ ૧૩.૭ બિલિયન ડોલર હતો. આ સૂચવે છે કે પશ્ચિમ એશિયાઈ કટોકટીએ ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ ક્ષેત્રમાં ઉત્પાદન પ્રવૃત્તિઓને વિક્ષેપિત કરી હોવા છતાં, રેમિટન્સ પર અસર હાલમાં ન્યૂનતમ રહી છે.નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ચોથા ક્વાર્ટરમાં રેમિટન્સ ખાસ કરીને મજબૂત હતા. આ સમયગાળા દરમિયાન ગલ્ફમાં રહેતા બિન-નિવાસી ભારતીયો તરફથી રેમિટન્સમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. આ માત્ર NRI વસ્તી અને રેમિટન્સ બેઝમાં વૃદ્ધિને કારણે જ નહીં, પરંતુ પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય અનિશ્ચિતતાને કારણે પણ થયું હતું. પ્રાદેશિક તણાવ ઓછો થયા પછી રેમિટન્સની ગતિ ધીમી પડી શકે છે. યુનાઈટેડ સ્ટેટ્સ રેમિટન્સનો સૌથી મોટો સ્ત્રોત છે, જે કુલ રેમિટન્સના ૨૭.૭ ટકા હિસ્સો ધરાવે છે. તે પછી ૧૯.૨ ટકા હિસ્સા સાથે સંયુક્ત આરબ અમીરાત, ૧૦.૮ ટકા હિસ્સા સાથે યુનાઈટેડ કિંગડમ, ૬.૭ ટકા હિસ્સા સાથે સાઉદી અરેબિયા અને ૬.૬ ટકા હિસ્સા સાથે સિંગાપોર આવે છે.

# ACC થોંડેભાવી ખાતે અદાણી ફાઉન્ડેશને કૌશલ્ય વિકાસ દ્વારા ગ્રામીણ યુવાનોને કારકિર્દીની નવી તકો હાંસલ કરવા મદદ કરી

થોંડેભાવી, કર્ણાટક : એસીસી અને અદાણી ફાઉન્ડેશન સાથે મળીને તેના થોંડેભાવી પ્લાન્ટમાં અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર (એએસડીસી) દ્વારા કર્ણાટકના ગ્રામીણ યુવાનોને રોજગારલક્ષી કૌશલ્યો વિકસિત કરવામાં તથા અર્થસભર કારકિર્દીની તકો હાંસલ કરવામાં મદદ કરી રહ્યાં છે. બેંગ્લોરથી માત્ર 80 કિમીના અંતરે થોંડેભાવી ઘણાં સમયથી યોગ્ય તક પ્રાપ્ત કરી શક્યું નથી. ભારતના સૌથી મોટા આર્થિક કેન્દ્ર પૈકીના એકની નજીક હોવા છતાં આ પ્રદેશના ઘણાં યુવાનો ઓછું વેતન અથવા બેરજગારીની સમસ્યાનો સામનો કરતાં હતાં. વિશેષ કરીને યુવા મહિલાઓ સામાજિક-આર્થિક પરિબળોને કારણે મર્યાદિત અવરજવર અને રોજગારની પૂરતી તકોથી વંચિત હતી, જેના કારણે પ્રોફેશનલ કારકિર્દી વિકસિત કરવામાં મૂશ્કેલી પડતી હતી. આ મૂશ્કેલીની ઓળખ કરતાં એસીસી થોંડેભાવી ખાતે અદાણી ફાઉન્ડેશને આકાંક્ષા અને તક વચ્ચેના અંતરને દૂર કરવા માટે અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરી છે. આ સેન્ટર ડેટા એન્ટ્રી, રિટેઈલ અને સોફ્ટ સ્કિલમાં ઈન્ડસ્ટ્રીને અનુરૂપ ટ્રેનિંગ ઓફર કરે છે તેમજ યુવાનોને પ્રેક્ટિકલ નોલેજ તથા આજના રોજગાર માર્કેટમાં સફળતા માટે કામના સ્થળે માટે જરૂરી સજ્જતા કેળવવામાં મદદરૂપ બને છે. આ પહેલ અંતર્ગત ક્લાસરૂમ ટ્રેનિંગ ઉપરાંત પણ સહયોગ કરાયો હતો. કમ્યુનિટી સાથે જોડાણ, મેન્ટરિંગ સેશન, પેરેન્ટ કાઉન્સિલિંગ અને સ્થાનિક સ્તરે સફળતાને લક્ષ્યમાં રાખતાં આ પ્રોગ્રામ દ્વારા યુવાનો અને તેમના પરિવારો વચ્ચે આત્મવિશ્વાસ કેળવવા ઉપર ધ્યાન અપાયું હતું. આ પહેલોથી રોજગાર, સ્થળાંતક અને કાર્યસ્થળના માહોલ સંબંધિત ચિંતાઓને સંબોધવામાં મદદ મળી હતી તેમજ યુવતીઓને વધુ સહભાગી બનવા પ્રોત્સાહિત કરાઈ હતી. યુવાનોમાં જાગૃકતા અને આત્મવિશ્વાસ વધવાની સાથે-સાથે તેમની મહાત્વાકાંક્ષા પણ વધી છે.

# એમેઝોનનો મોટો નિર્ણય: 'એમેઝોન નાઉ' માટે 100 થી વધુ નવા અર્બન ફુલફિલમેન્ટ સેન્ટર્સ શરૂ કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

એમેઝોને આજે 100 થી વધુ વિશિષ્ટ અર્બન ફુલફિલમેન્ટ સેન્ટર્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ એક મહત્વપૂર્ણ વિસ્તરણ છે જે એમેઝોન નાઉ પર અગાઉથી જ ઉપલબ્ધ હજારો આવશ્યક ચીજવસ્તુઓ કરતાં ચાર ગણી વધુ પ્રોડક્ટ્સની પસંદગી ઓફર કરશે. પ્રાઈમ ડે 2026 પહેલા, આ સેન્ટર્સ ગ્રાહકોને કરિયાણું (જેમાં ફળો અને શાકભાજી તેમજ ફ્રોઝન ફૂડનો સમાવેશ થાય છે), પર્સનલ કેર, ફેશન અને બ્યુટી પ્રોડક્ટ્સ, નાના ઘરગથ્થુ ઉપકરણો, બેબી પ્રોડક્ટ્સ, પાલતુ પ્રાણીઓની સામગ્રી (pet supplies) અને હેલ્થકેર સપ્લીમેન્ટ્સ ઉપરાંત – કપડાં, ઈલેક્ટ્રોનિક્સ, જ્વેલરી, શૂઝ, લગેજ, ઘડિયાળો, વાયરલેસ ઉપકરણો, સંગીતના સાધનો, ફર્નિચર અને ઘણું બધું મિનિટોમાં ઉપલબ્ધ કરાવશે.અર્બન ફુલફિલમેન્ટ સેન્ટર્સની શરૂઆત, એમેઝોન નાઉના અગાઉ જાહેર કરાયેલા 100 શહેરોમાં 1,000 થી વધુ માઈક્રો-ફુલફિલમેન્ટ સેન્ટર્સના વિસ્તરણ પર આધારિત છે, જે ઝડપી ડિલિવરી સ્પીડ જાળવી રાખીને પ્રોડક્ટ્સની પસંદગીમાં નોંધપાત્ર વધારો કરવા માટે ડિઝાઈન કરાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું એક નવું સ્તર ઉમેરે છે. આ સેન્ટર્સ બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી-NCR, હૈદરાબાદ અને મુંબઈ જેવા શહેરોમાં તબક્કાવાર રીતે શરૂ કરવામાં આવશે. 'ગ્રાહકો Amazon.in પર ઉપલબ્ધ સ્પીડ, સુવિધા અને પ્રોડક્ટ્સની વ્યાપક પસંદગીની પ્રશંસા કરે છે. અમે જેમ જેમ એમેઝોન નાઉનો વ્યાપ વધારી રહ્યા છીએ, તેમ તેમ અમારું ધ્યાન ગ્રાહકોને વિવિધ કેટેગરીમાં વધુ વ્યાપક પસંદગી, યોગ્ય વેલ્યૂ અને ઝડપી ડિલિવરી સ્પીડ આપવા પર કેન્દ્રિત છે. આ છેલ્લા 13 વર્ષોમાં ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોકોમાં અમારા લાંબા ગાળાના રોકાણોને કારણે શક્ય બન્યું છે, જેણે અમને એડવાન્સ ટેકનોલોજી, AI-આધારિત ઈન્વેન્ટરી પ્લાનિંગ, ડિમાન્ડ ફોરકાસ્ટિંગ (માંગની આગાહી) અને અત્યંત ઓપ્ટિમાઈઝ્ડ ઓપરેશન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સંચાલિત ભારતનું સૌથી સુરક્ષિત, ઝડપી અને સૌથી વિશ્વસનીય નેટવર્ક બનાવવામાં મદદ કરી છે. અર્બન ફુલફિલમેન્ટ સેન્ટર્સના લોન્ચ સાથે, અમે ઈન્વેન્ટરીને ગ્રાહકોની વધુ નજીક લાવી રહ્યા છીએ, જેનાથી અમારા સેલર્સ દ્વારા ઓફર કરવામાં આવતી વ્યાપક પ્રોડક્ટ્સની ઝડપી ડિલિવરી સક્ષમ બનશે, જેથી ગ્રાહકોને એમેઝોન નાઉ પર સુવિધા અને મૂલ્ય મળતું રહે,' એમ એમેઝોન ઈન્ડિયા, APAC, મિડલ ઈસ્ટ, આફ્રિકા અને તુર્કીના વાઈસ પ્રેસિડેન્ટ - ઓપરેશન્સ, અભિનવ સિંહે જણાવ્યું હતું.

# અમેઝોન ભારતમાં 'વોટર પોઝિટિવ' બન્યું; વપરાશ કરતાં વધુ પાણી સમુદાયોને પરત કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.19

અમેઝોને આજે જાહેરાત કરી છે કે તે ભારતમાં 'વોટર પોઝિટિવ' બની ગયું છે. આનો અર્થ એ થાય છે કે કંપની હવે દેશભરમાં પોતાની સીધી કામગીરી–જેમાં કોર્પોરેટ ઓફિસો, ડેટા સેન્ટર્સ અને ફુલફિલમેન્ટ સેન્ટર્સસામેલ છે–તેમાં જેટલા પાણીનો વપરાશ કરે છે, તેના કરતાં વધુ પાણી સ્થાનિક સમુદાયોને પરત કરી રહી છે. અમેઝોને ભારતમાં ૨૦૨૭ સુધીમાં વોટર પોઝિટિવ બનવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું અને હવે સમય મર્યાદા વહેલાં જ આ સિદ્ધિ મેળવી લીધી છે. આ સીમાચિહ્ન કંપનીની વૈશ્વિક જળ વ્યવસ્થાપન વ્યૂહરચનામાં એક મોટું અને ગણનાપાત્ર પગલું દર્શાવે છે.ભારત વિશ્વની ૧૮% વસ્તી ધરાવે છે પરંતુ વૈશ્વિક સ્તરે પીવાલાયક મીઠા પાણીના સ્ત્રોતોમાં તેનો હિસ્સો માત્ર ૪% જ છે, જે તેને દુનિયાના સૌથી વધુ જળ-તણાવ (પાણીની અછત) વાળા વિસ્તારોમાંનો એક બનાવે છે. અમેઝોન આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને ત્રણ મુખ્ય સ્તંભો હેઠળ પહેલ કરી રહ્યું છે: પાણીના વપરાશમાં ઘટાડો કરવો (Reduce), ટ્રીટમેન્ટ અને હાર્વેસ્ટિંગ સિસ્ટમ્સ દ્વારા પાણીનો પુનઃવપરાશ કરવો (Reuse), અને પાણીની તંગીવાળા સમુદાયોમાં પાણીની પૂર્તિ કરવી (Replenish). કંપની આ કામગીરીની પ્રગતિ માપવા માટે તેની સીધી કામગીરી દરમિયાન લેવામાં આવેલા પાણીના કુલ જથ્થાની સરખામણી આ પહેલો દ્વારા પરત કરવામાં આવેલા પાણીના જથ્થા સાથે કરે છે. આ પ્રયાસોના પરિણામે જ અમેઝોન વર્ષ ૨૦૨૫માં પોતાના વપરાશના ૧૨૦% જેટલું પાણી પરત કરવામાં સફળ રહ્યું છે, અને આ રીતે ભારતમાં તેની સમગ્ર કામગીરી દરમિયાન વોટર પોઝિટિવ બન્યું છે. આ પ્રગતિની ચકાસણી નિયમિત આંતરિક અને થર્ડ-પાર્ટી (સ્વતંત્ર સંસ્થા) ઓડિટ દ્વારા કરવામાં આવે છે.'અમે જ્યાં પણ કાર્ય કરીએ છીએ તે સમુદાયો માટે પાણી મૂળભૂત જરૂરિયાત છે, અને અમે ભારતના જળ સંકટના સ્તર તેમજ તેમાં સકારાત્મક બદલાવ લાવવાની તક બંનેને સારી રીતે સમજીએ છીએ,' તેમ અમેઝોન ઈન્ડિયા, એપીએસી (APAC), મિડલ ઈસ્ટ અને તુર્કિયેના ઓપરેશન્સ વાઈસ પ્રેસિડેન્ટ અભિનવ સિંહે જણાવ્યું હતું. 'ભારતમાં વોટર પોઝિટિવ બનવું એ એક મોટી સિદ્ધિ છે. તે આપણી કામગીરીમાં પાણીની કાર્યક્ષમતા સુધારવા માટેના વર્ષોના સતત પરિશ્રમ તેમજ તળાવોના પુનઃઉદ્ધારથી લઈને વોટરશેડ (જળવિભાજક) વિકાસ જેવા મોટા પાયાના સામુદાયિક પ્રોજેક્ટ્સમાં કરેલા રોકાણને દર્શાવે છે. અમે પાણીની ગુણવત્તા સુધારવા અને દેશભરમાં વધુ જળ-સક્ષમ સમુદાયોના નિર્માણમાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.'

### ભારત સરકારના રાજ્ય કક્ષાના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી આદરણીય શ્રી જિતિન પ્રસાદે

# SEEPZ-SEZ, મુંબઈ ખાતે કસ્ટમ્સ એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું

મુંબઈ : રાજ્ય કક્ષાના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી આદરણીય શ્રી જિતિન પ્રસાદે 19 જૂન, 2026ના રોજ મુંબઈના SEEPZ-SEZમાં SDF-VIII ખાતે કસ્ટમ્સ એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટર (CEIFC)નું ઉદ્ઘાટન કર્યું હતું. આ નિકાસ ઝોનની અંદર વેપારને સરળ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.આ ઉદ્ઘાટન સમારંભનું આયોજન SEEPZ-SEZના ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર આઈએએસ શ્રી જ્ઞાનેશ્વાર બી. પાટિલે કર્યું હતું. કાર્યક્રમમાં SEEPZના જૉઈન્ટ ડેવલપમેન્ટ કમિશનર શ્રી મયુર આર. માનકર અને SEEPZના ડેપ્યુટી ડેવલપમેન્ટ કમિશનર IRS ડૉ. સંદીપ ડી. ભોંસલે જેવા ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. આ પ્રસંગે ઉદ્યોગના અનેક અગ્રણી પ્રતિનિધિઓ પણ સામેલ થયા હતા, જેમાં GJEPCના ચેરમેન કિરીટ ભણસાલી, GJEPCના વાઈસ ચેરમેન શૌનક પરીખ, SGJMAના પ્રેસિડન્ટ આદિલ કોટવાલ, ભારત રત્નમ મેગા CFCના વર્કિંગ ગ્રૂપના ચેરમેન કોલિન શાહ અને SEEMAના ચેરમેન વિજય ગુજરાતીની સાથે વેપાર અને ઉદ્યોગ સાથે સંબંધિત અન્ય સભ્યો પણ શામેલ હતા.

### એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને એચએસબીસી ઈન્ડિયાએ

# હાથકરઘા ક્ષેત્રની મહત્વપૂર્ણ પહેલ 'હેન્ડ મેડ ઈન ઈન્ડિયા'ની નોંધપાત્ર સિદ્ધિની ઉજવણી કરી

અમદાવાદ : એચએસબીસી ઈન્ડિયાએ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ સાથે મળીને ગુજરાતની સમૃદ્ધ હાથકરઘા પરંપરાને સંરક્ષિત અને પ્રોત્સાહિત કરવાના હેતુથી તેમજ રાજ્યના મુખ્ય ક્લસ્ટરોમાં બૂનકરો અને શિલ્પકારોની આજીવિકાને સશક્ત બનાવવા માટે 'હેન્ડ મેડ ઈન ઈન્ડિયા' કાર્યક્રમની ઉજવણી કરી. આ કાર્યક્રમ દ્વારા અત્યાર સુધી સુરેન્દ્રનગર અને ભુજના બે હાથકરઘા ક્લસ્ટરોના 1,500 બૂનકરો અને શિલ્પકારો સુધી પહોંચ કરવામાં આવી છે, જેથી હાથકરઘા ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ કાર્યો અને બજાર વ્યવસ્થાઓને મજબૂત બનાવી શકાય અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન મળી શકે.આ સમારોહમાં પ્રખ્યાત શેફ શ્રી રણવીર બરાર; એચએસબીસી ઈન્ડિયામાં ઈન્ટરનેશનલ વેલ્થ એન્ડ પ્રીમિયર બેંકિંગના હેડ શ્રી સંદીપ બત્રા; એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા તેમજ એચએસબીસી ઈન્ડિયા અને ઈડીઆઈઆઈના વરિષ્ઠ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના સુરત ખાતે એચએસબીસી ઈન્ડિયાની નવી શાખાનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### 3 વર્ષમાં 363% વેરા પછીના નફામાં વૃદ્ધિ નોંધાવી

# જારો એજ્યુકેશન દ્વારા નાણાકીય વર્ષ 2026માં ₹274 કરોડની આવક અને ₹53 કરોડના વેરા પછીની નફાની વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ઓનલાઈન ઉચ્ચ શિક્ષણ અને અપસ્કિલિંગ ક્ષેત્રમાં ભારતની પ્રથમ લિસ્ટેડ કંપની જારો એજ્યુકેશન દ્વારા નાણાકીય વર્ષ 2025-26 માટે તેનાં નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યાં, જેમાં કામગીરીમાંથી 274 કરોડની આવક અને વેરા પછીનો નફો (PAT) 53 કરોડનો નોંધાવ્યો છે.કંપનીનું નાણાકીય પ્રદર્શન શરૂઆતથી સતત વૃદ્ધિ અને નફાકારકતા દર્શાવે છે. આવક નાણાકીય વર્ષ 2023માં 122 કરોડથી વધીને નાણાકીય વર્ષ 2026માં 274 કરોડ થઈ, જે 3 વર્ષમાં 124%ની વૃદ્ધિ દર્શાવે છે.PAT નાણાકીય વર્ષ 2023માં 11 કરોડથી વધીને નાણાકીય વર્ષ 2026માં 53 કરોડ થયો, જે 363%ની PATની વૃદ્ધિ દર્શાવે છે. EBITDA પણ નોંધપાત્ર રીતે વિસ્તર્યું, નાણાકીય વર્ષ 2023માં 26 કરોડથી વધીને નાણાકીય વર્ષ 2026માં 83 કરોડ થયું. નાણાકીય વર્ષ 2026 માટે, કંપનીએ 19% નું PAT માર્જિન અને 30%નું EBITDA માર્જિન નોંધાવ્યું, જે નાણાકીય વર્ષ 2023ના સ્તરોથી ચોખ્ખી નફાકારકતા લગભગ બમણી કરી છે. જારો એજ્યુકેશને શેરધારકોના મૂલ્ય નિર્માણનો સતત ટ્રેક રેકોર્ડ પણ જાળવી રાખ્યો છે. શરૂઆતથી કંપનીએ 7 વર્ષમાં શેરધારકોને ડિવિડન્ડથી પુરસ્કૃત કર્યા છે, જેમાં નાણાકીય વર્ષ 2025-26 તેની અત્યાર સુધીની સૌથી વધુ 50% ડિવિડન્ડ ચુકવણી દર્શાવે છે. તેણે બે વાર બોનસ શેર જારી કર્યા છે - જાન્યુઆરી 2017માં 14:1 બોનસ ઈશ્યૂ અને જૂન 2024માં 1:3 બોનસ ઈશ્યૂ.

### વ્યાજદરનો ટ્રેન્ડ | અગાઉના વર્ષો પર નજર કરીએ તો EPFOએ વ્યાજદરમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે

# કરોડો નોકરિયાતો માટે ગુડ ન્યૂઝ: EPF પર 8.25% વ્યાજ દર મંજૂર, આ જ મહિને ખાતામાં જમા થશે પૈસા!



(એજન્સી) નવી દિલ્હી | તા.19

સરકારે નાણાકીય વર્ષ 2025-26 માટે EPF પર 8.25% વ્યાજદરને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. એક સત્તાવાર સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, આ આદેશ બાદ ચાલુ મહિનામાં જ દેશના 7 કરોડથી વધુ સક્રિય સભ્યોના ખાતામાં વ્યાજની રકમ જમા થવાની પ્રબળ શક્યતા છે.સામાન્ય પ્રક્રિયા હેઠળ, EPFO દ્વારા નક્કી કરાયેલા વ્યાજદરને જ્યારે નાણાં મંત્રાલય અંતિમ મંજૂરી આપે છે, ત્યાર બાદ જ તે ગ્રાહકોના ખાતામાં ક્રેડિટ કરવામાં આવે છે. સૂત્રે જણાવ્યું હતું કે, નાણાં મંત્રાલયે EPFOની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ' (CBT) દ્વારા ભલામણ કરાયેલા 8.25% વ્યાજદરના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.આ અગાઉ, 2 માર્ચ 2026ના રોજ કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં યોજાયેલી CBTની બેઠકમાં નાણાકીય વર્ષ 2025-26 માટે વ્યાજદર 8.25% રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ સતત ત્રીજું વર્ષ છે જ્યારે સરકારે વ્યાજદરમાં કોઈ ફેરફાર ન કરીને તેને સ્થિર રાખ્યો છે. ભારત સરકાર EPF ફંડ માટે ગેરન્ટર હોવાથી, CBTના આ નિર્ણયને નાણાં મંત્રાલયની અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો.નાણાં મંત્રાલયે તમામ ટેકનિકલ અને નાણાકીય પાસાઓની તપાસ કર્યા બાદ આ પ્રસ્તાવ પર મહોર લગાવી દીધી છે. શ્રમ મંત્રાલયના નિર્દેશો અનુસાર, EPFO દ્વારા આ મહિનાના અંત સુધીમાં તમામ સબ્સ્ક્રાઈબર્સના ખાતામાં FY26 માટેનું વ્યાજ જમા કરી દેવામાં આવશે. વળી, EPFO દ્વારા વિકસાવવામાં આવેલી નવી આધુનિક સિસ્ટમના કારણે આ વખતે વ્યાજની રકમ સભ્યોના ખાતામાં કોઈ પણ વિલંબ વગર તરત જ ટ્રાન્સફર થઈ જશે.

# વાપી બ્રાન્ચમાંથી કુલ 142 વિદ્યાર્થીઓએ સીએ ફાઈનલમાં હતા



(એજન્સી) વાપી । તા. 19

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા જાહેર કરાયેલા સીએ ફાઈનલ પરીક્ષાના પરિણામોમાં વાપીના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. કઠિન ગણાતી આ પરીક્ષામાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી. વાપી બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI દ્વારા તમામ નવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વાપી શહેરમાં સાહિર અલી પ્રથમ ક્રમે રહી સિટી ટોપર બન્યા છે. જ્યારે દિયા જીતેન્દ્ર રેટીવાળા બીજા અને શુભ પીયૂષ કંસારા ત્રીજા ક્રમે રહ્યા છે. પરિણામ જાહેર થતાં જ વિદ્યાર્થીઓ, તેમના પરિવારજનો તેમજ શિક્ષકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.વાપી બ્રાન્ચના ચેરપર્સન સીએ દીપિકા ગુટગુટિયાએ સફળ ઉમેદવારોને શુભેચ્છા પાઠવી હતી. નવા સીએ તરીકે તેઓ વ્યાવસાયિક ક્ષેત્રમાં પણ સફળતા હાંસલ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. દેશવ્યાપી પરિણામની વાત કરીએ તો સીએ ફાઈનલ પરીક્ષામાં ગ્રુપ-1નું પાસિંગ પરિણામ 12 ટકા, ગ્રુપ-2નું 20.49 ટકા અને બંને ગ્રુપ મળીને કુલ પાસિંગ ટકા 14.07 નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે સીએ ફાઈનલ પરીક્ષા આજે પણ દેશની સૌથી પડકારજનક વ્યાવસાયિક પરીક્ષાઓમાંની એક છે. વાપી બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI દ્વારા સફળ થયેલા તમામ ઉમેદવારોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કુલ 142 છાત્રોએ સીએ ફાઈનલની પરીક્ષા આપી હતી. તેમાંથી 31 છાત્રો સફળ થયા છે.

# પાવાગઢ ડુંગર પર પથ્થર ગબડતાં 2 યાત્રિકોના મોત

## વહેલી સવારે 5 વાગ્યા આસપાસ સર્જાયેલી દુર્ઘટનામાં 5 લોકો ગંભીર ઈજાગ્રસ્ત; રોપ-વે ટીમે બચાવ કામગીરી હાથ ધરી

(એજન્સી) પાવાગઢ । તા. 19

યાત્રાધામ પાવાગઢ ડુંગર પર આજે વહેલી સવારે એક મોટી અને દુઃખદ દુર્ઘટના સામે આવી છે. ડુંગર પર આવેલા પાટિયાપુલ નજીક અચાનક ભારે પથ્થરો નીચે ગબડતાં 7 યાત્રિકો તેની નીચે દટાયા હતા. આ દુર્ઘટનામાં બે યાત્રિકોના મૃતદેહ મળી આવ્યા હતા જ્યારે 5 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મળતી પ્રાથમિક માહિતી અનુસાર, વહેલી સવારે આશરે 5:00 વાગ્યાની આસપાસ આ ઘટના ઘટી હતી. છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા વરસાદને કારણે ડુંગર પર પાણીનો પ્રવાહ ખૂબ જ વધી ગયો હતો, જેના કારણે માટી ખસતાં ભારે પથ્થરો નીચે ગબડ્યા હોવાના અહેવાલ છે. વહેલી સવારે દર્શનાર્થે આવેલા યાત્રિકો આ પથ્થરોની ઝપેટમાં આવી ગયા હતા.





ઘટનાની જાણ થતાં જ રોપ-વેની સ્થાનિક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પથ્થરો નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરી દીધી છે. સ્થાનિક સરપંચે પણ ઘટનાની ગંભીર નોધ લઈ બચાવ કાર્યમાં જોડાયા હતા. આ ગંભીર દુર્ઘટના અંગે પાવાગઢ પોલીસને પણ જાણ કરવામાં આવી છે. પોલીસ કાફલો સ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી અને બચાવ કાર્યમાં મદદરૂપ થઈ રહ્યો છે અને રાહત અને બચાવ કાર્ય વેગવંતું કરવામાં આવ્યું છે.

ઈજાગ્રસ્ત યાત્રાળુઓને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હાલોલની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે મૃતક યાત્રાળુઓના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા.

પ્રાથમિક માહિતી મુજબ મૃતક અને ઈજાગ્રસ્ત યાત્રાળુઓ સુરત અને અમદાવાદ તરફના હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે, સત્તાવાર ઓળખ અને વધુ વિગતો તપાસ બાદ સામે આવશે.

ચોમાસાની શરૂઆત સાથે પાવાગઢના ડુંગર વિસ્તારમાં ભૂસ્ખલનની સંભાવનાને પગલે સુરક્ષા વ્યવસ્થાઓ અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. તંત્ર દ્વારા ઘટનાની તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

વડોદરા શહેરના કોટંબી સ્ટેડિયમ નજીક 17 જૂને વહેલી સવારે 4 વાગ્યા આસપાસ રોડ પર ઉભેલી એક ટ્રક પાછળ લક્ઝરી બસ ધડાકાભેર અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક નવ વર્ષના બાળક સહિત 8ના મોત થયા હતા અને 27 લોકો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# ગોધરામાં ધોધમાર વરસાદથી મેસરી નદી બે કાંઠે : ગોન્દ્રા કોઝવે પાણીમાં ગરકાવ

(એજન્સી) ગોધરા । તા. 19



ગોધરા શહેરમાં ધોધમાર વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. શહેરના મધ્યમાંથી પસાર થતી મેસરી નદીમાં પાણીની ભારે આવક થતાં નદી બે કાંઠે વહેતી થઈ છે. આ ઉપરાંત, ગોન્દ્રા વિસ્તારમાં આવેલો કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયો છે, જેના કારણે વાહનવ્યવહારને અસર થઈ છે.

મેસરી નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થતાં ગોન્દ્રા કોઝવે સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો હતો. આ દ્રશ્યો જોવા માટે મોટી સંખ્યામાં લોકો નદી કિનારે ઉમટી પડ્યા હતા. જોકે, તંત્ર દ્વારા લોકોને નદી અને કોઝવે નજીક બિનજરૂરી ભીડ ન કરવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ હતી. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે, જેના પગલે નાગરિકોને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. તંત્ર મેસરી નદીના જળસ્તર પર સતત નજર રાખી રહ્યું છે.

# ગોધરામાં ભારે વરસાદ, રેલવે અંડરપાસ પાણીમાં ગરકાવ

(એજન્સી) ગોધરા । તા. 19



ગોધરા શહેરમાં મધ્યરાત્રિથી ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો, જેના કારણે અનેક વિસ્તારો જલમગ્ન બન્યા હતા. ભાગોળ વિસ્તારમાં નિર્માણાધીન રેલવે અંડરપાસ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં લાંબા સમયની પ્રતીક્ષા બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. શહેરમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો, જેણે પ્રશાસનની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી હતી. સતત ભારે વરસાદને કારણે ગોધરા શહેરના ભાગોળ રેલવે સ્ટેશન, ગાયત્રી નગર સોસાયટી, 36 કોટર, ભૂરાવાવ, સિગ્નલ અને ફરિયા રોડ સહિતના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શહેરના મુખ્ય માર્ગો પર જાણે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. રસ્તાઓ સંપૂર્ણપણે જળમગ્ન બની જતાં સવારના સમયે નોકરી-ધંધે જતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભાગોળ વિસ્તારમાં હાલ જે નવીન રેલવે અંડરપાસનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, તે પણ પાણીમાં સંપૂર્ણપણે ડૂબી ગયો હતો.

# ઓપરેશન મિલાપ : 3 અને 1 વર્ષથી ગુમ બે મહિલાઓનું પરિવારથી મિલન

(એજન્સી) ગોધરા । તા. 19



પોલીસ દ્વારા ગુમ થયેલા અને અપહરણ કરાયેલા વ્યક્તિઓને શોધી કાઢવા માટે ચલાવવામાં આવી રહેલી ખાસ ઝુંબેશ ઓપરેશન મિલાપ અંતર્ગત વિજયનગર પોલીસે છેલ્લા 3 વર્ષ અને એક વર્ષથી ગુમ થયેલી બે મહિલાઓને શોધી કાઢીને તેમના પરિવાર સાથે સુખદ મિલાપ કરાવ્યો હતો. હાલમાં 12 જૂનથી 21 જૂન 10 દિવસની ખાસ ડ્રાઈવનું આયોજન કરાયું છે. તપાસ દરમિયાન પોલીસે વર્ષ 2023થી ગુમ થયેલા વણઘોલ ગામના બબલીબેન ઘુળાજી ખરાડી (45) તેમજ વર્ષ 2025થી ગુમ થયેલા ચંદવાસા ગામના સુનીતાબેન અમિતભાઈ નિનામા (24)ને 17 જૂનના રોજ શોધી કાઢ્યા હતા. આ બંને મહિલાઓ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી અને લાંબા સમયથી લાપતા હતી. આ કામગીરી વિજયનગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર બી. ડી. રાઠોડ, મહિલા એ.એસ.આઈ. નુતાબેન અરવિંદભાઈ, મહિલા હેડ કોન્સ્ટેબલ કાન્તાબેન ડાહ્યાભાઈ તેમજ આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ દિનેશકુમાર નારણભાઈની ટીમ દ્વારા કરાઈ હતી.

# મંથરગતિએ કામ કરનાર એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની માંગ

(એજન્સી) ગોધરા । તા. 19



વિજયનગરના બંધણાની પ્રાથમિક શાળાનું કામ સમયસર પૂરું નહીં થતાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ હેરાન થવું પડતું હોઈ વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. જોકે આ મામલે એજન્સીને શાળાનું કામ પૂરું કરવા તાકીદ કરાઈ હોવાનું ટીઆરપીએ જણાવ્યું હતું. બંધણા ગામની પ્રાથમિક શાળાનું મકાન જર્જરિત થતાં નવીન ભવન બનાવવા માટે જૂનું મકાન તોડી અને શાળા પ્રાંગણમાં નવીન મકાન બનાવવાનું કામ મંજૂર કરાયું હતું. જોકે ઘણા લાંબા સમયથી કામ કરનારી એજન્સી દ્વારા નવીન મકાન બનાવવાનું કામ સમયસર પૂર્ણ નહીં કરાતાં વિદ્યાર્થીઓની સાથે સાથે શાળાના શિક્ષકો પણ હેરાનગતિ વેઠી રહ્યા હોઈ વાલીઓમાં રોષ વ્યાપ્યો છે. જે અંગે ગામના અગ્રણી અજયભાઈ બારા સહિત વાલીઓએ શાળાનું કામ સત્વરે પૂર્ણ કરવા અને લાંબા સમયથી કામ પૂર્ણ નહીં કરનાર એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની માંગણી સાથેની લેખિત રજૂઆત કલેક્ટરને કરાઈ છે. આ અંગે વિજયનગર ટીઆરપી ચિરાગભાઈ નો સંપર્ક સાધતા તેમણે સબંધિત એજન્સી ને કામ સત્વરે પૂર્ણ કરવા તાકીદ કરી હોવાનું જણાવ્યું હતું.

# શિક્ષકોને ટેટ મુક્તિ માટે શૈક્ષિક સંઘ ભાવનગરના ધરણા અને આવેદનપત્ર

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

કાર્યરતર શિક્ષકોને TET (શિક્ષક પાત્રતા કસોટી)માં સન્માન પૂર્વક મુક્તિ મળે તે માટે ભારતના વડાપ્રધાનશ્રી તથા શિક્ષણમંત્રીશ્રી સમક્ષ કેન્દ્ર સરકારની યથાયોગ્ય ભૂમિકા માટે આવશ્યક કદમની માંગણી માટે રજૂઆત કરતા વિષય સબબનું આવેદનપત્ર જિલ્લા કલેક્ટરશ્રીને આપતા પૂર્વે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ભાવનગરના નવ સંવર્ગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ધરણા કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા અને શહેરના શિક્ષક ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં મોતીબાગ મેદાનમાં એકત્ર થયેલ. ત્યારબાદ શિસ્તબધ્ધ રીતે રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને કલેક્ટરશ્રીને આવેદન આપવામાં આવેલ. ધરણા સ્થળેથી અ.ભા.રા.શૈ.મહાસંઘ, ભાવનગરના જવાબદાર પ્રતિનિધિઓ દ્વારા ભૂતકાળમાં શિક્ષક હિત માટે મહાસંઘ દ્વારા થયેલ આંદોલનો, ધરણાઓ તથા તેને આનુષંગિક શિક્ષક હિતની ન્યાય સંગત વિવિધ માંગણીઓના સફળ કાર્યક્રમોની માહિતી આપીને ટેટ પરીક્ષા સંદર્ભે પણ કેન્દ્ર સરકારની ભૂમિકા વડે શિક્ષક હિતમા યોગ્ય પરિણામ આવશે.

# સ્વાન ડિફેન્સ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજુલા અને જાફરાબાદ ખાતે મલ્ટી-સ્પેશિયાલિટ તબીબી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું મોટી સંખ્યામાં દર્દી નારાયણ એ લાભ લીધો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા, તા. ૧૮ જૂન, ૨૦૨૬: સ્વાન ડિફેન્સ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (SDHI) દ્વારા, શ્રી રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ સંચાલિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ટ્રસ્ટ હોસ્પિટલ, રાજુલાના સહયોગથી રાજુલા, જાફરાબાદ તેમજ આસપાસના ગામોના નાગરિકો માટે મલ્ટી-સ્પેશિયાલિટ તબીબી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં જનરલ મેડિસિન, નેત્રરોગ (ઓફ્થલ્મોલોજી), કેન્સરરોગ (ઓન્કોલોજી) અને ન્યુરોલોજી ક્ષેત્રના નિષ્ણાત તબીબોએ હાજરી આપી હતી, જેના કારણે સ્થાનિક નાગરિકોને તેમના નિવાસસ્થાનની નજીક જ વિશેષજ્ઞ તબીબી સલાહ અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બની હતી.કેમ્પ દરમિયાન આરોગ્ય તપાસ, વિવિધ નિદાન સેવાઓ, મોતિયાબિંદની તપાસ અને સર્જરી, નજીકના દૃષ્ટિદોષ માટે વિનામૂલ્યે ચશ્માંનું વિતરણ, દવાઓનું વિતરણ તેમજ આરોગ્ય જાગૃતિ અને માર્ગદર્શન જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

# નર્મદા જિલ્લા માં કોંગ્રેસ ના યુવા નેતા રાહુલ ગાંધી ના જન્મદીન ની ઉજવણી

રાજપીપલા | નર્મદા જિલ્લા માં આજે વિવિધ સ્થળોએ કોંગ્રેસ અગ્રણી જનનાયક રાહુલ ગાંધી ના જન્મદિવસ ની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ કોંગ્રેસ ના યુવા નેતા રાહુલ ગાંધી નો આજે જન્મદિવસ ની વિવિધ સ્થળે ઉજવણી કરવામાં આવી હતી જે દેવળીયા, ચીકદા , આમદલા , જેવા સ્થળો એ કોંગ્રેસી કાર્યકરો એ રાહુલ ગાંધી ના જન્મદિવસ ની ઉજવણીમાં કેક કાપવાની કે ફટાકડા ફોડવાને બદલે પ્રાથમિકશાળા ના બાળકો ને નોટબુક , પેન અને ચોકલેટ આપી ઉજવણી કરી હતી . અત્રે નોંધનીય છે કે રાજપીપલા પાલિકા ના પૂર્વ પ્રમુખ મહેશ વસાવા જેઓ કોંગ્રેશ કાર્યકર નથી પણ રાહુલ ગાંધી થી પ્રભાવિત થઇ તેમના સમર્થક તરીકે અત્રે રાજપીપલા ની ટેકરફળિયા , તેમજ હરસિધ્ધિ મંદિર પ્રાથમિક શાળા માં વિદ્યાર્થીઓ ને નોટબુક વિતરણ કરી હતી.

# પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ લીમખેડા ખાતે ખીરખાઈ ગામમાં પંચવટી વિકાસ કેન્દ્રનું કર્યું લોકાર્પણ

તસ્વીર દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામ ખાતે સામાજિક વનીકરણ વિભાગ, દાહોદ દ્વારા પંચવટી વિકાસ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજરોજ કેબિનેટ મંત્રી તેમજ દાહોદ જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ પ્રસંગ નિમિત્તે રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.પંચવટી વિકાસ કેન્દ્ર ખાતે નાયબ વન સંરક્ષક દ્વારા પ્રભારી મંત્રી તેમજ રાજ્યમંત્રી સહિત ઉપસ્થિત તમામ મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપીને પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું.

# નર્મદા જિલ્લા માં મજબૂત બનતું "આમ આદમી પાર્ટી નું સંગઠન

રાજપીપલા | નર્મદા જિલ્લા માં ધારાસભ્ય ની આગેવાની માં ' આમ આદમી પાર્ટી 'નું સંગઠન મજબૂત થઇ રહ્યું છે . પ્રાપ્ત માહિતી મુજબ તાજેતર માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી માં નર્મદા જિલ્લા પંચાયત અને ચાર તાલુકા પંચાયત કબ્જે કર્યા બાદ ડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા એ જિલ્લા માં આમ આદમી પાર્ટી નું સંગઠન મજબૂત કરવાની સક્રિય કામગીરી શરુ કરી છે.

# અંબાજીની SAPTI સંસ્થામાં પથ્થર કળા અને ડિઝાઈનિંગના વિવિધ કોર્ષમાં નિઃશુલ્ક પ્રવેશ શરૂ: રહેવા- જમવા તથા સ્ટાઈપેન્ડની સુવિધા મળશે

પાલનપુર | ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ સંચાલિત અંબાજી સ્થિત પ્રતિષ્ઠિત સંસ્થા સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યૂટ (SAPTI) દ્વારા પથ્થર કળા, શિલ્પકલા અને આધુનિક ડિઝાઈન ક્ષેત્રે નવીનતમ કારકિર્દી બનાવવા ઈચ્છતા ઉત્સાહી યુવાનો માટે સુવર્ણ અવસર જાહેર કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા આગામી સત્ર જુલાઈ-૨૦૨૬ થી શરૂ થનાર વિવિધ રોજગારલક્ષી અને ટેકનિકલ નિઃશુલ્ક તાલીમ કાર્યક્રમોમાં પ્રવેશ મેળવવા માટે લાયકાત ધરાવતા ૧૪ થી ૨૮ વર્ષના ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. આ કાર્યક્રમ હેઠળ ધોરણ-૧૦ પાસ યુવાનો માટે કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી સંલગ્ન ૨ વર્ષનો 'ડિપ્લોમા ઓફ વોકેશન ઈન સ્ટોન ક્રાફ્ટ અને ડિઝાઈન' તેમજ ધોરણ-૮ પાસ ઉમેદવારો માટે ૨ વર્ષનો 'સ્ટોન ક્રાફ્ટ અને ડિઝાઈન (રેગ્યુલર)', ૩ મહિનાનો 'લેથ ઓપરેશન અને સ્ટોન પ્રોડક્ટ ડિઝાઈન પ્રમાણપત્ર કોર્સ' અને કૌશલ્યા યુનિવર્સિટી સંલગ્ન ૬ મહિનાનો 'સ્ટોન બેઝડ CNC મીલીંગ, ડીઝાઈન અને સંલગ્ન ડિજીટલ આઉટપુટસ' નો ખાસ સર્ટિફિકેટ કોર્સ ઉપલબ્ધ છે.

# જાફરાબાદમાં રોડ ઉપર પડેલા ખાડાઓ પી. ડબલ્યુ ટી દ્વારા પુરવામાં આવ્યા પરંતુ મટીરીયલ ની કપચીઓ ટુ વ્હીલર અને અન્ય વાહનો ના વિલ નીચે આવતા ફટાફટ ઉડતી જોવા મળી રહી છે. ગંભીર અકસ્માત નોતરે તેવી ભિતી સેવાઇ રહી છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ રાજુલા રોડ ઉપર તેમજ નવા પુલ ઉપર પડેલા ખાડાઓ પી. ડબલ્યુ ટી દ્વારા રોડ ઉપર પડેલા ખાડાઓ મટીરીયલ નાખી પુરવામાં આવ્યા પરંતુ જ્યાં જ્યાં પડેલા મસમોટા ખાડાઓ પુરવાર માં આવ્યા જ્યાં નાખેલું મટીરીયલ માં લોટ પાણી લાકડા જેવો ઘાટ સર્જાયો કારણકે જ્યાં જ્યાં મટીરીયલ પાથરવા આવ્યું તેમાં સિમેન્ટ ન હોવાથી ખાડાઓમાં નાખેલું મટીરીયલ ની કપચીઓ રોડ ઉપર પથરાયેલી જોવા મળી રહી છે. રોડ ઉપર પડેલા ખાડાઓ માં પાથરેલ મટીરીયલ ની મસમોટી કપચીઓ ટુ વ્હીલર ચાલકો ફોર વ્હીલર ટ્રક ના વિલ નીચે આવતા પાથરેલ મટીરીયલ ની કપચીઓ પવનના સુસવાટા જેમ ઉડી રહી છે. રોડ ઉપર જતા રાહદારીઓ ના માથા ફુટે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. એવામાં ઓછામાં પૂરું ટુ વ્હીલર ચાલકો આ કપચીઓ ના કારણે પોતાની ટુ વ્હીલર નું બેલેન્સ મહામુસીબતે કાબૂમાં રાખી રહ્યા છે. પી. ડબલ્યુ. ટી. ની કામગીરી ઉપર ઉઠ્યા અનેક સવાલો રોડ ઉપર પડેલા ખાડાઓ તો પુરવામાં આવ્યા પરંતુ અકસ્માત સર્જાઇ તેવી સ્થિતિ નું નિર્માણ કરવામાં આવ્યું છે. પી. ડબલ્યુ ટી. એ આ પાથરવામાં આવેલ મટીરીયલ ની કપચીઓ કોઈ મોટો અકસ્માત નોતરે તો જવાબદારી કોની..??

# પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ લીમખેડા ખાતે ખીરખાઈ ગામમાં પંચવટી વિકાસ કેન્દ્રનું કર્યું લોકાર્પણ

તસ્વીર દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામ ખાતે સામાજિક વનીકરણ વિભાગ, દાહોદ દ્વારા પંચવટી વિકાસ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજરોજ કેબિનેટ મંત્રી તેમજ દાહોદ જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ પ્રસંગ નિમિત્તે રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.પંચવટી વિકાસ કેન્દ્ર ખાતે નાયબ વન સંરક્ષક દ્વારા પ્રભારી મંત્રી તેમજ રાજ્યમંત્રી સહિત ઉપસ્થિત તમામ મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપીને પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પંચવટી વિકાસ કેન્દ્રનું પ્રભારી મંત્રી ના વરદ હસ્તે તકતીનું અનાવરણ કરીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા તેમજ રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી.

# NSA ચીફ રઘુરામ શર્માએ કહ્યું કે આ વિશે ગૃહ પ્રધાનને માહિતીઓ આપી...

'સિક્રેટ ફાઈલ' નું શું કરવું? સમજાતું નથી સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે એ ફોન કરીને ને NSA ચીફ રઘુરામ શર્મા ને પુછ્યું.

NSA ચીફ રઘુરામ શર્મા એ કહ્યું કે આ વિશે ગૃહ પ્રધાન ને માહિતીઓ આપી ત્યારે એમનું સૂચન છે કે સિક્રેટ ફાઈલ ની માહિતીઓ મીડિયા સુધી પહોંચતી થશે તો ગુનેગાર ને ભગવાનો સમય મળી જશે.આ ફાઈલ ઓપન થશે તો એવું ઘણું બધું પક્ષ વિપક્ષ નું બહાર પડશે જેના લીધે આગામી ચૂંટણી પાર્ટી ને મોટું નુકશાન થઇ શકે છે. આ પ્રકાર ની સિક્રેટ ફાઈલ મળી ગઈ છે એ વિશે ની માહિતી ઓ બને ત્યાં સુધી ગુપ્ત રાખવા પ્રયત્ન કરજો.અન્ય બે સ્ટેટ ના ઈલેક્શન આગામી બેત્રણ માસ માં નજીક આવી રહ્યા છે એ પત્યા બાદ જ 'સિક્રેટ ફાઈલ' નું મિશન હાથ ધરજો.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ઊંડો નિસાસો નાખતા બોલ્યા કે સર, મિશન ડાકણ માં સો થી વધારે ભારતીય જાસૂસો એ બલિદાન આપ્યા છે એના બલિદાનો ને યાદ કરવાના બદલે ગૃહ પ્રધાન ને ચૂંટણીઓ ની પડી છે. આમ જ એક ના એક દિવસ આ દેશ માટે જાન આપનાર ની સંખ્યા ઘટશે. સિક્રેટ ફાઈલ ની માહિતીઓ ની મદદ થી ભારત માં વસ્તા બેગમ ના મળતિયા પર તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી શક્યા હોત. ખુલ્લે આમ ધન ના જોરે ડ્રગ્સ, હ્યુમન ટ્રાફિકિંગ,માનવ અંગના વેપાર વગેરે વગેરે કાળા ધંધા ના વેપાર નિત્ય લાખો સીટીઝન સ્વાહા થઈ રહ્યા છે એ સરકાર ને કેમ દેખાતું નથી?

NSA ચીફ રઘુરામ શર્મા એ ખંધુ હસતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ને કહ્યું કે આપણે સરકાર ની ચીઠ્ઠી ના ચાકર માત્ર બની ને રહી ગયા છીએ. આંખ સામે બધુંય સ્પષ્ટ દેખાતું હોવા છતાંય આપણા હાથ બંધાયેલા છે એટલે અફસોસ કરવા સિવાઈ કશુંય કરી શકતા નથી.

'મિશન ડાકણ' વીસ પચીસ વખત સફળતાની એકદમ નજીક બનવા છતાંય સફળ કેમ ના થયો? આ વિશે ક્યારેક નવરા પડો ત્યારે વિચારજો.જેની લાઠી એની ભેંસ જેવો નકશો આપણા ત્યાં છે ધન ની લાલચ માં તો મોટા મોટા ઓફિસરો પણ નાગો નાચ કરવા તૈયાર થઈ જતા હોય છે.

મતલબ

ફ્રાંસના નોર્મેન્ડી ગામ માં સીબીઆઈ ની ટીમ સ્થાનિક પોલીસ ને લઈને પહોંચે એના અમુક જ મિનિટો પહેલા જ બેગમ એના સાગરીતો સાથે રફુચક્કર થઈ ગઈ હતી. મુમતાઝ મહેલ ના બેઝમેન્ટમાં પેડલ હજારો લોકો ની લાશ સુકાયેલી કે એમાંથી નીકળતું લોહી થીજેલ નહતું. નોર્મેન્ડી બીચ પરના લોકો એ પોલીસ પૂછ પરછ માં બયાન આપ્યું હતું કે મુનમુન બેગમ નિયમિત બીચ પરની હોટલ માં દસ થી બાર વચ્ચે ના ગાળા માં આવે છે.એ દિવસે પણ બ્લેક બુરખા માં લોકોએ એને હોટેલ ની અંદર જતા જોયા હતા. સીબીઆઈ અને સ્થાનિક પોલીસ બે વાગ્યા ને ત્રીસ મિનિટ ત્યાં પહોંચી ત્યારે મુમતાઝ મહેલ સ્મશાન માં ફેરવાઈ ગયો હતો. આવું કેવી રીતે શક્ય છે? કોણે બેગમ ને સ્થાનિક પોલીસ સાથે સીબીઆઈ પોંહચી રહી છે એવો ભારત થી સંદેશ કોણે આપ્યો હશે? કોનો ફોન એના પર ગયો હતો?



મર્ડર મિસ્ટ્રી કેસ: ૯૫

- રુપાલી દવે

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ NSA ચીફ રઘુરામ શર્મા ની વાત સાથે સહમત થતા કહ્યું કે આપની વાત એકદમ સાચી છે પાકિસ્તાન માં તો મિનિટ ના ફેરે બેગમ નાસવા માં સફળ થઈ હતી. ઇટાલી માં તો મુનમુન બેગમ રેલવે સ્ટેશન માં નજર સામે હતી છતાંય ઉપર થી ઓર્ડર મળતા પકડી શક્યા નહતા. ન્યૂયોર્ક માં એને ત્યાંના રાજ નેતા સાથે ક્લબ માં જોતા ભારતીય જાસૂસ એ ફોન કર્યો હતો પણ ગૃહમંત્રીની પરમિશન ના ચક્કર માં એ છટકી ગઈ હતી. ક્રિમીનલ બેગમ અવાર નવાર લંડન માં જાસૂસો ને હાથ લાગી જાય છે પણ એ ત્યાંની નાગરિક હોવાના લીધે એને પકડવી મુશ્કેલ બને છે. જ્યારે ભારત માંથી એના મિયા ની કર્મ કુંડળી સમાપ્ત કરીને ધન સંપતિ લઈને ભાગી ત્યારે મોટા માણસ ની મદદ થી ગળાડૂબ રૂપિયા મેળવ્યા બાદ પુષ્કર ની પોલીસે એને પકડવાનું નાટક કરીને પાકિસ્તાન ભગાડવા માં મદદ કરી હતી. પોલીસ તંત્ર,ન્યાય તંત્ર અને રાજકારણ ની રહેમ રાહ માં મુનમુન બેગમ જેવા ક્રિમીનલ ગુનેગાર જેલ ના સળિયા ની પાછળ રહેવાના બદલે ખુલ્લેઆમ ફરી રહ્યા છે. ગુનેગાર અતિક અહમદ અને એના ભાઈ ના એન્કાઉન્ટર ને પચ્ચીસ વર્ષ થઈ ગયા બાદ શું થયું? બન્ને ગુનેગારનું એન્કાઉન્ટર કરનાર ચાર લવર મૂછિયા પકડાયા તો ખરા પણ એના પર શું કાર્યવાહી થઈ? આ કેસ અંતર્ગત શરૂઆત માં મીડિયા માં તો મીડિયા માં ખૂબ ચર્ચાઓ ગુંજી પણ બેત્રણ મહિના બાદ ધીમે ધીમે કેસ રફેદફે થતા જનતા ના માનસપટ પરથી પુષ્કર ના ડોન ના એન્કાઉન્ટર નો કિસ્સો ભૂંસાઈ ગયો. સર,આજે અતિક અહમદ અને એના ભાઈ ને બદલે એકમ નો એકો 'બેગમ' બન્યા બાદ ૨૫ વર્ષ બાદ પણ ભારતીય પ્રસાશન એના માંથા નો વાળ પણ વાંકો કરી શકી નથી. મને તો લાગે છે કે સર,

ક્રિમીનલ મુનમુન બેગમ ની ફાઈલ બંધ કરી નાખીએ તો..એની પાછળ લગાવેલ જાસૂસો ની જાન બચી જશે એ લોકો અન્ય કેસ માં એમની તાકાત લગાવી શકશે.

અશક્ય છે,

કેમ?

આ દુનિયા માં 'ધન' માણસ ની મોટા માં મોટી કમજોરી છે જેની પાસે છે એનામાં ખર્ચવા કરતા વધારે ના વધારે મેળવવા ની લાલસા છે.

NSA ચીફ રઘુરામ શર્મા એ હકાર ભણતા કીધું કે આપની સાવ સાચી વાત છે ક્રિમીનલ મુનમુન બેગમ ના કેસ ની ફાઈલ પ્રશાસન બંધ કરે તો સરકારે ચૂંટણી માં લોકો ને જવાબ આપવા પડે.જો ક્રિમીનલ મુનમુન બેગમ ના કેસ ને તાકાત આપે તો ચૂંટણીઓ માં ખર્ચતા અઢળક નાણાં ક્યાંથી લાવશે. માણસ એની મહત્વકાંક્ષા,સ્વાર્થ અને ધન મેળવવાની લાલસા માં માણસાઈ ને સાવ ભૂલી જતો હોય છે.

સિક્રેટ ફાઈલ?

સિક્રેટ ફાઈલ ઓપન કરવા માટે કોર્ટ ની મંજૂરી એમ જલ્દી મળશે નહી એના માટે કાનૂની લડાઈ લડવી પડશે.જો સરકાર ની ઈચ્છા 'સિક્રેટ ફાઈલ' અંતર્ગત કાર્યવાહી ની હોત તો ગૃહ મંત્રી ના ઈશારે કોર્ટ ફાઈલ ઓપન કરવા ની તાત્કાલિક મંજૂરી આપી દેત. સારું ચાલો ગૃહ મંત્રી ના બંગલે સાંજે ડિનર પાર્ટીમાં મળીએ છીએ.

જય હિન્દ બોલી ને NSA ચીફ રઘુરામ શર્મા એ ફોન કટ કર્યો.

શું કરવું સમજાતું નહતું?

સીબીઆઈ ચેમ્બર માં નિરાશ વદને બેઠેલા પ્રદ્યુમ્ન સિંહ ના ઉદાસ ચહેરા ને જોતા ઈન્સ્પેક્ટર એ પૂછ્યું શું થયું?

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે દર્દીલું સ્મિત કરતા ઈન્સ્પેક્ટર ને કહ્યું કે ૨૫ વર્ષ બાદ મિશન ડાકણ ઈમ્પોસિબલ...મતલબ સાવ ઈમ્પોસિબલ બનતું જતું લાગી રહ્યું છે..આ મિશન પાછળ કેટકેટલા લોકો એ જાન ના જોખમ એ મહેનત કરી છે છતાંય સરકાર આ મિશન ની મુખ્ય કડી 'સિક્રેટ ફાઈલ ને' નામશેષ કરવા માં લાગી છે. સમજાતું નથી શું કરવું? ૨૫ વર્ષ ની મહેનત પર પાણી ફેરવવાના સરકાર ના મનસુબા ને સમજી શકતો નથી. શું કરું? સાંજ ની ડિનર પાર્ટીમાં ગૃહ મંત્રી ને 'સિક્રેટ ફાઈલ' સુપરત કરું કે ?

તમારા પાસે આઈડિયા છે?

સહેજ સ્મિત કરીને ઈન્સ્પેક્ટર ધીમેથી બોલ્યા કે સર,જહાં ચાહ હૈ વહા રાહ હૈ ચિંતા મત કરો હર સમસ્યા કા ઉકેલ હોતા હૈ..

# સલમાન ખાન ફરહાન સાથે બે ભાગમાં પિરિયડ ફિલ્મ બનાવશે






મુંબઈ : સુપર સ્ટાર સલમાન ખાન હાલ ફરહાન અખ્તર સાથે પિરિયડ ફિલ્મ બનાવવા માટે ચર્ચા કરી રહ્યો હોવાની વાત બહાર આવી છે. હાલ સલમાન ખાન વામ્સી પેઈડીપલ્લીની એક્શન ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. એ પછી તે ધ ફેમિલિ મેનના સર્જકો રાજ અને ડીકે સાથે એક્શન કોમેડી ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ કરશે. દરમ્યાન તેણે ૨૦૨૭નું આયોજન શરૂ કરી દીધું છે.

ફરહાન અખ્તર અને સલમાન એક મહિનાથી આ પિરિયડ ફિલ્મ બાબતે ચર્ચા કરી રહ્યા છે. જો બધું થાળે પડશે તો બે ભાગમાં આ ફિલ્મ બને તેવી યોજના આકાર લેશે તેમ મનાય છે. ફરહાન અખ્તર આ પ્રોજેક્ટ સાથે નિર્માતા તરીકે જોડાઇ રહ્યો છે. ફિલ્મના નિર્દેશકનું નામ હજી જાહેર કરવામાં આવ્યું નથી. આ સૂચિત પિરિયડ ફિલ્મનું શૂટિંગ ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીની એક્સલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા ૨૦૨૭ના ઉનાળામાં શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

સલમાન ખાનને આ ફિલ્મમાં ઉંડો રસ પડયો છે. જો કે,હાલ હજી વાત પ્રાથમિક તબક્કે છે અને કશું નક્કી થયું નથી. પણ સલમાન અને ફરહાન બંને જણાં પહેલીવાર એકસાથે કામ કરવા માટે ઉત્સુક છે. આ ફિલ્મ વિશે વર્ષના અંતે વધુ માહિતી જાણવા મળે તેવી સંભાવના છે.

# 'કોમ્પ્રોમાઇઝ માટે ₹1 લાખની ઓફર થઈ હતી': કહ્યું- નોન-નેપોકિડ સાથે થતું રહે છે

## પીકે એક્ટ્રેસ માનવીએ કાસ્ટિંગ કાઉચનો અનુભવ શેર કર્યો...



(એજન્સી) મુંબઇ | તા 19

'પીકે', 'કિલ દિલ' અને 'શુભ મંગલ જ્યાદા સાવધાન' જેવી ફિલ્મોમાં જોવા મળેલી એક્ટ્રેસ માનવી ગાગરુએ કાસ્ટિંગ કાઉચ પર મોટો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું છે કે કરિયરની શરૂઆતમાં તેને કોમ્પ્રોમાઇઝ કરવા માટે 1 લાખ રૂપિયાની ઓફર મળી હતી.

તાજેતરમાં ટુ ગર્લ્સ વિથ ટુ કપ્સના પોડકાસ્ટમાં માનવી ગાગરુએ જણાવ્યું છે કે તેને કરિયરની શરૂઆતમાં એક કોઓર્ડિનેટર તરફથી મેસેજ આવ્યો, જેમાં લખ્યું હતું, 'બજેટ 1 લાખ અને સાથે કોમ્પ્રોમાઇઝ.'

એક્ટ્રેસને લાગ્યું કે કદાચ બજેટમાં કોમ્પ્રોમાઇઝની વાત થઈ રહી હશે. આગળ તેણે જણાવ્યું, હું તે સમયે ઇન્ડસ્ટ્રીમાં નવી હતી. મેં જવાબમાં લખ્યું કોમ્પ્રોમાઇઝ શું. પરંતુ પછી મેં સવાલ કર્યો કે શું તે આટલી મોટી વાત આટલી આરામથી લખી શકે છે. આ ઘટના પછી એક્ટ્રેસ એક કાસ્ટિંગ ડિરેક્ટર પાસે ગઈ, જેની સાથે તે કામ કરી રહી હતી. તેણે કાસ્ટિંગ ડિરેક્ટરને મેસેજ બતાવીને પૂછ્યું કે શું આ તે પ્રકારના કોમ્પ્રોમાઇઝની વાત કરી રહ્યા છે. આના પર તેમને તે વ્યક્તિને બ્લોક કરવાની સલાહ આપવામાં આવી.

એક્ટ્રેસે આ કિસ્સો શેર કરતા કહ્યું છે કે, 'મને પહેલા ખરેખર લાગ્યું કે કોમ્પ્રોમાઇઝ એટલે બજેટ સાથે જોડાયેલું કોમ્પ્રોમાઇઝ હશે કે GST જેવું કંઈક હશે. આ એ વસ્તુ છે, જે નોન નેપોકિડ્સ સાથે થતી રહે છે.'

**રાધિકા આપ્ટે** રાધિકા આપ્ટેએ જણાવ્યું હતું કે એક ફિલ્મમાં રોલ આપવાના બદલે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ તે વ્યક્તિ સાથે સૂવામાં સહજ હશે. તેણે કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકો આવા અનુભવોમાંથી પસાર થાય છે પરંતુ ખુલીને બોલી શકતા નથી.

**સુરવીન ચાવલા** સુરવીન ચાવલાએ 2025માં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે એક દિગ્દર્શકે તેને મળતી વખતે અચાનક તેને કિસ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે કહ્યું કે આ ઘટના તેમના લગ્ન પછી બની હતી અને તેનાથી તેઓ ખૂબ જ અસ્વસ્થ થઈ ગઈ હતી.

**મલ્લિકા શેરાવત** મલ્લિકા શેરાવતે ઘણી વાર કહ્યું છે કે કેટલાક લોકો ફિલ્મોમાં કામ આપવાના બદલામાં અંગત સંબંધોની અપેક્ષા રાખે છે. તેના મતે, જો એક્ટ્રેસ આવી માંગણીઓને નકારી કાઢે તો ઘણી વાર તેને પ્રોજેક્ટમાંથી બહાર પણ કરી દેવામાં આવે છે.

**રિચા ચઢ્ઢા** રિચા ચઢ્ઢાએ તેમની શરૂઆતની કારકિર્દીમાં મળેલા વાંધાજનક ઓફરનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે નવા કલાકારોને ઘણી વાર આવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે.

# 'તારક મહેતા' શોનો 'બાઘા' સેટ પર ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો

## માતાની યાદ આવતા ભાંગી પડ્યો; શૂટિંગ રોકવું પડ્યું, પ્રોડ્યુસર અસિત મોદીએ ટેકો આપ્યો





(એજન્સી) મુંબઇ | તા 19

ટેલિવિઝનના લોકપ્રિય ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં બાઘાનું પાત્ર ભજવનાર તન્મય વેકારિયાનું શૂટિંગ દરમિયાન બ્રેકડાઉન થઈ ગયું. તે સેટ પર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો, જેના પછી શોનું શૂટિંગ થોડા સમય માટે રોકવું પડ્યું.

તન્મય વેકારિયા સેટ પર ઓનસ્ક્રીન ગર્લફ્રેન્ડ બનેલી બાવરી સાથે એક લવ સ્ટોરી સંબંધિત સીન કરી રહ્યો હતો. ડિરેક્ટરે જેવું જ એક્શન બોલ્યું, તન્મય સીન કરવાને બદલે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. આવી સ્થિતિમાં ત્યાં હાજર લોકોએ શૂટિંગ રોકાવી દીધું.

હવે ટીવી શોના સેટ પરથી એક વીડિયો સામે આવ્યો છે, જેમાં શોના પ્રોડ્યુસર તન્મયનો હાથ પકડીને તેને સંભાળી રહ્યા છે. થોડા સમય પહેલા ઓક્ટોબર 2025માં જ તન્મય વેકારિયાની માતાનું નિધન થયું હતું. તે પુત્રને બાઘાના રોલમાં ખૂબ પસંદ કરતા હતા.

તન્મય વેકારિયા વિશે- તન્મય વેકારિયા છેલ્લા ઘણા વર્ષોથી તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોમાં બાઘાનું પાત્ર ભજવી રહ્યા છે.

તન્મય વેકારિયા 44 વર્ષના છે, જે એક ગુજરાતી એક્ટર છે.

તન્મય વેકારિયા 2009ની ફિલ્મ 'ઢૂંઢતે રહ જાઓગે'માં પણ જોવા મળ્યો છે.

ફિલ્મ સમય ચક્રમાં પણ તેમણે નાની ભૂમિકા ભજવી હતી. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો વિશે-

શોમાં હાલમાં બાઘા અને બાવરીની લવ સ્ટોરી બતાવવામાં આવી રહી છે.

2008 થી પ્રસારિત થઈ રહેલો તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો ભારતનો સૌથી લાંબો ચાલતો શો છે.

ફેબ્રુઆરી 2024 સુધીમાં શોના 4 હજારથી વધુ એપિસોડ પૂર્ણ થઈ ચૂક્યા છે.

આ શોને કલ્ટનો દરજ્જો આપવામાં આવે છે. શોમાં દિશા વાકાણી જેઠાલાલની પત્ની દયાબેનના રોલમાં હતી. 2017માં તેણે શોમાંથી મેટરનિટી લીવ લીધી હતી, પરંતુ માતા બન્યા પછી પણ તે શોમાં પાછી ફરી નહીં. ત્યારથી જ શોમાં નવી દયાબેનની કાસ્ટિંગના સમાચાર સતત આવતા રહે છે. આ એકમાત્ર શો છે જે છેલ્લા 9 વર્ષથી લીડ એક્ટ્રેસ વગર ચાલી રહ્યો છે. 2020માં અંજલિ ભાભીનું પાત્ર ભજવનાર નેહા મહેતાએ શો છોડી દીધો હતો.

તેમનું કહેવું હતું કે સેટ પર ઘણી જગ્યાએ અનુશાસન અને પ્રોફેશનલ માહોલનો અભાવ હતો. તેમણે આરોપ લગાવ્યો કે શો છોડ્યા પછી પણ તેમને તેમનું બાકી ચૂકવણું મળ્યું નથી. તેના જવાબમાં પ્રોડક્શન હાઉસે કહ્યું કે નેહાએ જરૂરી એક્ઝિટ ફોર્માલિટીઝ પૂરી કરી ન હતી, તેથી ફાઈનલ પેમેન્ટ થઈ શક્યું નહીં.

### જેનિફર મિસ્ત્રી પર પ્રોડ્યુસર દ્વારા જાતીય સતામણીના આરોપો

2023માં, જેનિફર મિસ્ત્રી બંસીવાલે શો છોડતી વખતે નિર્માતા અસિત કુમાર મોદી, એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતીન બજાજ અને પ્રોજેક્ટ હેડ સોહેલ રમાણી પર જાતીય સતામણી (સેક્સ્યુઅલ હેરેસમેન્ટ)ના આરોપો લગાવ્યા હતા. મે 2023માં, મોનિકા ભદૌરિયાએ આરોપ લગાવ્યો કે શોના સેટ પર કામનું વાતાવરણ સારું નહોતું અને ઘણા કલાકારોના પૈસા રોકવામાં આવ્યા હતા. તેમણે એવો પણ દાવો કર્યો કે મુનમુન દત્તા અને અસિત મોદી વચ્ચે અવારનવાર દલીલો થતી હતી.




# બોલિવૂડ બ્રીફ: શાહરુખની ઉદારતાથી મરાઠી ફિલ્મને ફાયદો

## 'કાલા હિરણ' બનાવનાર અમિત જાનીને ધમકી મળી, સની દેઓલની 'બંટવારા 1947'નું ટીઝર રિલીઝ...

(એજન્સી) મુંબઇ | તા 19

ફિલ્મ પ્રોડ્યુસર અમિત જાનીએ દાવો કર્યો છે કે તેને કથિત આતંકવાદી શહઝાદ ભટ્ટી તરફથી ધમકીભર્યો ફોન આવ્યો છે. અમિત જાનીએ આ મામલાની જાણકારી ઈ-મેલ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાજસ્થાનના ડીજીપી યુઆર સાહૂને આપી છે. જાનીના મતે, આ ધમકી તેની આગામી ફિલ્મ 'કાલા હિરણ: ધ બેટલ ફોર લેગસી' સાથે સંબંધિત છે.

આ ફિલ્મ એક્ટર સલમાન ખાન સાથે સંકળાયેલા કાળા હરણના શિકાર કેસથી પ્રેરિત હોવાનું કહેવાય છે. આ ફિલ્મના ટીઝર રિલીઝ થયા બાદથી જ વિવાદ ચાલી રહ્યો છે. એક્ટર સલમાન ખાને પોતાના પર્સનાલિટી રાઈટ્સના ઉલ્લંઘનનો આરોપ લગાવતા ફિલ્મ પર રોક લગાવવા માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. આ મામલે કોર્ટમાં 19 જૂને સુનાવણી થવાની છે.

શાહરુખ ખાનની મદદથી મરાઠી ફિલ્મે રેકોર્ડ કમાણી કરી મરાઠી ફિલ્મ 'દેઉલ બંધ 2' ના નિર્દેશક પ્રવીણ તરડેએ ફિલ્મની મોટી સફળતાનો શ્રેય એક્ટર શાહરુખ ખાનની ઉદારતાને આપ્યો છે. ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર 80 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું છે. આ સાથે, તે અત્યાર સુધીની ચોથી સૌથી વધુ કમાણી કરનારી મરાઠી ફિલ્મ બની ગઈ છે. તરડેએ જણાવ્યું કે સિનેમાઘરોમાં ફિલ્મ બતાવવા માટે ડિજિટલ સિનેમા પેકેજ (DCP) ની જરૂર હતી, જેના માટે તેમણે શાહરૂખ ખાનના પ્રોડક્શન હાઉસ રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટનો સંપર્ક કર્યો હતો.

દિગ્દર્શકના કહેવા મુજબ, તેમણે આ કામ માટે 12 લાખ રૂપિયાનું બજેટ રાખ્યું હતું, પરંતુ અંતિમ ખર્ચ 42 લાખ રૂપિયા આવ્યો. તરડે પાસે રેડ ચિલીઝને ચૂકવવા માટે એટલા પૈસા નહોતા, પરંતુ શાહરુખ ખાનના પ્રોડક્શન હાઉસે તેમની મદદ કરી જેના કારણે ફિલ્મ સમયસર રિલીઝ થઈ શકી.

**સની દેઓલની ફિલ્મ 'બંટવારા 1947'નું ટીઝર રિલીઝ** એક્ટર આમિર ખાન અને સની દેઓલ વિભાજનની પૃષ્ઠભૂમિ પર આધારિત એક નવી વાર્તા 'બંટવારા 1947' લઈને આવી રહ્યા છે. ગુરુવારે આ ફિલ્મનું પહેલું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું, જેમાં દેશના ભાગલા સમયના દ્રશ્યો દર્શાવવામાં આવ્યા છે. એક મિનિટ પાંચ સેકન્ડના આ ટીઝરની શરૂઆત આમિર ખાનના વૉઈસઓવરથી થાય છે. આમિર જણાવે છે કે કેવી રીતે 200 વર્ષના સંઘર્ષ પછી ભારતને આઝાદી તો મળી, પરંતુ દેશને વિભાજનનું દર્દ પણ સહન કરવું પડ્યું.

ટીઝરમાં હુલ્લડો વચ્ચે શબાના આઝમી, પ્રીતિ ઝિન્ટા અને અલી ફઝલના પાત્રોની ઝલક બતાવવામાં આવી છે. વીડિયોના અંતમાં સની દેઓલ હુલ્લડખોરોનો સામનો કરતા નજર આવે છે. આ ફિલ્મમાં સનીના પુત્ર કરણ દેઓલ પણ સામેલ છે. આ ફિલ્મ આ જ વર્ષે 14 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# પ્રિયદર્શનનો 'ધુરંધર' લાવશે 'દુલ્હનિયા લે આયેગી'

## ડિરેક્ટરે આકાશાદિત્ય લામાને શુભેચ્છા પાઠવી; મહેશ માંજરેકર અને પિયુષ મિશ્રા મુખ્ય ભૂમિકા ભજવશે



(એજન્સી) મુંબઇ | તા 19

ફિલ્મમેકર પ્રિયદર્શનના શિષ્ય આદિત્ય ધરે થોડા સમય પહેલાં જ 'ધુરંધર' ફ્રેન્ચાઇઝ આપીને દર્શકોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. ત્યારે પ્રિયદર્શનના વધુ એક 'ધુરંધર' શિષ્ય, આકાશાદિત્ય લામા નવી ફિલ્મ લઈને આવી રહ્યા છે. ફિલ્મનું નામ 'દુલ્હનિયા લે આયેગી' છે. પ્રિયદર્શને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર આકાશાદિત્ય લામા અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા છે. આ એક પારિવારિક મનોરંજન ફિલ્મ હશે.

જેમાં મહેશ માંજરેકર, પીયૂષ મિશ્રા અને ખુશાલી કુમાર મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મની રિલીઝ ડેટ અને ફર્સ્ટ લુકની જાહેરાત આગામી મહિનાઓમાં કરવામાં આવી શકે છે.

પ્રિયદર્શન અને આકાશાદિત્ય લામાનો જૂનો સર્જનાત્મક સંબંધ રહ્યો છે. લામાએ પ્રિયદર્શન સાથે ઘણા મોટા પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે અને તેમના ડિરેક્શનમાં ઝિણવટ શીખી છે. સોશિયલ મીડિયા પર પ્રિયદર્શને લખ્યું, 'આકાશાદિત્ય લામા અને દુલ્હનિયા લે આયેગીની આખી ટીમને અભિનંદન.'

'આકાશાદિત્યે મારી સાથે કામ કર્યું છે અને તેમને આ અનોખા ફેમિલી એન્ટરટેઈનરને આગળ વધારતા જોઈને ખરેખર ખૂબ આનંદ થાય છે. હું આખી ટીમને સફળતાની શુભેચ્છાઓ પાઠવું છું.'

આ ફિલ્મની સ્ટાર કાસ્ટ ઘણી મજબૂત છે. તેમાં મહેશ માંજરેકર અને પીયૂષ મિશ્રા જેવા અનુભવી કલાકારો શામેલ છે, જેઓ તેમની ઉત્તમ એક્ટિંગ અને કોમેડી માટે જાણીતા છે. આ ઉપરાંત, ફિલ્મમાં એક્ટ્રેસ ખુશાલી કુમાર પણ એક મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે, જે ફિલ્મની વાર્તામાં એક નવો અને યુવા દ્રષ્ટિકોણ લાવશે.

# નખરાળી રાહાના કેમેરા પોઝ, VIDEO:આલિયા ભટ્ટે દીકરીના સિક્રેટ ખોલ્યા, કહ્યું- 'ડાન્સ-મ્યુઝિકની શોખીન'





(એજન્સી) મુંબઇ | તા 19

એક્ટ્રેસ આલિયા ભટ્ટે તાજેતરમાં અમૃત રત્ન સમિટ દરમિયાન પોતાના બાળપણ અને દીકરી રાહા વિશે ખૂલીને વાત કરી છે. આલિયાએ જણાવ્યું કે, બાળપણથી જ તેને એક્ટિંગનો શોખ હતો અને તે અરીસા સામે કલાકો સુધી પરફોર્મન્સ આપતી હતી. તેણે એ પણ ખુલાસો કર્યો કે, તેની દીકરી રાહા પણ જન્મજાત પરફોર્મર છે.

આલિયાના મતે, રાહા ઘણી 'ફિલ્મી' છે, તેને ડાન્સ કરવો અને ગીતો સાંભળવા ખૂબ ગમે છે. રાહા ખૂબ જ ઝડપથી ડાન્સ સ્ટેપ્સ શીખી લે છે અને તે એક લીડરની જેમ વસ્તુઓને સમજે છે.

રાહામાં કલાકારના ગુણ દેખાય છે આલિયાએ જણાવ્યું કે રાહા હજુ ખૂબ નાની છે, પરંતુ તે અલગ-અલગ વસ્તુઓમાં પોતાની રુચિ બતાવી રહી છે. તે માત્ર ડાન્સ અને મ્યુઝિકમાં જ રસ નથી ધરાવતી, પરંતુ સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓમાં પણ ઘણી આગળ છે. આલિયાએ કહ્યું, 'રાહા હજુ પોતાની વસ્તુઓને ઓબ્ઝર્વ કરી રહી છે. તે આર્ટ, ડાન્સ અને સ્પોર્ટ્સ જેવી ઘણી પ્રવૃત્તિઓમાં હાથ અજમાવી રહી છે.'

'તે પોતાની રીતે એક વિચારક અને લીડર છે.' એક્ટ્રેસે મજાકમાં એ પણ કહ્યું કે, 'જો હું એમ કહું તો ખોટું નહીં હોય કે રાહાનું ભવિષ્ય સ્ટેજ માટે જ બન્યું છે.'

કહેવત છે કે, મોરના ઈંડા ચિતરવા ન પડે. તેવી જ રીતે જ્યારે માતા આલિયા ભટ્ટ અને પિતા રણબીર કપૂર સુપરસ્ટાર હોય, તો દીકરી રાહામાં પણ સુપરસ્ટાર જેવા ગુણો દેખાવા સ્વાભાવિક છે. જ્યારે પણ રાહા મમ્મી-પપ્પા સાથે જાહેરમાં દેખાય છે, ત્યારે તે પાપારાઝીને જોઈને ગભરાતી નથી પરંતુ એક સેલિબ્રિટીની જેમ પોઝ આપે છે.

ગત વર્ષે ક્રિસમસની ઉજવણી માટે કપૂર પરિવારે ખાસ આયોજન કર્યું હતું. તે સમયે રાહાએ બેબી પિંક અને વ્હાઈટ ફ્રોક પહેર્યું હતું. પાપારાઝી સામે આવતા જ રાહાએ હાથ હલાવ્યો અને કહ્યું- 'હાય ફેન્સ'. આ પછી તેણે ફ્લાઈંગ કિસ પણ આપી હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# શ્રેયંકા પાટિલ ટી-20 વિશ્વ કપમાંથી બહાર, પ્રેમા રાવતને મળી ટીમમાં જગ્યા

## ● ભારત 21 જૂને ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે



(એજન્સી) લીડ્સ । તા. 19

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે એક મોટો આંચકો સામે આવ્યો છે. સ્ટાર ખેલાડી શ્રેયંકા પાટિલ પગની ઘૂંટીની ગંભીર ઈજાને કારણે બાકીની ટી-૨૦ વિશ્વ કપ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. નેધરલેન્ડ સામેની મેચ દરમિયાન શ્રેયંકાને ઈજા પહોંચી હતી, જેના કારણે તેને મેદાન છોડવું પડ્યું હતું.

શ્રેયંકા પાટિલની જગ્યાએ હવે અનકેપ્ડ સ્પિનર પ્રેમા રાવતને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવી છે. વર્લ્ડ કપની ઈવેન્ટ ટેકનિકલ કમિટીએ ગુરુવાર રાત્રે આ ફેરફારને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. પ્રેમા રાવત તેના શાનદાર લેગ-સ્પિન માટે જાણીતી છે. તેણે અગાઉ 'વુમન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ' ટુર્નામેન્ટમાં ભારતની વિજયી સફરમાં મહત્વની ભૂમિકા ભજવીને ૮ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત, ગયા વર્ષે ભારત 'એ' ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર પણ તેણે ૩ મેચમાં ૭ વિકેટ લઈને પોતાનું કૌશલ્ય સાબિત કર્યું હતું. મહિલા પ્રીમિયર લીગ (WPL) માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી રમતી વખતે પણ તેણે પોતાના સ્પિન જાદુથી સૌને પ્રભાવિત કર્યા છે.

ભારતીય ટીમ અત્યાર સુધી રમાયેલી પોતાની બંને મેચ જીતીને મજબૂત સ્થિતિમાં છે. હવે ટીમનો આગામી મુકાબલો ૨૧ જૂનના રોજ માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે દક્ષિણ આફ્રિકા સામે થશે. શ્રેયંકાની ગેરહાજરીમાં પ્રેમા રાવતનું ટીમમાં આવવું ભારતીય બોલિંગ આક્રમણને નવી ઊર્જા પૂરી પાડી શકે છે.

પ્રેમા રાવતની પસંદગી બાદ, મહિલા સિલેક્શન કમિટીએ ઈંગ્લેન્ડ 'એ' સામેની આગામી શ્રેણી માટે ભારત 'એ' ની ટીમોમાં પણ કેટલાક ફેરફારો કર્યા છે. આ નિર્ણયો મુજબ, નિકી પ્રસાદને ભારત 'એ' ટી-૨૦ સ્ક્વોડમાં અને મિનુ મણીને ભારત 'એ' વન-ડે સ્ક્વોડમાં સામેલ કરવામાં આવી છે.

# વૈભવ સૂર્યવંશીને વસીમ જાફરની સલાહ, જાફરે આપી સચિનની પ્રેરણા



(એજન્સી) કોલંબો । તા. 19

ઈન્ડિયા 'એ' ના યુવા અને ઉભરતા બેટર વૈભવ સૂર્યવંશી તાજેતરમાં શ્રીલંકા 'એ' સામેની મેચ દરમિયાન થયેલા વિવાદને કારણે ચર્ચામાં છે. મેચ બાદ શ્રીલંકન ખેલાડી સાથે થયેલી તીખી બોલાચાલી અને ત્યારબાદ ધક્કામુક્કીની સ્થિતિ બાદ પૂર્વ ભારતીય ક્રિકેટર વસીમ જાફરે વૈભવને પોતાના વર્તન પર નિયંત્રણ રાખવાની કડક સલાહ આપી છે.

મીડિયા અહેવાલ મુજબ, ઈન્ડિયા 'એ' અને શ્રીલંકા 'એ' વચ્ચેની ટ્રાઈ-સિરીઝની મેચમાં સુપર ઓવરમાં હાર બાદ મેદાન પર તણાવ વધ્યો હતો. શ્રીલંકન ખેલાડી વિશેન હાલામબાગે અને વૈભવ સૂર્યવંશી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદમાં ધક્કામુક્કી સુધી પહોંચી હતી. મેદાન પરના અમ્પાયરો અને અન્ય ખેલાડીઓએ વચ્ચે પડીને મામલો શાંત પાડવો પડ્યો હતો. વસીમ જાફરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ગમે તેટલી ઉશ્કેરણી થાય, પરંતુ શારીરિક ટકરાવ કે હાથાપાઈ કોઈપણ રીતે સ્વીકાર્ય નથી. વસીમ જાફરે પોતાની યુટ્યુબ ચેનલ પર આ ઘટના પર પ્રતિક્રિયા આપતા વૈભવને એક રોલ મોડલ તરીકે વર્તવાની સલાહ આપી છે. તેમણે કહ્યું, "વૈભવ પાસે હવે ઓળખ છે અને વિરોધી ખેલાડીઓ તેને માનસિક રીતે પરેશાન કરીને ઉશ્કેરવાનો પ્રયાસ કરશે. તેણે સચિન તેંડુલકર પાસેથી શીખવાની જરૂર છે, જેમણે ખૂબ નાની ઉંમરે પદાર્પણ કર્યું હતું, પરંતુ ક્યારેય આવા વિવાદોમાં પડ્યા નહોતા." જાફરનું માનવું છે કે, ક્રિકેટમાં મેદાન પરની નોકઝોક રમતનો એક ભાગ છે, પરંતુ તેની એક મર્યાદા હોય છે. વૈભવે આ ઘટનામાંથી સબક લેવો જોઈએ અને મેદાન પર પોતાની ગરિમા જાળવવી જોઈએ.



# એશિયન ગેમ્સમાં પસંદગી પર મનિકા બત્રાનો વિરોધ

મુંબઈ | ભારતની અગ્રણી ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાએ આગામી એશિયન ગેમ્સ માટેની ભારતીય ટીમમાં પોતાની બાદબાકી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. મનિકાએ આ સમગ્ર પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા અને સુસંગતતાનો અભાવ હોવાનું જણાવીને રમત મંત્રાલય અને ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) પાસે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.

## પસંદગી પ્રક્રિયા પર મનિકાના સવાલ

એશિયન ગેમ્સમાં મેડલ વિજેતા રહી ચૂકેલી મનિકા બત્રાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેણીની બાદબાકી અત્યંત નિરાશાજનક છે, કારણ કે પસંદગીના માપદંડોને કેવી રીતે લાગુ કરવામાં આવ્યા તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. હાલમાં વિશ્વ રેન્કિંગમાં ૫૧મા ક્રમે રહેલી મનિકાએ પ્રશ્ન કર્યો છે કે, જો પસંદગી વિશ્વ રેન્કિંગ, રાષ્ટ્રીય રેન્કિંગ અને પસંદગીકારોની વિવેકબુદ્ધિ પર આધારિત હોય, તો દરેક પરિમાણનું ભારણ (Weightage) કેવી રીતે નક્કી કરવામાં આવ્યું? ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાની પસંદગી નીતિ મુજબ, રાષ્ટ્રીય રેન્કિંગને ૫૦ ટકા, આંતરરાષ્ટ્રીય રેન્કિંગને ૪૦ ટકા અને પસંદગીકારોના રેટિંગને ૧૦ ટકા ભારણ આપવામાં આવે છે.

# ભારત મંડપમમાં ઐતિહાસિક ફિન્સિંગ (તલવારબાજી) સ્પર્ધાનો આરંભ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય રમતગમત જગત માટે એક ગર્વની ક્ષણ આવી છે. યુવા બાબતો અને રમત મંત્રાલયે 'આસિસ્ટન્સ ટુ નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન' યોજના હેઠળ ફિન્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયાને ૨૯મી સિનિયર એશિયન ફિન્સિંગ ચેમ્પિયનશિપના આયોજન માટે નાણાકીય ગ્રાન્ટને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ ટુર્નામેન્ટ આવતીકાલથી એટલે કે ૧૯ જૂનથી શરૂ થઈને ૨૪ જૂન સુધી ચાલશે.



## ઐતિહાસિક સ્થળ અને તૈયારીઓ

આ ટુર્નામેન્ટનું એક ખાસ પાસું એ છે કે, તે દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે આવેલા વિશ્વસ્તરીય 'ભારત મંડપમ' સંકુલમાં યોજાશે. વર્ષ ૨૦૨૩માં ઉદ્ઘાટન થયા બાદ, આ પહેલીવાર છે જ્યારે આ આધુનિક સ્થળ કોઈ સ્પર્ધાત્મક રમતગમતની ઈવેન્ટનું યજમાન બનશે.

## ભારતીય ખેલાડીઓનો દમદાર સંઘ

ફિન્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા (FAI) દ્વારા જાહેર કરવામાં આવેલી ૨૪ સભ્યોની રાષ્ટ્રીય ટીમમાં ૧૨ પુરુષ અને ૧૨ મહિલા ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમમાં યુવા પ્રતિભાઓ અને 'ખેલો ઈન્ડિયા'ના ખેલાડીઓનું પ્રભુત્વ છે. ટીમમાં ૧૭ સભ્યો 'ખેલો ઈન્ડિયા' એથ્લેટ્સ (KIAs) છે. આ ઉપરાંત, ઓલિમ્પિયન ભવાની દેવી (સેબર) અને તનિષ્કા ખત્રી (એપી) જેવા અનુભવી અને 'ટાર્ગેટ એશિયન ગેમ્સ ગ્રુપ' (TAGG) ના ખેલાડીઓ પણ ભારતીય પડકાર રજૂ કરશે. કરણ સિંહ અને શ્રેયા ગુપ્તા જેવા ઉભરતા સિતારાઓ પણ ટીમમાં સામેલ છે, જે ભારતીય ફેન્સિંગની વધતી તાકાતનું પ્રતીક છે.

ચેમ્પિયનશિપની શરૂઆત શુક્રવારે વ્યક્તિગત પુરુષ સેબર અને મહિલા ફોઈલની પ્રારંભિક પૂલ અને એલિમિનેશન રાઉન્ડ સાથે થશે. આ જ દિવસે સાંજે ૬ વાગ્યાથી ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાશે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન વિશ્વસ્તરીય રમતગમત જોવા મળશે, જેમાં ૨૨ જૂનથી ટીમના નોકઆઉટ મુકાબલાઓ શરૂ થશે.

આ આયોજનથી ભારતમાં ફેન્સિંગ જેવી રમતોને વધુ લોકપ્રિયતા મળશે અને આપણા ખેલાડીઓને ઘરઆંગણે રમવાનો મોટો અનુભવ મળશે તેવી અપેક્ષા રમતગમત નિષ્ણાતો સેવી રહ્યા છે.

# ગૌતમ ગંભીરને હટાવો, શ્રીસંતનો મોટો આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19



ભારતીય ક્રિકેટ જગતમાં ફરી એકવાર વિવાદના વંટોળ ફૂંકાયા છે. પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર એસ શ્રીસંતે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પર ગંભીર નિશાન સાધતા તેમને પદ પરથી હટાવવાની માગણી કરી છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં શ્રીસંતે ગંભીરની કાર્યશૈલી પર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, ભારતીય ટીમને હાલમાં કોઈ કડક કોચની નહીં, પરંતુ મહેન્દ્ર સિંહ ધોની જેવા મેન્ટરની જરૂર છે.

## ગંભીર વિરુદ્ધ શ્રીસંતની જૂની કડવાશ

શ્રીસંતના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેમની અને ગૌતમ ગંભીર વચ્ચેની વર્ષો જૂની કડવાશ હજુ પણ યથાવત છે. ગંભીર પર પ્રહાર કરતા શ્રીસંતે કહ્યું કે, "વર્તમાન ટીમ ઈન્ડિયામાં ગંભીરનું કોઈ કામ નથી. તેઓ ખેલાડીઓ પર બિનજરૂરી દબાણ લાવી રહ્યા છે, જે ટીમના હિતમાં નથી." આ આકરા શબ્દોએ ક્રિકેટ ચાહકોમાં નવી ચર્ચા જગાવી છે.

## T20 વર્લ્ડ કપની સફળતા પર પણ સવાલ


ગંભીરના કોચિંગ હેઠળ ભારતીય ટીમે આ વર્ષે ICC T20 વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે. જોકે, શ્રીસંત આ શ્રેય ગંભીરને આપવા તૈયાર નથી. તેમણે દાવો કર્યો કે, "લોકો કહી રહ્યા છે કે ગંભીરે ટીમને ચેમ્પિયન બનાવી છે, પણ તેમણે ખરેખર શું કર્યું છે? જો ટીમમાં સંજુ સેમસન, સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ અને તિલક વર્માની મહત્વપૂર્ણ ઈનિંગ્સ ન હોત, તો શું ભારત જીતી શક્યું હોત? ગંભીરને આ જીતનો શ્રેય આપવો યોગ્ય નથી."

શ્રીસંતે સૂચન કર્યું છે કે ગૌતમ ગંભીરના સ્થાને મહેન્દ્ર સિંહ ધોનીને મેન્ટર તરીકે નિયુક્ત કરવા જોઈએ. તેમના મતે, ધોનીનું વ્યક્તિત્વ અને અનુભવ યુવા ખેલાડીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં મદદરૂપ થશે, જ્યારે ગંભીરની શૈલી દબાણ પેદા કરનારી છે. આ કડવાશ પાછળ 2013નો કુખ્યાત સ્પોટ ફિક્સિંગ કેસ જવાબદાર છે. તે સમયે ગંભીરે શ્રીસંતની આકરી આલોચના કરી હતી. જોકે, કાયદાકીય લડાઈ બાદ શ્રીસંત પરથી તમામ આરોપો હટાવી દેવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેમની આંતરરાષ્ટ્રીય કરિયર અસ્ત થઈ ચૂકી હતી. આ ઘટનાક્રમ બાદ બંને વચ્ચે ક્યારેય સુમેળ સધાયો નથી, જેનું પ્રતિબિંબ શ્રીસંતના નિવેદનોમાં સ્પષ્ટ દેખાય છે.

## ક્રિકેટ જગતમાં પ્રતિક્રિયાઓ

શ્રીસંતના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર ચાહકો બે ભાગમાં વહેંચાઈ ગયા છે. એક વર્ગ ગંભીરના કોચિંગ હેઠળ મળેલી સફળતાના કારણે તેમનું સમર્થન કરી રહ્યો છે, જ્યારે બીજો વર્ગ શ્રીસંતના મંતવ્યોને ગંભીરતાથી લઈ રહ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા આ મામલે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી, પરંતુ ગંભીરના કોચિંગ કાર્યકાળ વચ્ચે આ પ્રકારના નિવેદનો ટીમની એકતા અને મનોબળ પર શું અસર કરશે, તે જોવું મહત્વનું રહેશે.

# ડ્રગ્સના રસ્તે ન જશો, નીરજ ચોપરાની ચેતવણી



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ઓલિમ્પિક મેડલ વિજેતા અને ભારતીય એથ્લેટિક્સનો સુવર્ણ ચહેરો ગણાતા નીરજ ચોપરાએ રમતગમતની દુનિયામાં ફેલાયેલી 'ડોપિંગ' નામની બદી સામે મોરચો માંડ્યો છે. ભારત છેલ્લા ત્રણ વર્ષથી વિશ્વ એન્ટી-ડોપિંગ એજન્સીની સૂચિમાં ડોપિંગના કેસોમાં ટોચ પર રહ્યું છે, જે દેશની રમતગમતની છબી માટે ચિંતાજનક છે. આ સમસ્યાને મૂળમાંથી નાબૂદ કરવા માટે, નીરજ ચોપરા ફાઉન્ડેશને ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

## ધીરજ અને મહેનતનો કોઈ વિકલ્પ નથી

IOA એથ્લેટ્સ ફોરમમાં એક વીડિયો સંદેશ મારફતે નીરજ ચોપરાએ નવી પેઢીના ખેલાડીઓને સ્પષ્ટ ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, "મેં જોયું છે કે આજના બાળકો ઝડપથી મેડલ જીતવા માટે ડોપિંગનો સહારો લઈ રહ્યા છે. પરંતુ મારી સફર પરથી હું કહી શકું છું કે ઓલિમ્પિક મેડલ સુધી પહોંચવામાં મને ૧૦ વર્ષનો સમય લાગ્યો છે." નીરજે વધુમાં ઉમેર્યું કે, "રમતગમતમાં સફળતા મેળવવા માટે ધીરજ ખૂબ જરૂરી છે. આજના બાળકો એક જ વર્ષમાં ૮૦ મીટરનું અંતર કાપવા માંગે છે, જ્યારે વાસ્તવમાં તેમાં પાંચ વર્ષની સતત મહેનત લાગે છે."

## અનિચ્છનીય જોખમો અને જાગૃતિ

નીરજ ચોપરાએ પૂરક આહાર (સપ્લિમેન્ટ્સ) લેતા ખેલાડીઓને પણ સાવધ કર્યા છે. તેમણે જણાવ્યું કે, ઘણીવાર ખેલાડીઓ એવા સપ્લિમેન્ટ્સ લે છે જે દૂષિત હોઈ શકે છે અને તેના કારણે તેમની કારકિર્દી પર કાયમી પ્રતિબંધ લાગી શકે છે. "જ્યારે હું જુનિયર હતો, ત્યારે ડોપિંગ પ્રતિબંધો વિશે સાંભળીને મને આશ્ચર્ય થતું હતું કે કેવી રીતે ખેલાડીઓ પોતાનો કીમતી સમય ગુમાવે છે. મેં ત્યારે જ નક્કી કર્યું હતું કે હું ક્યારેય આ રસ્તો નહીં અપનાવું," તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

## ભારતીય રમતગમતની કડવી વાસ્તવિકતા

ભારત માટે આ ગંભીર ચિંતાનો વિષય છે કે છેલ્લા ત્રણ વર્ષથી આપણા દેશના ખેલાડીઓ ડોપિંગના સૌથી વધુ કેસોમાં પ્રથમ નંબરે છે. નીરજ ચોપરા અને IOA ની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય એથ્લેટ્સને શિક્ષણ આપવાનો અને તેમને ડોપિંગના જોખમો વિશે જાગૃત કરવાનો છે. આ અભિયાન દ્વારા ખેલાડીઓને શોર્ટકટ લેવાના બદલે પોતાની કુદરતી ક્ષમતા અને મહેનત પર વિશ્વાસ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

## ભવિષ્ય માટેની તૈયારી

નીરજ ચોપરા ફાઉન્ડેશનનું આ અભિયાન માત્ર રમતગમતના મેદાન પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે દેશના યુવા ખેલાડીઓમાં નૈતિક મૂલ્યોનું સિંચન કરવાનું લક્ષ્ય ધરાવે છે. જ્યારે ભારત રમતગમતના ક્ષેત્રમાં વિશ્વસ્તરે પોતાની ઓળખ બનાવી રહ્યું છે, ત્યારે ડોપિંગ મુક્ત વાતાવરણ નિર્માણ કરવું એ પ્રાથમિકતા બની ગઈ છે. નીરજ ચોપરા જેવા દિગ્ગજ ખેલાડીનું આ નેતૃત્વ ચોક્કસપણે ભારતીય ખેલાડીઓ માટે એક નવી દિશા અને આશાનું કિરણ સાબિત થશે.

હાર // અંતિમ મિનિટોમાં જર્મનીનું આક્રમણ

# એફઆઈએચ પ્રો લીગમાં ભારતની જર્મની સામે હાર

(એજન્સી) એન્ટવર્પ । તા. 19



એફઆઈએચ પ્રો લીગમાં ભારતીય હોકી ટીમને જર્મની સામે રમાયેલી રોમાંચક મેચમાં ૧-૨થી હારનો સામનો કરવો પડ્યો છે. મેચના અંતિમ તબક્કે જર્મનીએ કરેલા જોરદાર વળતા પ્રહારને કારણે ભારત હાથમાં આવેલી જીત ગુમાવી બેઠું હતું. અગાઉના દિવસે ભારતે જર્મનીને ૩-૧થી હરાવીને યાદગાર વિજય મેળવ્યો હતો, પરંતુ આ મેચમાં તે લય જાળવી શકી નહોતી.

## મેચનો ઘટનાક્રમ: સંઘર્ષ અને વળાંક

મેચનો પ્રથમ હાફ ગોલરહિત રહ્યો હતો, જેમાં બંને ટીમોએ સાવધ રમત દાખવી હતી. ભારતે ૩૮મી મિનિટમાં જુગરાજ સિંહના શાનદાર પેનલ્ટી કોર્નર ગોલ દ્વારા ૧-૦ની સરસાઈ મેળવી હતી. આ લીડ બાદ ભારત જીતની નજીક જણાતું હતું, પરંતુ જર્મનીએ છેલ્લા સમયમાં રમતનો પાસો પલટી નાખ્યો હતો. જર્મનીના જસ્ટસ વેઈગન્ડે ૫૯મી મિનિટે પેનલ્ટી કોર્નરથી સ્કોર ૧-૧ કરીને મેચમાં બરાબરી કરી હતી. મેચ પૂર્ણ થવાને ગણતરીની સેકન્ડો બાકી હતી ત્યારે જેકોબ બ્રીલાએ વધુ એક ગોલ કરીને જર્મનીને ૧-૨થી વિજયી અપાવ્યો હતો.

## મનપ્રીત સિંહનો ઐતિહાસિક રેકોર્ડ

ભલે ભારત આ મેચ હારી ગયું હોય, પરંતુ આ શ્રેણી ભારતીય મિડફિલ્ડર મનપ્રીત સિંહ માટે ખાસ રહી છે. બુધવારની મેચમાં તેમણે પોતાના કરિયરની ૪૧૩મી આંતરરાષ્ટ્રીય મેચ રમીને પૂર્વ કેપ્ટન દિલીપ ટિર્કીના ૪૧૨ મેચના રેકોર્ડને તોડીને સૌથી વધુ મેચ રમવાનો નવો વિક્રમ સ્થાપિત કર્યો છે.

## આગામી પડકારો

ભારતીય ટીમ માટે આ પ્રવાસ અત્યાર સુધી મિશ્ર રહ્યો છે. ૧૪ જૂને ભારતને ઓલિમ્પિક ચેમ્પિયન નેધરલેન્ડ સામે ૨-૩થી હાર મળી હતી. હવે ભારતીય ટીમ ૨૧ જૂનના રોજ ફરી એકવાર નેધરલેન્ડ સામે ટકરાશે. જર્મની સામેની આ હાર બાદ ટીમ ઈન્ડિયાએ આગામી મેચમાં પોતાની રણનીતિમાં સુધારો કરવાની જરૂર છે, ખાસ કરીને અંતિમ મિનિટોમાં રક્ષણ (ડિફેન્સ) પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

## તકનીકી વિશ્લેષણ

આ મેચમાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર હતી, પરંતુ ગોલ કરવાની તકો બંને પક્ષે ઓછી જોવા મળી હતી. આંકડા મુજબ ભારતને ત્રણ જ્યારે જર્મનીને પાંચ પેનલ્ટી કોર્નર મળ્યા હતા. જર્મનીએ પોતાની મળેલી તકોનો ભરપૂર લાભ ઉઠાવ્યો હતો, જ્યારે ભારત અંતિમ ક્ષણોમાં જર્મન દબાણ સામે ટકી શક્યું નહોતું. કોચ અને ટીમ મેનેજમેન્ટ માટે આ હાર એક શીખ સમાન છે કે પ્રો લીગ જેવી સ્પર્ધામાં એક નાનકડી ભૂલ પણ મોટું નુકસાન કરી શકે છે.

હવે ચાહકોની નજર ૨૧ જૂને નેધરલેન્ડ સામે રમાનારી મેચ પર છે, જ્યાં ટીમ ઈન્ડિયા પોતાના ખોવાયેલા ફોર્મ સાથે ફરી મેદાનમાં ઉતરશે.

૧૯ જાન્યુઆરીથી

# IPL 2027માં મોટા ફેરફારની તૈયારી, 10 માર્ચથી શરૂ થશે આઈપીએલ 2027

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) હવે દુનિયાની સૌથી લોકપ્રિય ટી-૨૦ લીગ એવી આઈપીએલના સમયપત્રકમાં ધરમૂળથી ફેરફાર કરવાના મૂડમાં છે. બોર્ડ ખેલાડીઓ અને ચાહકોને ભીષણ ગરમી તેમજ પ્રિ-મોન્સુન વરસાદથી બચાવવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરી રહ્યું છે. આ યોજના મુજબ, વર્ષ ૨૦૨૭માં આઈપીએલની ૨૦મી સિઝન માર્ચના છેલ્લા અઠવાડિયાને બદલે ૧૦ માર્ચની આસપાસ શરૂ થશે અને ૧૫ મે સુધીમાં પૂર્ણ થઈ જશે. તાજેતરના વર્ષોમાં મે મહિના દરમિયાન દેશના અનેક રાજ્યોમાં તાપમાન ૪૦ થી ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે, જે ખેલાડીઓ માટે અત્યંત પડકારજનક સાબિત થાય છે. આ ઉપરાંત, મે મહિનાના ઉત્તરાર્ધમાં પ્રિ-મોન્સુન વરસાદના કારણે પ્લેઓફ અને ફાઈનલ જેવી નિર્ણાયક મેચો પર વરસાદનું જોખમ તોળાયેલું રહે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ આ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ખેલાડીઓ અને પ્રેક્ષકો તરફથી સતત મળી રહેલી ફરિયાદો બાદ, બોર્ડે પોતાની રમત વિકાસ વિભાગને આ નવી વિન્ડો માટે સક્રિય કરી દીધા છે.



આઈપીએલને બે અઠવાડિયા વહેલી શરૂ કરવાની આ યોજનાની સીધી અસર ભારતીય ઘરેલું ક્રિકેટ પર પણ પડશે. બીસીસીઆઈ ઈચ્છે છે કે રણજી ટ્રોફી સહિતની તમામ મુખ્ય ઘરેલું ટુર્નામેન્ટ માર્ચના પહેલા અઠવાડિયા સુધીમાં સંપન્ન થઈ જાય, જેથી ખેલાડીઓને પર્યાપ્ત આરામ મળી રહે. બીજી તરફ, મેચોની સંખ્યા વધારવા અંગેની અટકળો પર પણ સૈકિયાએ પૂર્ણવિરામ મૂક્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડરમાં બે મહિનાની વિન્ડો જાળવી રાખવી મુશ્કેલ હોવાથી, મેચોની સંખ્યા હાલ ૭૪ જ રહેશે. વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના વ્યસ્ત શેડ્યૂલને ધ્યાનમાં રાખીને જ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## સ્વિસ બેન્કમાં ભારતીય નાણાં ઘટ્યા, 36,793 કરોડ રૂપિયાનો ભંડોળ આંક

# સ્વિસ બેન્કમાં ભારતીયોના નાણામાં 8 ટકાનો ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

કાળા નાણાંના વ્યવહારો માટે જગવિખ્યાત સ્વિટ્ઝર્લેન્ડની મધ્યસ્થ સ્વિસ બેન્કે વર્ષ ૨૦૨૫ માટેનો પોતાનો વાર્ષિક અહેવાલ જાહેર કર્યો છે. આ અહેવાલ મુજબ, સ્વિસ બેન્કોમાં જમા ભારતીય નાણાંમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૮ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડા બાદ સ્વિસ બેન્કોમાં જમા ભારતીય નાણાંનો આંકડો ઘટીને ૩૬,૭૯૩ કરોડ રૂપિયા (આશરે ૩.૨૫ અબજ સ્વિસ ફ્રેન્ક) પર પહોંચ્યો છે.

સ્વિસ બેન્કના અધિકૃત આંકડાઓ અનુસાર, આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ સ્વિસ બેન્કોની સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ પાસે રહેલા ભંડોળમાં આવેલો ધરખમ ઘટાડો છે. જોકે, આ અહેવાલનો એક ચોંકાવનારો પાસું એ પણ છે કે, સામાન્ય ગ્રાહકોના વ્યક્તિગત અને સંસ્થાકીય ખાતાઓમાં જમા રહેલા નાણાંમાં ૫૦ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે. આ વ્યક્તિગત ભંડોળ હવે ૫૨૪ મિલિયન સ્વિસ ફ્રેન્ક એટલે કે આશરે ૬,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, જે કુલ જમા નાણાંના ૧૬ ટકા હિસ્સો ધરાવે છે. સ્વિસ બેન્કોમાં ભારતીયોના જમા નાણાંનો ઈતિહાસ ઉતાર-ચઢાવ વાળો રહ્યો છે. વર્ષ ૨૦૦૬માં ભારતીયોના નાણાં સર્વોચ્ચ સ્તરે હતા, જે બાદ ૨૦૧૧-૧૭ અને ૨૦૨૦-૨૩ દરમિયાન તેમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. ૨૦૨૩માં ભંડોળમાં ૨૫ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ ૨૦૨૪માં ફરીથી ૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ આંકડાઓમાં એવા ભારતીયો કે અનિવાસી ભારતીયોના નાણાંનો સમાવેશ નથી થતો જેઓ ત્રીજા દેશના નામે ખાતા ધરાવે છે. સ્વિસ પ્રશાસનનો દાવો છે કે તેઓ ટેક્સ ચોરીની તપાસમાં ભારતને સતત સહકાર આપી રહ્યા છે અને આ નાણાંમાં કાળા નાણાં સિવાયના કાયદેસરના નાણાં પણ સામેલ હોય છે.

વૈશ્વિક સ્તરે સ્વિસ બેન્કોમાં નાણાં જમા રાખનારા દેશોમાં બ્રિટન પ્રથમ ક્રમે છે, ત્યારબાદ અનુક્રમે



અમેરિકા અને ફ્રાન્સ આવે છે. આ યાદીમાં ભારત ૪૬મા ક્રમે છે, જે દર્શાવે છે કે અગાઉના ૪૮મા ક્રમની સરખામણીએ સ્વિસ બેન્કમાં ભારતીયોનું રોકાણ વધ્યું છે. પાડોશી દેશોની વાત કરીએ તો બાંગ્લાદેશ ૮૧મા અને પાકિસ્તાન ૧૦૮મા ક્રમે છે. નિષ્ણાતોના મતે, બાંગ્લાદેશમાં તાજેતરમાં થયેલા સત્તા પલટા અને હિંસક વિરોધ પ્રદર્શનોના માહોલ વચ્ચે ત્યાંના નાગરિકોએ સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે સ્વિસ બેન્કોમાં મોટા પાયે નાણાં જમા કરાવ્યા હોવાની શક્યતા છે.

કેન્દ્ર સરકાર અને તપાસ એજન્સીઓ માટે સ્વિસ બેન્કના આ આંકડાઓ મહત્વના માનવામાં આવે છે. જોકે નાણાકીય નિષ્ણાતો માને છે કે, સ્થાનિક શાખાઓના ફંડમાં ઘટાડો એ આર્થિક નીતિઓ કે વૈશ્વિક બજારના બદલાવનું પ્રતિબિંબ હોઈ શકે છે. બીજી તરફ, વ્યક્તિગત ખાતાઓમાં ૫૦ ટકાનો વધારો એ સૂચવે છે કે ભારતીય નાગરિકો કે સંસ્થાઓનું સ્વિસ બેન્કો પ્રત્યેનું આકર્ષણ હજુ પણ યથાવત છે. સ્વિસ પ્રશાસન કાળા નાણાંના લેબલને નકારતું આવ્યું છે, ત્યારે આ અહેવાલ ભારતની ટેક્સ ફ્રોડ સામેની લડાઈમાં કેવી રીતે ઉપયોગી થશે તે જોવું રહ્યું. હાલમાં, આર્થિક મોરચે આ આંકડાઓ દેશમાં અનેક ચર્ચાઓને જન્મ આપી રહ્યા છે. નાણાકીય પારદર્શિતા માટે ભારત સરકારની કડક નીતિઓ અને સ્વિસ બેન્કની બદલાતી જતી ગુપ્તતાની નીતિઓ વચ્ચે આ આંકડા આગામી સમયમાં વધુ સ્પષ્ટતા માંગી લે તેવા છે.

## હોર્મુઝ સ્ટ્રેટ ખુલતા ભારતને રાહત

# હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યો, ભારત તરફ 40 જહાજો રવાના



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો વિખેરાઈ રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા ઐતિહાસિક શાંતિ કરાર બાદ વૈશ્વિક ઊર્જા સપ્લાય માટે અત્યંત સંવેદનશીલ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલી ગયો છે. આ ઘટનાક્રમ ભારત માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે, કારણ કે ભારત પોતાની ૭૫ ટકાથી વધુ ઊર્જા જરૂરિયાતો માટે પશ્ચિમ એશિયા પર નિર્ભર છે. આ માર્ગ ખુલતાની સાથે જ ભારત તરફ એલપીજી, ક્રૂડ ઓઈલ અને ખાતર લઈને ૪૦થી વધુ જહાજો રવાના થઈ ગયા છે, જેણે દેશમાં સર્જાયેલી ઊર્જા અને કૃષિ ક્ષેત્રની કટોકટીને દૂર કરી દીધી છે.

### એલપીજી અને ક્રૂડની સપ્લાયમાં મોટો ઉછાળો

યુદ્ધ અને દરિયાઈ નાકાબંધીને કારણે ભારતમાં એલપીજીની આયાત ઘટીને માત્ર ૫૧ ટકા રહી ગઈ હતી, જેના કારણે રાંધણ ગેસની અછત વર્તાતી હતી. હવે હોર્મુઝ સ્ટ્રેટ ફરી કાર્યરત થતાં આ ચિંતાનો અંત આવ્યો છે. મીડિયા અહેવાલો મુજબ, ભારત તરફ આવી રહેલા ૪૦ ટેન્કરોમાં સૌથી વધુ ભાર એલપીજી અને એલએનજીનો છે. નિષ્ણાતો માને છે કે આગામી થોડા દિવસોમાં ગેસ પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય થઈ જશે. ક્રૂડ ઓઈલની વાત કરીએ તો, વૈકલ્પિક સ્ત્રોતોને કારણે તેની સપ્લાય અગાઉ પણ જળવાઈ રહી હતી, પરંતુ હવે વધુ સરળતાથી અને સસ્તા દરે તે ભારત પહોંચશે. હાલ આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રન્ટ ક્રૂડના ભાવ પણ નીચલા સ્તરે છે, જે અર્થતંત્ર માટે સકારાત્મક સંકેત છે.

### રિફાઈનિંગ ક્ષેત્રને નવું બળ

હોર્મુઝ સ્ટ્રેટનું ખુલવું ભારતના ઓઈલ રિફાઈનિંગ સેક્ટર માટે એક "બૂસ્ટર ડોઝ" સમાન છે. કાચા તેલની સરળ ઉપલબ્ધતા અને વીમા ખર્ચમાં ઘટાડો થવાથી રિફાઈનરીઓ તેમની પૂર્ણ ક્ષમતા સાથે કામ કરી શકશે. ખાસ કરીને રાજસ્થાનની બાડમેર રિફાઈનરીમાં ઉત્પાદન વધવાથી ભારત પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલની નિકાસમાં વધુ મજબૂત બનશે.

### ખેડૂતો માટે રાહત: ખાતરનો મોટો જથ્થો આવશે

માત્ર ઈંધણ જ નહીં, પરંતુ ખેતી માટે જરૂરી ખાતરનો જથ્થો પણ ભારત પહોંચી રહ્યો છે. યુદ્ધને કારણે ફસાયેલા ૧૬ જહાજોમાં ૩.૩ લાખ મેટ્રિક ટન યુરિયા, ૨.૫૭ લાખ ટન ડીએપી અને ૧.૧ લાખ ટન સલ્ફરનો જથ્થો છે. ઉર્વરક મંત્રાલયે જણાવ્યું છે કે, ખેડૂતો માટે ખરીફ પાક સમયે પૂરતો પુરવઠો ઉપલબ્ધ રહેશે. વધુમાં, ૧૭ લાખ ટન યુરિયા માટે વૈશ્વિક ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે.

### ઈરાનની એક જિદ્દથી ચિંતા

શાંતિ સમજૂતી છતાં, તેહરાનના એક નિર્ણયે ચિંતા વધારી છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે ૬૦ દિવસ પછી તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસૂલશે. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે. ભારત સરકારે આ મામલે સતર્કતા દાખવી છે અને રાજદ્વારી સ્તરે વાતચીત શરૂ કરી છે.

### રઘુરામ રાજનની ચેતવણી: આત્મનિર્ભરતા જરૂરી

ઘટનાક્રમ થાળે પડ્યો હોવા છતાં, ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને સાવધ રહેવાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે, માત્ર એક જ માર્ગ પર નિર્ભર રહેવું જોખમી છે. ભવિષ્યના આવા આંચકાઓથી બચવા ભારતે 'સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ' (વ્યૂહાત્મક ઓઈલ ભંડાર) મજબૂત કરવા પડશે. તેમણે દવા ઉદ્યોગ સહિતના અન્ય મહત્વના ક્ષેત્રોમાં પણ વૈકલ્પિક સપ્લાય લાઈન તૈયાર રાખવા પર ભાર મૂક્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### બ્રિટનમાં ભારતીય ઉત્પાદનો માટે ડ્યૂટી ફ્રી માર્ગ, ઐતિહાસિક વ્યાપાર સમજૂતી



નવી દિલ્હી | ભારત અને બ્રિટન વચ્ચેના વ્યાપારી સંબંધોમાં એક નવો અને મહત્વપૂર્ણ અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. આગામી ૧૫મી જુલાઈથી બંને દેશો વચ્ચે 'કોમ્પ્રીહેન્સીવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ' અમલી બનશે. આ સમજૂતી હેઠળ ભારતનાં ૯૯ ટકા ઉત્પાદનો બ્રિટનનાં બજારમાં કોઈપણ આયાત કર (ડ્યુટી) વગર પ્રવેશ મેળવી શકશે, જે ભારતીય નિકાસકારો માટે એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવે છે. હાલમાં ભારતીય ઉત્પાદનો પર બ્રિટન દ્વારા ઊંચા ટેક્સ લાદવામાં આવતા હતા, જે હવે સંપૂર્ણપણે નાબૂદ થશે. ખાસ કરીને પ્રોસેસ્ડ ફૂડ પર લાગતો ૭૦ ટકા, સમુદ્રીય ઉત્પાદનો પર ૨૧.૫ ટકા, એન્જિનિયરિંગ અને મોટર પાર્ટ્સ પર ૧૮ ટકા, ચામડાં તથા બૂટ પર ૧૬ ટકા અને કપડાં પર ૧૨ ટકા આયાત કર હવે શૂન્ય થઈ જશે. જો કે, ડેરી ઉત્પાદનો, અનાજ અને સફરજન જેવા ઉત્પાદનોને આ કરારમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ટેરિફ યથાવત્ રાખ્યો હોવાથી, બ્રિટન ભારત માટે હવે નિકાસનું સૌથી મહત્વનું કેન્દ્ર બની રહેશે. આ સમજૂતી માત્ર માલસામાનના વેપાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સામાજિક સુરક્ષા સાથે પણ જોડાયેલી છે.

### જૂની પોસ્ટથી ટ્રમ્પ જી-૭માં મુશ્કેલીમાં, ઈરાન કરાર મુદ્દે ટ્રમ્પ સવાલોમાં



એવિયન-લેસ-બેન્સ | અમેરિકા અને ઈરાન વચ્ચેના ચાર મહિનાના યુદ્ધના અંત બાદ થયેલા શાંતિ કરાર (MoU) એ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે રાજકીય મુશ્કેલીઓ સર્જી છે. ફ્રાન્સમાં યોજાયેલી જી-૭ સમિટ દરમિયાન એક પત્રકારે ટ્રમ્પને વર્ષ ૨૦૨૦માં કરેલી તેમની જ સોશિયલ મીડિયા પોસ્ટ યાદ અપાવતા તેમની બોલતી બંધ થઈ ગઈ હતી. સમિટમાં એક પત્રકારે ટ્રમ્પને પૂછ્યું કે, જાન્યુઆરી ૨૦૨૦માં આપે જ કહ્યું હતું કે 'ઈરાન ક્યારેય કોઈ યુદ્ધ જીત્યું નથી, પરંતુ ક્યારેય કોઈ સમજૂતી હાર્યું પણ નથી'. આ સાંભળીને ટ્રમ્પે ચોંકીને પૂછ્યું કે આ કોણે કહ્યું હતું? ત્યારે પત્રકારે સ્પષ્ટ જવાબ આપ્યો કે, "આ શબ્દો તમારા જ છે." આ ઘટનાએ પ્રેસ કોન્ફરન્સમાં ભારે ચકચાર મચાવી દીધી હતી. હાલમાં અમેરિકામાં કેટલાક સાંસદો આ શાંતિ કરારની ટીકા કરી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે ઈરાનને વધુ પડતી છૂટછાટો આપવામાં આવી છે. પત્રકારોના સવાલોનો જવાબ આપતા ટ્રમ્પે મીડિયા પર નિશાન સાધતા પોતાના નિર્ણયનો બચાવ કર્યો હતો. તેમણે તર્ક આપ્યો કે જો યુદ્ધ વધુ ત્રણ-ચાર અઠવાડિયા ચાલ્યું હોત, તો આ જ લોકો કહેત કે યુદ્ધ લંબાવ્યું છે.

## હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબાર

# નિયામી એરપોર્ટ પર આતંકી હુમલો, 11 સૈનિકો શહીદ, 22 આતંકી ઠાર કરાયા

(એજન્સી) નિયામી । તા. 19

નાઈજરની રાજધાની નિયામીમાં ગઈકાલે વહેલી સવારે આતંકવાદીઓએ અત્યંત સંવેદનશીલ એવા ડાયોરી હમાની આંતરરાષ્ટ્રીય એરપોર્ટને નિશાન બનાવીને લોહીયાળ ખેલ ખેલ્યો હતો. હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબારમાં ૧૧ બહાદુર સૈનિકો શહીદ થયા છે અને બે નિર્દોષ નાગરિકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. સુરક્ષા દળોએ સાહસિક વળતી કાર્યવાહી કરીને ૨૨ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે.



### હુમલાનો ઘટનાક્રમ અને સુરક્ષામાં ક્ષતિ

આતંકી હુમલો ગુરુવારે સવારે આશરે ૬ વાગ્યાના અરસામાં થયો હતો. સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, હુમલાખોરો એક ટેક્સીમાં બેસીને મુખ્ય સુરક્ષા ચોકી પાસે પહોંચ્યા હતા. કોઈ કંઈ સમજે તે પહેલા જ તેમણે સુરક્ષા દળો પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ હુમલો આયોજનબદ્ધ રીતે કરવામાં આવ્યો હોય તેમ લાગતું હતું. બંને પક્ષો વચ્ચે કલાકો સુધી ભારે ગોળીબાર ચાલુ રહ્યો હતો, જેના કારણે સમગ્ર વિસ્તાર ગોળીઓના અવાજ અને ધુમાડાથી ગુંજી ઉઠ્યો હતો. સ્થિતિની ગંભીરતાને જોતાં સેનાએ તાત્કાલિક ધોરણે આતંકવાદ વિરોધી અભિયાન છેડ્યું હતું.

### સેનાનું સફળ ઓપરેશન અને વર્તમાન સ્થિતિ

સૈન્યની કડક અને મક્કમ કાર્યવાહીને પગલે બપોર સુધીમાં એરપોર્ટ સંકુલ આતંકવાદીઓથી મુક્ત કરાવવામાં આવ્યું હતું. હાલમાં સમગ્ર એરપોર્ટ સુરક્ષા દળોના કબ્જામાં છે અને પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. સુરક્ષાની દૃષ્ટિએ એરપોર્ટને ફરીથી સુરક્ષિત જાહેર કરીને ફ્લાઈટ્સની અવરજવર અને હવાઈ ટ્રાફિક સામાન્ય કરવામાં આવ્યો છે. આ ઘટનામાં ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે, જેમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વધુમાં, સુરક્ષા દળોએ એરપોર્ટની આસપાસના વિસ્તારોમાંથી ૨૦ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ કરી છે, જેઓની હાલમાં કડક પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

### કેમ નિશાન બન્યું નિયામી એરપોર્ટ?

નિયામી એરપોર્ટ માત્ર નાગરિક ઉડ્ડયન માટે જ મહત્વનું નથી, પરંતુ નાઈજરની સૈન્ય અને આર્થિક વ્યૂહરચના માટે પણ પાયાનું કેન્દ્ર છે. આ એરપોર્ટ સંકુલમાં આતંકવાદ વિરોધી દળ 'જી-૫ સાહેલ'નું મુખ્ય મથક આવેલું છે. આ ઉપરાંત, અહીં રશિયન સૈનિકો અને આધુનિક ડ્રોન એકમો પણ તહેનાત છે, જે આ વિસ્તારની સુરક્ષામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સૌથી મહત્વની વાત એ છે કે, નાઈજરનો કિંમતી યુરેનિયમનો મોટો ભંડાર પણ આ સુરક્ષિત વિસ્તારમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. આતંકવાદી સંગઠનોનું મુખ્ય લક્ષ્ય આ મજબૂત સુરક્ષા કવચને તોડીને નાઈજરની અર્થવ્યવસ્થા અને સુરક્ષાને આંચકો આપવાનું જણાય છે.

### પાંચ મહિનામાં બીજી મોટી ઘટના

ચાલુ વર્ષ ૨૦૨૬ના જાન્યુઆરી મહિનામાં પણ આ જ એરપોર્ટ સંકુલને નિશાન બનાવીને મોટો આતંકી હુમલો કરવામાં આવ્યો હતો. પાંચ મહિનામાં બીજી વખત આ પ્રકારની ઘટના બનતા પ્રાદેશિક સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. તે સમયે પણ ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા એક જૂથે હુમલો કર્યો હતો. નિષ્ણાતોના મતે, આતંકવાદી સંગઠનો હવે વ્યૂહાત્મક રીતે મહત્વના સ્થળો પર કબજો જમાવવા કે તેને નુકસાન પહોંચાડવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે.

### સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર

સરકાર તરફથી મળેલી માહિતી મુજબ, નાઈજરની સરકારે દેશભરના તમામ એરપોર્ટ અને વ્યૂહાત્મક સ્થળોની સુરક્ષામાં અનેકગણો વધારો કરી દીધો છે. મીડિયા અહેવાલો દ્વારા જાણવા મળે છે કે દેશના સંરક્ષણ મંત્રાલયે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે, જેમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને આગામી દિવસોમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી વધુ તેજસ્વી બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. હાલમાં એરપોર્ટ આસપાસના વિસ્તારોમાં સૈન્ય દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ છે, જેથી છુપાયેલા અન્ય આતંકવાદીઓને શોધી શકાય.

# મોસ્કોમાં યુક્રેનનો ખતરનાક ડ્રોન હુમલો થયો, રિફાઈનરી બળતા મોસ્કોમાં એનર્જી ક્રાઈસિસની ભીતિ

(એજન્સી) મોસ્કો । તા. 19

રશિયાનું પાટનગર મોસ્કો અચાનક આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયું હતું. આકાશમાં ચારેબાજુ ધુમાડાના ગોટાં ઉડતા દેખાતા હતા, કારણ કે યુક્રેને રશિયન પાટનગરને નિશાન બનાવીને ભીષણ ડ્રોન હુમલા કર્યા હતા. છેલ્લા ચાર વર્ષમાં મોસ્કો પર થયેલો આ સૌથી મોટો ડ્રોન હુમલો છે. આ ઘટનાને પગલે તાત્કાલિક અસરથી મોસ્કોના ચારેય એરપોર્ટ બંધ કરી દેવા પડ્યા હતા અને તમામ કમર્શિયલ ફ્લાઈટ્સનું ટેકઓફ રદ કરવામાં આવ્યું હતું.

મીડિયા અહેવાલો મુજબ, આ હુમલામાં ઓઈલ રિફાઈનરીને ટાર્ગેટ કરવામાં આવી હતી, જેના કારણે થયેલા વિસ્ફોટથી આસપાસની ઈમારતોમાં પણ આગ લાગી હતી. રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે તેમના એર ડિફેન્સ તંત્રએ ૫૫૫ ડ્રોનને તોડી પાડ્યા હતા, જેમાંથી ૨૦૦ ડ્રોન તો મોસ્કોની સરહદ નજીક હતા.

તેમ છતાં, આટલી મોટી સંખ્યામાં ડ્રોન હુમલાએ રશિયાની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઉભા કર્યા છે. અત્યાર સુધી રશિયા તરફથી કોઈ જાનહાનિ અંગેની અધિકૃત માહિતી આપવામાં આવી નથી.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ આ હુમલાની જવાબદારી સ્વીકારતા સંકેત આપ્યો છે કે જો યુક્રેન સળગશે તો મોસ્કો પણ સળગશે. ખાસ નોંધપાત્ર વાત એ છે કે, જ્યારે આ હુમલો થયો ત્યારે રશિયન પ્રમુખ પુતિન મોસ્કોથી ૭૦૦ કિલોમીટર દૂર કઝાનમાં હતા. તેઓ ત્યાં આસિયાન દેશોના વડાઓના સ્વાગતમાં વ્યસ્ત હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ હુમલો રશિયાના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડવા માટે કરવામાં આવ્યો છે.

# પુતિન શિખર પરિષદમાં વ્યસ્ત, યુક્રેનનો મોસ્કો પર હુમલો, છ દેશોના વડાઓની મુલાકાત પૂર્વે હુમલા

(એજન્સી) મોસ્કો । તા. 19

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં તણાવ સતત વધી રહ્યો છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જ્યારે કાઝાનમાં છ દેશોના વડાઓ સાથે મહત્વની શિખર પરિષદની તૈયારીઓમાં વ્યસ્ત હતા, ત્યારે જ યુક્રેને મોસ્કો પર અત્યાર સુધીનો સૌથી મોટો અને ભીષણ ડ્રોન હુમલો કર્યો છે. આ હુમલાએ રશિયન સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

### હુમલાની તીવ્રતા અને સુરક્ષા વ્યવસ્થા

રશિયાના સંરક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ, આ હુમલો એટલો તીવ્ર હતો કે મોસ્કો તરફ આવતા ડ્રોનનો આંકડો સેંકડોમાં હતો. રશિયન એર ડિફેન્સ સિસ્ટમે હુમલાને અટકાવવા માટે તમામ પ્રયાસો કર્યા હોવા છતાં, હુમલાના ડરથી મોસ્કોના તમામ ચાર મુખ્ય વિમાન મથકો પરથી ઉડાનો પર તાત્કાલિક રોક લગાવવી પડી હતી. સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે તેમણે ૫૫૫ ડ્રોન તોડી પાડ્યા છે, જેમાંથી ૨૦૦ જેટલા ડ્રોન મોસ્કો પહોંચે તે પહેલા જ હવામાં નષ્ટ કરવામાં આવ્યા હતા. તેમ છતાં, એક ઓઈલ રિફાઈનરી પર થયેલા હુમલાના કારણે વાતાવરણમાં ફેલાયેલા ધુમાડાએ સ્થિતિ ગંભીર બનાવી દીધી હતી.

### ઝેલેન્સ્કીનો વળતો પ્રહાર

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ આ હુમલાને વળતી કાર્યવાહી ગણાવી છે. તાજેતરમાં યુક્રેનની રાજધાની કીવ પર રશિયા દ્વારા કરવામાં આવેલા હુમલા, જેમાં વિશ્વવિરાસતમાં નોંધાયેલા કીવ પેસેર્સ્ક લવરા પરિસરના ડોર્મિશન કેથેડ્રલને પણ નિશાન બનાવાયું હતું, તેના જવાબમાં યુક્રેને આ આક્રમક વલણ અપનાવ્યું છે. ઝેલેન્સ્કીએ સંકેત આપ્યો છે કે રશિયાના દરેક હુમલાનો યુક્રેન હવે યોગ્ય જવાબ આપશે.

પુતિન કાઝાનમાં થાઈલેન્ડ, વિયેતનામ, કમ્બોડીયા, મલેશિયા, સિંગાપુર અને ફિલિપાઈન્સના વડાઓ સાથે આસીઅન (ASEAN) દેશોની શિખર પરિષદ યોજવાના હતા. આ પરિષદ રશિયા માટે રાજદ્વારી રીતે અત્યંત મહત્વની હતી. જોકે, બેઠક શરૂ થવાના થોડા કલાકો પહેલા જ થયેલા આ હુમલાએ રશિયાની રાજદ્વારી વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિન્હ મૂક્યો છે. વિશ્લેષકો માને છે કે યુક્રેનનો હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે રશિયાની નબળાઈને પ્રદર્શિત કરવાનો અને વિશ્વના નેતાઓ સમક્ષ પુતિનની છબીને ધક્કો પહોંચાડવાનો હતો.

છેલ્લા એક સપ્તાહમાં મોસ્કો પર થયેલો આ બીજો મોટો હુમલો દર્શાવે છે કે યુદ્ધ હવે રશિયાની ભૌગોલિક સીમાઓ સુધી વિસ્તરી ગયું છે. રશિયન સંરક્ષણ મંત્રાલયનું એર ડિફેન્સ આટલી મોટી સંખ્યામાં આવતા ડ્રોન સામે લાચાર જણાતું હતું.

**નોકરી** | અમેરિકામાં બ્લ્યુ કોલર નોકરીની કમાણી, ઘાસ કાપનારની માસિક આવક ૧૫ લાખ રૂપિયા

# અમેરિકામાં ઘાસ કાપનાર પાસે ઓડી કાર અને પગાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સોશિયલ મીડિયા પર હાલમાં એક વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે. આ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકામાં બ્લ્યુ કોલર નોકરીઓ એટલે કે શારીરિક શ્રમ માંગતા કામોમાં પણ એટલો ઊંચો પગાર મળે છે કે સામાન્ય મજૂર પણ લક્ઝરી કાર ખરીદી શકે છે. એક ભારતીય કન્ટેન્ટ ક્રીએટરે શેર કરેલા આ વીડિયોમાં ઘાસ કાપવાનું કામ કરનાર એક વ્યક્તિ પોતાની ઓડી કારમાં સવાર હોવાનું અને મહિનાના ૧૦ થી ૧૫ લાખ રૂપિયા કમાતો હોવાનું સામે આવ્યું છે, જેણે નેટિઝન્સને આશ્ચર્યમાં મૂકી દીધા છે.

### શ્રમનું સન્માન અને યોગ્ય વેતન

આ વીડિયો કન્ટેન્ટ ક્રીએટર ઈશ્વર યાદવે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યો છે. તેમણે અમેરિકાના વર્ક કલ્ચરની વિશેષતાઓ દર્શાવતા જણાવ્યું છે કે, ત્યાં કામને નાનું કે મોટું માનવાની સંકુચિત માનસિકતા નથી. લોન કાપવી (ઘાસ કાપવું),



સફાઈ કરવી કે ચોકીદારી કરવી - દરેક કામને સન્માનની નજરે જોવામાં આવે છે. સૌથી મહત્વની વાત એ છે કે, ત્યાં ટેલેન્ટ અને સખત મહેનતને હંમેશાં આર્થિક પુરસ્કાર મળે છે. કલાકના હિસાબે કામ કરવાની પદ્ધતિ અને યોગ્ય વેતનને કારણે બ્લ્યુ કોલર નોકરી કરનારા લોકો પણ ઉચ્ચ જીવનધોરણ જીવી શકે છે.

### કમાણી અને જીવનધોરણની વાસ્તવિકતા

વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે જે ઘાસ કાપનાર સાથે તેમણે વાત કરી હતી, તે મહિનાના ૧૦ થી ૧૫ લાખ રૂપિયા કમાય છે. આ આંકડો સાંભળીને ઘણાને નવાઈ લાગે તે સ્વાભાવિક છે. જોકે, આ મુદ્દા પર સોશિયલ મીડિયામાં બે પ્રકારના અભિપ્રાયો જોવા મળી રહ્યા છે. કેટલાક લોકો તેને અમેરિકાના વર્ક કલ્ચરનું મોડેલ ગણાવે છે, જ્યારે કેટલાક લોકો એવી દલીલ કરે છે કે આ વીડિયોમાં અમેરિકાનું માત્ર એક પાસું બતાવવામાં આવ્યું છે, ત્યાં ગરીબી અને અન્ય આર્થિક પડકારો પણ અસ્તિત્વ ધરાવે છે, જેની ઉપેક્ષા ન કરી શકાય. આ સમગ્ર ચર્ચા વચ્ચે અમેરિકાથી પરત આવેલા એક પ્રોફેસરે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. તેમણે જણાવ્યું કે, અમેરિકાની વાસ્તવિકતાને શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ છે. તેમણે કહ્યું કે, "તમારે ત્યાં જઈને જોવું પડે તો જ વિશ્વાસ બેસે." તેઓ કહે છે કે ત્યાંના દેશમાં શૈક્ષણિક સંસ્થાઓથી લઈને લેબ સુધી જે પ્રકારની સુવિધાઓ અને ટેક્નોલોજી છે, તે તેમની કાર્યક્ષમતા અને આર્થિક સમૃદ્ધિનું સાચું કારણ છે. ત્યાં માત્ર નાણાં જ નહીં, પરંતુ કાર્ય પ્રત્યેની નિષ્ઠાનું પણ મૂલ્ય ચૂકવવામાં આવે છે.

# અમેરિકા અને ઈઝરાયલ સંબંધોમાં ભારે તણાવ વધ્યો

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 19

ઈરાન સાથેની શાંતિ સમજૂતી બાદ અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના સંબંધોમાં અત્યંત તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે. અમેરિકાએ ઈરાન સાથે યુદ્ધ વિરામની ડીલ કરી છે, પરંતુ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ લેબેનાનમાં પોતાનું સૈન્ય અભિયાન ચાલુ રાખવા મક્કમ છે. આ મુદ્દે અમેરિકન ઉપરાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સે ઈઝરાયલને આડે હાથ લીધું છે અને તેમને વાસ્તવિકતા સમજવાની સલાહ આપી છે.

મીડિયા અહેવાલો મુજબ, વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથેની વાતચીતમાં જેડી વેન્સે સ્પષ્ટ કર્યું છે કે ઈઝરાયલે તેના એકમાત્ર શક્તિશાળી સાથી એવા અમેરિકાને નારાજ ન કરવું જોઈએ. વેન્સે ઈઝરાયલના મંત્રીઓને સંબોધતા કહ્યું કે, અમેરિકન કરદાતાઓના નાણાંથી ઈઝરાયલની રક્ષા માટે હથિયારો પૂરા પાડવામાં આવે છે, તેથી ઈઝરાયલે સંયમ રાખવો જરૂરી છે. તેમણે ઈઝરાયલના સુરક્ષા મંત્રી ઈતમાર બેન ગ્વિર અને નાણા મંત્રી બેઝાલેલ સ્મોટ્રિચના વલણ સામે સવાલો ઉભા કર્યા હતા. આ સમગ્ર મામલે ખુદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ નારાજ જોવા મળ્યા છે. ફ્રાન્સમાં યોજાયેલી જી-૭ સમિટ દરમિયાન તેમણે ઈઝરાયલને સલાહ આપી હતી કે બેરૂતમાં ઈમારતો જમીનદોસ્ત કરવાને બદલે ઈઝરાયલે વધુ જવાબદારીપૂર્વક વર્તવાની જરૂર છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તમામ મોરચે સંપૂર્ણ યુદ્ધવિરામ પાળવાની અપીલ કરી છે. બીજી તરફ, બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકાના આ દબાણને ફગાવી દીધું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે, ઈઝરાયલ દક્ષિણ લેબેનાનમાં બનાવેલા સુરક્ષા ક્ષેત્રમાંથી કોઈપણ સંજોગોમાં પાછું હટશે નહીં.

### પેરિસમાં ભારતીય સમુદાયને પીએમ મોદીનું સંબોધન

# ૧૨ વર્ષમાં ભારતનો વિકાસ થયો બમણો

(એજન્સી) પેરિસ | તા.19

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સની રાજધાની પેરિસમાં ભારતીય સમુદાયના વિશાળ સમૂહને સંબોધતા ભારતની ૧૨ વર્ષની વિકાસયાત્રા પર ગર્વ વ્યક્ત કર્યો હતો. પેરિસને 'રોશની અને ઈનોવેશનનું શહેર' ગણાવતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, ભારતના વિવિધ પ્રાંતોમાંથી આવીને અહીં વસેલા ભારતીયો ફ્રાન્સમાં ભારતની એક નાનકડી અને સુંદર તસવીર ઊભી કરી રહ્યા છે. આ પ્રસંગે તેમણે ભારત અને ફ્રાન્સ વચ્ચેના મજબૂત વ્યૂહાત્મક સંબંધોનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.પોતાના સંબોધનમાં ભાવુક થતા વડાપ્રધાને કહ્યું કે, એક સામાન્ય ચા વેચનારને દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચાડવો તે ભારતીય લોકશાહીની ખરી તાકાત છે. તેમણે જણાવ્યું કે, છેલ્લા ૧૨ વર્ષોથી સતત જનસેવા કરવી એ તેમના જીવનનું સૌભાગ્ય છે. આ ૧૨ વર્ષોનો



સમયગાળો ૧૪૦ કરોડ ભારતીયોની અદભૂત ક્ષમતા અને સામૂહિક પ્રયાસોનું પ્રમાણ છે. વડાપ્રધાનના મતે, આ સમયગાળામાં દેશે વિકાસના તમામ માપદંડોમાં છલાંગ લગાવી છે.નવા ભારતની પ્રગતિની વિગતો આપતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં ભારતની જીડીપી, એરપોર્ટની સંખ્યા, યુનિવર્સિટીઓ અને હાઈવે નિર્માણનું પ્રમાણ બમણું થઈ ગયું છે. આ આંકડા માત્ર આર્થિક પ્રગતિનું સૂચક નથી, પરંતુ એક સામાજિક પરિવર્તનની પણ ગાથા છે. ગરીબી સામેની લડાઈનો ઉલ્લેખ કરતા તેમણે ગૌરવ સાથે કહ્યું કે, છેલ્લા ૧૨ વર્ષોમાં દેશના ૨૫ કરોડ લોકો ગરીબીની રેખામાંથી બહાર આવ્યા છે, જે એક મોટી સિદ્ધિ છે.ભારતની ઝડપી ગતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે છેલ્લા ૧૨ વર્ષમાં દેશની નિકાસ ૩૫ ગણી વધી છે. આ સાથે જ ટેકનોલોજી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પણ દેશે મજબૂત પકડ જમાવી છે. ખાસ કરીને મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સની સંખ્યામાં ૧૦૦ ગણો વધારો થયો છે, જે 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનની સફળતા દર્શાવે છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે ભારત વિશ્વના નકશા પર એક મજબૂત આર્થિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે, જેના કારણે વિશ્વની ભારત તરફ જોવાની દ્રષ્ટિ પણ બદલાઈ છે.પેરિસમાં ઉપસ્થિત ભારતીયોને તેમણે 'ભારત કનેક્ટ'ના વાહક ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ૨૧મી સદીના ભારત-ફ્રાન્સ સંબંધોને મજબૂત કરવામાં ત્યાં વસતા ભારતીયોનો ફાળો અમૂલ્ય છે. તમિલ, પંજાબી, ગુજરાતી, મરાઠી કે બંગાળી–ભારતનો દરેક ખૂણો અહીં જોવા મળે છે અને તે ભારતની 'વિવિધતામાં એકતા'ના સંદેશને વિશ્વભરમાં ફેલાવે છે. ૧.૪ અબજ ભારતીયોની શુભેચ્છાઓ લઈને આવેલા વડાપ્રધાને ત્યાં વસતા ભારતીયોના ઉત્સાહ અને દેશ પ્રત્યેના લગાવને બિરદાવ્યો હતો.અંતમાં, વડાપ્રધાને ભારતના આત્મવિશ્વાસને વ્યક્ત કરતા કહ્યું કે ભારત હવે અટકવાનું નથી અને આ પ્રગતિની ગતિ ઉત્તરોત્તર વધતી જશે. ભારતીય સમુદાયે પણ વડાપ્રધાનના આ સંબોધનને ઉત્સાહપૂર્વક વધાવી લીધું હતું. પેરિસની ધરતી પર ગુંજતા 'ભારત માતા કી જય'ના નારાઓએ ભારતની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠા અને ભારતીયોની એકતાનું પ્રદર્શન કર્યું હતું.

## પૂર્વ PM ઈન્દ્ર કુમાર ગુજરાલના દીકરા સાથે 7.8 કરોડની છેતરપિંડી, પછી આ રીતે રકમ વસૂલાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

દેશના પૂર્વ વડાપ્રધાન ઈન્દ્રકુમાર ગુજરાલના પુત્ર અને પૂર્વ રાજ્યસભા સાંસદ નરેશ ગુજરાલ સાથે કરોડો રૂપિયાની સાયબર ઠગાઈનો એક મામલો સામે આવ્યો છે. સાયબર ઠગોએ નરેશ ગુજરાલના ફોટોનો દુરુપયોગ કરીને તેમના એક વિશ્વાસુ કર્મચારીને વૉટ્સએપ પર મેસેજ મોકલ્યો હતો અને પ્લાનિંગ સાથે આશરે 7.8 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. પીડિત પક્ષ દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ દિલ્હી પોલીસની IFSO યુનિટે તાત્કાલિક એક્શન લઈને ઠગાયેલી રકમમાંથી 4 કરોડ ફ્રીઝ કરાવી દીધા છે અને ગુનો નોંધીને તપાસ તેજ કરી છે.ઠગોએ આ હાઈપ્રોફાઈલ છેતરપિંડી માટે ડિજિટલ ઓળખની ચોરી (Identity Theft)નો સહારો લીધો હતો. તેમણે વૉટ્સએપ પ્રોફાઈલ પર નરેશ ગુજરાલનો ફોટો લગાવીને તેમના ફાઈનાન્સ વિભાગના એક કર્મચારીનો સંપર્ક કર્યો હતો. મેસેજમાં એવું લખવામાં આવ્યું હતું કે, 'હું અત્યારે એક અત્યંત મહત્ત્વપૂર્ણ મીટિંગમાં વ્યસ્ત છું, તેથી તાત્કાલિક



આપેલા ખાતામાં આ રકમ ટ્રાન્સફર કરી દો.' કર્મચારીએ પ્રોફાઈલ પિક્ચર જોઈને સાચો મેસેજ માની લીધો અને 12થી 16 જૂનની વચ્ચે ચાર અલગ-અલગ RTGS ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 7.80 કરોડ ઠગોના ખાતામાં મોકલી દીધા હતા.આ કરોડોની ઠગાઈનો ખુલાસો ત્યારે થયો જ્યારે કર્મચારીને આ શંકાસ્પદ નાણાકીય વ્યવહારો અંગે થોડી મૂંઝવણ થઈ. તેણે આ અંગેની વિગતો નરેશ ગુજરાલની પુત્રી દીક્ષાને આપી. શંકા જતાં જ દીક્ષાએ તાત્કાલિક તેમના પિતાનો સંપર્ક કર્યો, ત્યારે ખબર પડી કે નરેશ ગુજરાલે આવો કોઈ મેસેજ મોકલ્યો જ નહોતો. ઠગાઈનો અહેસાસ થતાં જ દીક્ષાએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી.

## News Brief

### હાલ ઋતબ્રત જ વિપક્ષના નેતા રહેશે મમતાને હાઈકોર્ટમાં કોઇ રાહત નહીં

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં સત્તા ગુમાવ્યા બાદ પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીએ પોતાના પક્ષ પરથી પણ સત્તા ગુમાવી દીધી છે. બળવાખોર ઋતબ્રત બેનરજીને વિપક્ષના નેતા બનાવવા સામે થયેલી અરજીમાં કલકત્તા હાઈકોર્ટે હાલ રાહત નથી આપી. જેને પગલે હવે ઋતબ્રત બેનરજી જ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા રહેશે. દરમિયાન ટીએમસીના બેન્ક ખાતામાં મમતા એક રૂપિયો પણ નહીં ઉપાડી શકે. કેમ કે ટીએમસીના કોષાધ્યક્ષે બેન્કને ખાતામાંથી તમામ લેનદેન રોકવા પત્ર લખ્યો છે. બળવાખોર ધારાસભ્યોના ટેકાથી ઋતબ્રત બેનરજી વિધાનસભામાં વિપક્ષના નેતા બની ગયા છે, તેમને આ પદ સોંપવાના સ્પીકરના નિર્ણય સામે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી છે. હાઈકોર્ટે સ્પીકરના નિર્ણય પર વચગાળાના સ્ટેની ના પાડી દીધી છે. આ સાથે જ હવે મમતા બેનરજી પોતે અથવા પોતાના કોઈ માનિતાને વિધાનસભામાં વિપક્ષના નેતા નહીં બનાવી શકે. તેમના વિરોધી ઋતબ્રત બેનરજી જ આ પદ સંભાળતા રહેશે. જોકે હાઈકોર્ટ દ્વારા હાલ વચગાળાનો સ્ટે આપવાની ના પડાઇ છે પણ ૨૮મી જુલાઇના રોજ ફરી સુનાવણી કરવામાં આવશે. મમતા બેનરજીએ પહેલા સત્તા ગુમાવી પછી તૃણમુલ કોંગ્રેસની કમાન પણ હાથમાંથી ગઇ હવે પક્ષના ફન્ડમાંથી મમતા નાણા નહીં લઇ શકે, કેમ કે પક્ષના કોષાધ્યક્ષ અરુપ બિશ્વાસે મોટો ઝટકો આપ્યો છે, બિસ્વાસે ટીએમસીનું ખાતુ જે બેન્કમાં છે.

### સરકારી પ્રક્રિયા યોગ્ય અને કાયદાકીય રીતે સાચી: હાઈકોર્ટ

## ટેલિગ્રામ પરનો પ્રતિબંધ હટાવવા દિલ્હી હાઈકોર્ટનો ઈનકાર, કહ્યું- સરકાર પાસે સત્તા છે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

દિલ્હી હાઈકોર્ટે દેશના ચર્ચિત મેસેજિંગ એપ ટેલિગ્રામ પર મોટો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પેપર લીકની આશંકાઓને પગલે કેન્દ્ર સરકાર દ્વારા ટેલિગ્રામ પર લગાવવામાં આવેલા કામચલાઉ પ્રતિબંધને હાઈકોર્ટે યોગ્ય ઠેરવ્યો છે. દેશમાં આગામી 21 જૂનના રોજ યોજાનારી RE-NEET પરીક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો હતો, જેને કોર્ટે પણ મંજૂરી આપી દીધી છે.

અયોધ્યા બાદ હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટેલિગ્રામ પર લેવાયેલા સરકારી એક્શનને કારણે કાયદાકીય અને વહીવટી વર્તુળોમાં મોટી ચર્ચા જાગી છે. દિલ્હી હાઈકોર્ટે ભારત સરકારના એ નિર્ણયને સંપૂર્ણપણે બહાલ રાખ્યો છે, જેમાં RE-NEET પરીક્ષાના કારણે ટેલિગ્રામ પર અસ્થાઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતમાં RE-NEETની પરીક્ષા 21 જૂનના રોજ યોજાવાની છે, જેને પગલે આ પ્રતિબંધ 22 જૂન સુધી લાગુ રહેશે. હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે કટોકટીની સ્થિતિને જોતા સરકાર



પાસે આવા નિર્ણયો લેવાની પૂરેપૂરી સત્તા છે.આ કેસ પર ચુકાદો સંભળાવતા દિલ્હી હાઈકોર્ટે નોંધ્યું હતું કે સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવાની પ્રક્રિયામાં તમામ નિયમોનું પૂરેપૂરું પાલન કરવામાં આવ્યું છે. સરકારે જે 'ઈમરજન્સી નેચર' (કટોકટીની સ્થિતિ) અને મજબૂત કારણો રજૂ કર્યા છે તે આ પ્રતિબંધ માટે પૂરતા છે. કોર્ટે ટેલિગ્રામ પર લગાવેલા 5 દિવસના આ પ્રતિબંધને યોગ્ય ઠેરવતા કહ્યું કે, કેન્દ્ર સરકારે ઉપલબ્ધ સામગ્રી અને પુરાવાઓ પર યોગ્ય વિચાર-વિમર્શ કરીને જ આ આદેશ જાહેર કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આઈટી એક્ટ (IT Act)નો હવાલો આપતા કહ્યું કે, સરકાર પાસે દેશહિતમાં આખા પ્લેટફોર્મ કે એપ પર પ્રતિબંધ લગાવવાનો કાનૂની અધિકાર છે.ટેલિગ્રામ પ્લેટફોર્મ વિવાદોમાં ઘેરાયું હોય તેવું આ પહેલીવાર નથી બન્યું. આ અગાઉ પણ ટેલિગ્રામ પર અનેક વખત પરીક્ષાના પેપર લીક કરવા અને સોશિયલ મીડિયા પર ફેક (નકલી) પેપર્સ વાઈરલ કરવાના ગંભીર આરોપો લાગતા રહ્યા છે. વિવિધ રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં સાયબર ઠગ અને જાળસાજો પોતાના ગુનાહિત કાર્યો અને નાણાકીય છેતરપિંડી આચરવા માટે આ પ્લેટફોર્મનો મોટા પાયે દુરુપયોગ કરે છે. આ તમામ બાબતો સુરક્ષા એજન્સીઓ માટે લાંબા સમયથી ચિંતાનો વિષય બનેલી છે.કોર્ટની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલે સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ એકતરફી નિર્ણય નથી. કેન્દ્ર સરકારે પ્રતિબંધ લગાવતા પહેલા ટેલિગ્રામના વહીવટી તંત્રને સમન્સ મોકલીને બોલાવ્યું હતું અને તેમની રજૂઆતો પણ સાંભળી હતી. કંપનીની દલીલો અને તપાસના આધારે નીકળેલા તારણોને આધારે જ આ આદેશ રેકોર્ડ પર લેવાયો છે.

### રામ મંદિર દાન ચોરી વિવાદ અંગે CM યોગીનું પ્રથમ નિવેદન, 'SIT દૂધનું દૂધ, પાણીનું પાણી કરશે'

અયોધ્યા : રામ મંદિરમાં દાનની કથિત ચોરીના મામલે દેશભરમાં ચાલી રહેલી ચર્ચાઓ અને એસઆઈટી તપાસ વચ્ચે શુક્રવારે મુખ્યમંત્રી યોગીએ તોડ્યું છે. અયોધ્યાના રુદૌલી વિધાનસભા ક્ષેત્રમાં 126 જેટલા વિકાસ કાર્યોના શિલાન્યાસ અને લોકાર્પણ પ્રસંગે પહોંચેલા સીએમ યોગીએ એક જાહેર સભામાં લોકોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, "તમે રામ મંદિર માટે 500 વર્ષ સુધી રાહ જોઈ છે, તો 15 દિવસ વધુ રાહ જોઈ લો. ટ્રસ્ટની વિનંતી પર જ SIT ની રચના કરવામાં આવી છે, જે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેશે."સીએમ યોગીએ સ્પષ્ટ કર્યું કે સમાચાર માધ્યમોમાં અહેવાલો આવ્યા બાદ ટ્રસ્ટના કહેવાથી સરકારે તાત્કાલિક તપાસ બેસાડી છે. તેમણે રામ ભક્તોને અપીલ કરી છે કે જ્યાં સુધી તપાસ ચાલી રહી છે ત્યાં સુધી કોઈ પણ એવી અનર્ગળ કે બિનજરૂરી નિવેદનબાજી ન કરે જેનાથી ભક્તોની લાગણી દુભાય, કારણ કે આવી નિવેદનબાજી તપાસને પ્રભાવિત કરે છે. તેમણે ઉમેર્યું કે જો કોઈની પાસે આ ચોરી સંબંધિત કોઈ દસ્તાવેજી પુરાવા હોય તો તે સીધા એસઆઈટીને સોંપી શકે છે. પ્રભુ શ્રીરામે આપણને મર્યાદાનું પાલન કરવાની પ્રેરણા આપી છે, તેથી સૌએ મર્યાદા જાળવવી જોઈએ અને જો કોઈ ગુનેગાર સાબિત થશે તો તેને બક્ષવામાં નહીં આવે.સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ પર સીધું નિશાન સાધતા સીએમ યોગીએ કહ્યું કે, જે લોકો રામ ભક્તો અને 'જય શ્રી રામ' ના નારા લગાવનારાઓ પર લાઠી-ગોળીઓ ચલાવતા હતા, તેઓ આજે ઉપદેશ આપવા નીકળ્યા છે. આ લોકો ક્યારેય નથી ઈચ્છતા કે અયોધ્યાને સન્માન મળે, તેઓ માત્ર અયોધ્યા અને અહીંના લોકોને અપમાનિત કરવા માંગે છે.તેમણે વધુમાં કટાક્ષ કર્યો કે જેઓ ગુનેગારોની કબર પર જઈને ફાતિહા પઢે છે, જેમણે પોતે ક્યારેય રામલલાના દર્શન નથી કર્યા અને પોતાના ધારાસભ્યોને પણ આવતા રોક્યા હતા, તેઓ વાસ્તવમાં બાબરને માનનારા લોકો છે.

### ભાજપના ધારાસભ્યોની ક્રોસ વોટિંગ

## કર્ણાટકના મુખ્યમંત્રી શિવકુમારે ભાજપનો ખેલ પાડી દીધો, ક્રોસ વોટિંગ કરાવી 5 બેઠકો જીતી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

કર્ણાટક વિધાન પરિષદ (MLC)ની સાત બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. આ ચૂંટણીમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે, જ્યાં કોંગ્રેસે પોતાની વ્યૂહનીતિના જોરે પાંચ બેઠકો પર ભવ્ય જીત મેળવી છે. જ્યારે ભાજપના ફાળે બે બેઠકો આવી છે. મતદાનમાં તમામ 222 ધારાસભ્યોએ પોતાના



મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.આ ચૂંટણીમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારે વિપક્ષી ખેમામાં મોટું ગાબડું પાડ્યું. ભાજપમાંથી હાંકી કઢાયેલા ત્રણ ધારાસભ્યોમાંથી બે- એસ. ટી. સોમશેખર અને શિવરામ હેબ્બાર પાસે કોંગ્રેસની તરફેણમાં ક્રોસ વોટિંગ કરાવવામાં આવ્યું હતું. મતદાન પૂર્ણ થયા બાદ બંને ધારાસભ્યોએ ખુલ્લેઆમ સ્વીકાર્યું હતું કે તેમણે પોતાના અંતરાત્માના અવાજ પર કોંગ્રેસને વોટ આપ્યો છે. આ બંને નેતાઓ મતદાનના આગલા દિવસે કોંગ્રેસના ધારાસભ્યો જે રિસોર્ટમાં રોકાયા હતા ત્યાં પણ જોવા મળ્યા હતા.વિધાન પરિષદની ચૂંટણી જીતવા માટે પ્રત્યેક ઉમેદવારને ઓછામાં ઓછા 28 મતોની જરૂર હતી. વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યાના આધારે કોંગ્રેસ ચાર અને ભાજપ બે બેઠકો સરળતાથી જીતી શકે તેમ હતી. પરંતુ કોંગ્રેસે પાંચમી બેઠક પર પણ પોતાનો ઉમેદવાર ઉતારીને ચૂંટણીને રસપ્રદ બનાવી દીધી હતી. સાતમી બેઠક માટે કોંગ્રેસ અને જેડી(એસ) વચ્ચે સીધી ટક્કર હતી, જેમાં અંતે કોંગ્રેસે બાજી મારી લીધી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી થિપ્પન્નપ્પા કામકનૂર, પી. વી. મોહન, બી. કે. હરિપ્રસાદ, શિવન્ના બી એસ અને વિનય કાર્તિક પ્રકાશ જેવા નેતાઓ મેદાનમાં હતા.કોંગ્રેસને વોટ આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીતમાં એસ.ટી. સોમશેખરે જણાવ્યું હતું કે, તેમણે પોતાના મતવિસ્તારના વિકાસના હિતમાં આ નિર્ણય લીધો છે. તેમણે એક મહત્ત્વનો ખુલાસો કરતા કહ્યું કે, ભાજપ કે જેડી(એસ) માંથી કોઈએ પણ તેમનો સંપર્ક કરીને વોટ નહોતો માંગ્યો, જ્યારે મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારે તેમને ફોન કરીને રિસોર્ટની બેઠકમાં બોલાવ્યા હતા અને સમર્થન માંગ્યું હતું. બીજી તરફ, ભાજપમાંથી હાંકી કઢાયેલા ત્રીજા ધારાસભ્ય બાસનગૌડા પાટીલ યતનાલે ભાજપના નિર્દેશો મુજબ જ વોટ આપ્યો હતો. જ્યારે જેડી(એસ)ના વરિષ્ઠ ધારાસભ્ય જી.ટી. દેવેગૌડાએ પણ પક્ષના અન્ય ધારાસભ્યોથી અલગ આવીને વોટ આપતા રાજકીય અટકળો તેજ થઈ છે.

## NFR જનરલ મેનેજર ત્રિપુરામાં ઓપરેશનલ તૈયારી અને માળખાગત વિકાસની સમીક્ષા કરે છે

માલીગાંવ | ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ સાથે 18 જૂન 2026 થી લુમડિંગ ડિવિઝન હેઠળ ત્રિપુરામાં અગરતલા અને સેકરકોટ રેલ્વે સ્ટેશનો પર મહત્વપૂર્ણ રેલ્વે માળખાગત સુવિધાઓ અને ઓપરેશનલ સુવિધાઓનું વિગતવાર બે દિવસનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરે ટ્રેકની સ્થિતિ, રેલ્વે સંપત્તિઓ, મુસાફરોની સુવિધાઓ અને ચાલુ વિકાસ કાર્યોની નજીકથી સમીક્ષા કરી. તેમણે પ્રદેશમાં ઓપરેશનલ કાર્યક્ષમતા, મુસાફરોની સુવિધા અને રેલ કનેક્ટિવિટી વધારવાના હેતુથી વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિનું પણ મૂલ્યાંકન કર્યું.નિરીક્ષણ દરમિયાન ટ્રેક જાળવણી ધોરણો, બેલાસ્ટ સ્થિતિ, ડ્રેનેજ



સિસ્ટમ્સ, પુલો અને અન્ય રેલ્વે સંપત્તિઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ત્રિપુરામાં આવા નિરીક્ષણો ખાસ કરીને મહત્વપૂર્ણ છે, જ્યાં ભારે વરસાદ અને પડકારજનક ભૂપ્રદેશને સલામત અને વિશ્વસનીય ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા માટે સતત દેખરેખની જરૂર હોય છે. અગરતલા રેલ્વે સ્ટેશન પર, જનરલ મેનેજરે મુસાફરોને પૂરી પાડવામાં આવતી સેવાઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે એસ્કેલેટર, લિફ્ટ અને અન્ય સુવિધાઓ સહિત મુસાફરો-કેન્દ્રિત સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. તેમણે રાજ્યમાં મુસાફરોની સુવિધા વધારવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને રેલ્વે માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવાના હેતુથી રેલવે વિદ્યુતીકરણ અને અન્ય વિકાસ કાર્યોની પ્રગતિની પણ સમીક્ષા કરી.તેમની મુલાકાત દરમિયાન, શ્રી શ્રીવાસ્તવે અગરતલા કોચિંગ ડેપોનું નિરીક્ષણ કર્યું અને કોચ જાળવણી, સ્વચ્છતા, સલામતી પાલન અને કાર્યકારી તૈયારીઓની સમીક્ષા કરી.

## "પાક ઉત્પાદનથી આગળ: ખેડૂતો માટે એક નવી આર્થિક સ્વતંત્રતા"

### ભારતની નવી કૃષિ યાત્રા: પાકથી આગળ, સમૃદ્ધિ તરફ

**શ્રી શિવરાજ સિંહ ચૌહાણ**
**કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ, તથા ગ્રામીણ વિકાસ મંત્રી**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય કૃષિએ છેલ્લા 12 વર્ષોમાં સંપૂર્ણપણે એક નવા યુગમાં પ્રવેશ કર્યો છે. અગાઉ આપણી સૌથી મોટી ચિંતા એ સુનિશ્ચિત કરવાની હતી કે દેશમાં અન્નાજની અછત ન સર્જાય અને કોઈપણ રીતે ભૂખમરો અટકાવી શકાય. આજે, પ્રધાનમંત્રી મોદીના દૂરંદેશી નેતૃત્વ અને ખેડૂત-કેન્દ્રીત નીતિઓએ કૃષિને માત્ર એક 'ઉત્પાદન ક્ષેત્ર' માંથી બદલીને ખેડૂતોની સમૃદ્ધિ, જોખમ સામે રક્ષણ, પોષણ સુરક્ષા, ગ્રીન ટેક્નોલોજી અને ગ્રામીણ વિકાસ માટેનો એક સંકલિત પાયો બનાવી દીધું છે. હરિત ક્રાંતિ પછી પ્રથમ વખત, નીતિગત ધ્યાન માત્ર 'કેટલું ઉત્પાદન' પૂછવાથી હટીને વધુ ઊંડા પ્રશ્નો પર કેન્દ્રિત થયું છે જેમ કે 'ખેડૂતની વાસ્તવિક આવક કેટલી છે, કૃષિ કેટલી ટકાઉ છે અને ગ્રામીણ અર્થતંત્ર કેટલું મજબૂત છે.' આ વ્યાપક વિચારસરણી સાથે જ કઠોળ અને તેલીબિયાં મિશન, કપાસ મિશન, રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન, પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના (PM-DDKY), ખેત બચાવો અભિયાન, ડિજિટલ કૃષિ અને સંશોધન-આધારિત નવીનતા (ઈનોવેશન) એ બધાને કૃષિ પરિવર્તન અને ગ્રામીણ સમૃદ્ધિ માટેના એક વ્યાપક વિઝન દ્વારા એકબીજા સાથે જોડવામાં આવી રહ્યા છે.ઉત્પાદનથી આગળ: આવક, સુરક્ષા અને ગ્રામીણ અર્થતંત્રઆજે ભારતે 3765.63 લાખ ટન અન્નાજનું રેકોર્ડ ઉત્પાદન હાંસલ કર્યું છે, જે દેશના ઈતિહાસમાં સૌથી વધુ છે. ડાંગર, ઘઉં, મકાઈ, કઠોળ અને તેલીબિયાં બધામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. આ માત્ર વધેલા ઉત્પાદનની વાર્તા નથી; તે સમગ્ર ગ્રામીણ અર્થતંત્રના વિસ્તરણ અને મજબૂતીકરણનો પુરાવો છે. આની સાથે જ મોદી સરકારે ખેડૂતોના જોખમ સામે રક્ષણ અને આવકની સુરક્ષા પર એટલો જ ભાર મૂક્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) અંતર્ગત અત્યાર સુધીમાં 22 હપ્તાઓ દ્વારા ખેડૂતોના બેંક ખાતામાં રૂ. 4.27 લાખ કરોડથી વધુની રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે, જે દેશભરના નવ કરોડથી વધુ ખેડૂત પરિવારોને નિયમિત વાર્ષિક આવક સહાય પૂરી પાડે છે. તે જ સમયે, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) એ કુદરતી આપત્તિઓ અને અન્ય પ્રતિકૂળ પરિસ્થિતિઓને કારણે થતા પાકના નુકસાન સામે રક્ષણ આપીને કરોડો અરજદાર ખેડૂતોને એક મજબૂત વીમા કવચ પૂરું પાડ્યું છે.સિંચાઈ, ગ્રામીણ રસ્તાઓ, કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેરહાઉસ અને કોલ્ડ-ચેઈન સિસ્ટમ્સમાં રોકાણોએ કૃષિના ત્રણેય મહત્વપૂર્ણ સ્તંભો - ઉત્પાદન, સંગ્રહ અને બજાર પહોંચને મજબૂત કરી છે. કૃષિ આજે હવે માત્ર ખેતીની જમીનની સરહદો પૂરતી મર્યાદિત રહી નથી. ડેરી, મત્સ્યોદ્યોગ, મરઘા પાલન, બાગાયત, મધમાખી ઉછેર, ફૂડ પ્રોસેસિંગ, સ્ટોરેજ સિસ્ટમ્સ, ગ્રામીણ ઉદ્યોગો, સૌર ઊર્જા અને સેવા ક્ષેત્ર આ બધું મળીને એક નવું અને વૈવિધ્યસભર ગ્રામીણ અર્થતંત્ર બનાવી રહ્યા છે.

### કોંગ્રેસના પ્રણવ ઝાને 20 મત મળ્યાં

## ઝારખંડમાં ક્રોસવોટિંગ, એનડીએ સમર્થિત પરિમલ નથવાણીનો રાજ્યસભામાં વિજય

નવી દિલ્હી : ઝારખંડમાં રાજ્યસભાની બે બેઠકોની ચૂંટણી થઈ હતી. એમાં ક્રોસવોટિંગ થતાં એનડીએ સમર્થિત અપક્ષ ઉમેદવાર પરિમલ નથવાણીનો કોંગ્રેસના ઉમેદવાર સામે વિજય થયો હતો. પરિમલ નથવાણી ચોથી વખત રાજ્યસભાના સાંસદ બન્યા છે. એક બેઠક સત્તાધારી પાર્ટી ઝારખંડ મુક્તિ મોરચાને મળી હતી. મિઝોરમમાં સત્તાધારી ઝોરમ પીપલ્સ મૂવમેન્ટે રાજ્યસભામાં ખાતું ખોલાવ્યું હતું. કર્ણાટકમાં એમએલસીની ચૂંટણીમાં ડીકે શિવકુમારે ભાજપ સાથે ખેલા કર્યો હતો.રાજ્યસભાની ચૂંટણી બે રાજ્યોમાં યોજાઈ હતી. આઠ રાજ્યોમાં ૨૪ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ જતાં ઝારખંડ અને મિઝોરમમાં ત્રણ બેઠકો પર ચૂંટણી થઈ હતી. ઝારખંડમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ ઝા સામે પરિમલ નથવાણીએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. તેમને એનડીએનું સમર્થન હતું. કોંગ્રેસમાં ક્રોસવોટિંગ થતાં પરિમલ નથવાણીનો વિજય થયો હતો. તેમને ૨૮ વોટ મળ્યા હતા. ચાર વિપક્ષી ધારાસભ્યોએ ક્રોસવોટિંગ કર્યું હતું.

**ઈ-ઓક્શન સૂચના**

"ટ્રાન્ઝિટ એક્સિડેન્ટ ડેમેજ્ડ વોટરમાર્ક્ડ મેપ્લિથો પેપર રોલ્સ (70 GSM, સાઈઝ 84 સેમી) - પ્રતિ કિલો"

રસ ધરાવતા બિડર્સને ટ્રાન્ઝિટ એક્સિડેન્ટ ડેમેજ્ડ વોટરમાર્ક્ડ મેપ્લિથો પેપર રોલ્સ (70 GSM, સાઈઝ 84), જે ફાટેલી અને દબાયેલી સ્થિતિમાં છે, તેના નિકાલ માટે પ્રતિ કિલોના ધોરણે ઈ-હરાજીમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત સ્ક્રેપ સામગ્રી "જેમ છે ત્યાં છે", "જે કંઈ છે ત્યાં છે" અને "કોઈ ફરિયાદ નથી" ના ધોરણે વેચવામાં આવશે અને સામગ્રી મેસર્સ શાહ પેપર મિલ્સ લિમિટેડની માલિકીની છે. સામગ્રીનું નિરીક્ષણ પ્લોટ નંબર 97, સિલવાસા રોડ, GIDC, વાપી, ગુજરાત – 396195 ખાતે કરવામાં આવ્યું હતું. 20/06/2026 થી 26/06/2026 સુધી સવારે 10:00 થી સાંજે 05:00 વાગ્યા સુધી, ફક્ત કામકાજના દિવસોમાં. નિરીક્ષણ માટે, શ્રી રાજીવ સિંહનો +91-9601813671 પર સંપર્ક કરી શકાય છે. ઈ-હરાજી. 29/06/2026 ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-હરાજીના નિયમો અને શરતો સાથે સહભાગિતા ફોર્મ મેળવવા માટે શ્રી હેમંત બિરલાનો સંપર્ક કરો. ફોર્મ અને EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ. 27/06/2026 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી રહેશે.

**હરાજી સંચાલક: B2B Salvage Auctioneers India LLP, નોંધાયેલ કાર્યાલય – 121, લવકુશ કોલોની, માંગલીયા, ઈન્દોર, મધ્યપ્રદેશ – 453771.**

સંપર્ક નં.: +91 90096 90065/ +91 9754706071

**રામ મંદિર સુરક્ષા** | **કથિત ચોરીની તપાસમાં SIT દ્વારા ૨૦૦ લોકોની પૂછપરછ**

# રામ મંદિરમાં સુરક્ષા પાછળ ૧૦ કરોડ ખર્ચ છતાં ચોરી

અયોધ્યા : અયોધ્યાની પવિત્ર રામનગરીમાં ભગવાન રામલલાના ભવ્ય મંદિરમાં કથિત ચોરી અને નાણાકીય ગેરરીતિના મામલે આખી દેશની નજર તપાસ પર ટકેલી છે. એક તરફ લાખો શ્રદ્ધાળુઓ માટે આ આસ્થાનું કેન્દ્ર છે, તો બીજી તરફ મંદિર પરિસરમાં સુરક્ષા અને વહીવટી વ્યવસ્થામાં લાગેલી મોટી ક્ષતિઓ હવે તપાસનો મુખ્ય વિષય બની છે. છેલ્લા ૧૧ મહિનામાં મંદિરની સુરક્ષા પાછળ આશરે ૧૦ કરોડ રૂપિયા જેવો જંગી ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં, થયેલી આ કથિત ચોરીએ સુરક્ષા એજન્સીઓ સામે અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે.

આ તપાસમાં હવે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) નો દાયરો સતત વધી રહ્યો છે. તપાસ એજન્સીઓનું ધ્યાન હવે રમાશંકર યાદવ (ટિન્નુ



યાદવ) બાદ રેડિયો મેન્ટેનન્સ ઓફિસર (RMO) પર કેન્દ્રિત થયું છે. આ અધિકારી છેલ્લા ૧૭ વર્ષથી કોઈ પણ પ્રકારની બદલી વગર એક જ જગ્યાએ તહેનાત રહ્યા છે. SIT હવે તે સંજોગોની તપાસ કરી રહી છે કે આટલા લાંબા સમય સુધી તેમની એક જ સ્થાને નિમણૂક પાછળ કોનો હાથ હતો. સીસીટીવી કેમેરાની કામગીરી, બેકઅપ સિસ્ટમ અને ડેટા પ્રોટેક્શન જેવા તમામ ડિજિટલ દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. રામ મંદિર દેશના સૌથી વધુ સુરક્ષિત સ્થળોમાં ગણાય છે, જ્યાં બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા કાર્યરત છે. પરંતુ આટલી સઘન દેખરેખ છતાં દાનપેટી કે ચઢાવામાં ગેરરીતિ થઈ હોય, તો તે કેવી રીતે શક્ય બની? આ પ્રશ્ન સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. વધુમાં, દર્શન માટે આપવામાં આવતા 'સ્પેશિયલ પાસ'ની વ્યવસ્થાનો પણ દુરુપયોગ થયો હોવાની આશંકા છે. આ મામલે સત્ય બહાર લાવવા માટે SIT આશરે ૨૦૦ લોકોની પૂછપરછ કરવાની તૈયારી કરી રહી છે, જેમાંથી અત્યાર સુધી ૧૨૫ થી વધુ લોકોના નિવેદનો લેવાઈ ચૂક્યા છે. વિરોધાભાસ દૂર કરવા માટે કેટલાક કર્મચારીઓને ફરીથી બોલાવીને તેમના નિવેદનો ક્રોસ-ચેક કરવામાં આવી રહ્યા છે.

તપાસની કડીઓ હવે મંદિર ટ્રસ્ટના વહીવટી માળખા સુધી પણ પહોંચી રહી છે. SIT ટ્રસ્ટના પદાધિકારીઓની ભૂમિકા અને તેમની કાર્યપ્રણાલીની સમીક્ષા કરી રહી છે. મહંત નૃત્યગોપાલ દાસ, ચંપતરાય, સ્વામી ગોવિંદદેવ ગિરી, નૃપેન્દ્ર મિશ્ર, સ્વામી વિશ્વપ્રસન્નતીર્થ, ડૉ. અનિલ કુમાર મિશ્ર અને ગોપાલ રાવ જેવી મહત્વની જવાબદારીઓ સંભાળતા હોદ્દેદારોના કાર્યોની ઝીણવટભરી તપાસ થઈ રહી છે. ટ્રસ્ટના ઓડિટ અને નાણાકીય વ્યવહારોની પ્રક્રિયાને સમજવા માટે અધિકારીઓ સતત કાર્યરત છે.અત્યાર સુધી તપાસ એજન્સીઓએ ટ્રસ્ટના કોઈ વરિષ્ઠ પદાધિકારીની ભૂમિકા અંગે સત્તાવાર નિવેદન આપ્યું નથી, પરંતુ તપાસના ચોથા દિવસ પછી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે આ મામલો માત્ર સામાન્ય ચોરીનો નથી.

# સિટી એક્સપ્રેસ

SATURDAY 20 JUNE-2026

AHMEDABAD






# પાવાગઢ ડુંગર પર પથ્થર ગબડતાં 2 યાત્રિકોના મોત

## વહેલી સવારે 5 વાગ્યે સર્જાયેલી દુર્ઘટનામાં 4 લોકો ગંભીર ઈજાગ્રસ્ત; યાત્રાધામ પરિસરમાં અફરાતફરી મચી





**મૃતકોના નામ:**
- પ્રણવસિંહ છત્રસિંહ પરમાર (ઉંમર: 52 વર્ષ, રહે. લલુપુરા, તા. કઠલાલ)
- ગુણવંતસિંહ ભવાનસિંહ પરમાર (ઉંમર: 40 વર્ષ, રહે. લલુપુરા, તા. કઠલાલ)

**ઈજાગ્રસ્તોના નામ:**
- પૃથ્વીરાજ ભુપેન્દ્રસિંહ ડાભી (ઉંમર: 28 વર્ષ, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ)
- મગનભાઈ રમણભાઈ ડાભી (ઉંમર: 48 વર્ષ, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ)
- જય અશોકભાઈ કુંભાડિયા (ઉંમર: 16 વર્ષ, રહે. કતારગામ, સુરત)
- જયેશભાઈ ધનજીભાઈ (ઉંમર: 31 વર્ષ, રહે. કતારગામ, સુરત)

પંચમહાલ: પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ગત રાત્રિના ભારે વરસાદ બાદ આજે વહેલી સવારે 5:00 વાગ્યાની આસપાસ એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. માચીથી ડુંગર તરફ જતા માર્ગ પર પાટિયાપુલ નજીક અચાનક એક વિશાળ ભેખડ ધસી પડતાં ભારેખમ પથ્થરો નીચે પસાર થઈ રહેલા યાત્રાળુઓ દબાયા હતા. આ કાળમુખી ઘટનામાં 2 શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 4 યાત્રાળુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સમગ્ર યાત્રાધામ પરિસરમાં અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે.

મુસાફરો પર પથ્થરો પડવાની આ ઘટનાની જાણ થતાં જ પાવાગઢના સરપંચ, સ્થાનિક પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને બચાવ ટુકડીઓ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. રેસ્ક્યુ ટીમે ભારે જહેમત ઉઠાવીને પથ્થરો નીચે દબાયેલા તમામ યાત્રાળુઓને બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સ મારફતે તાબડતોબ હાલોલની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, મૃતક યાત્રાળુઓના શબોને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અપાયા છે.

પ્રાથમિક વિગતો અનુસાર, આ દુર્ઘટના ભોગ બનેલા તમામ મુસાફરો અમદાવાદ અને સુરત જિલ્લાના વતની હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ 4 ઈજાગ્રસ્તોમાંથી 2 લોકોને સામાન્ય ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બાકીના 2 શ્રદ્ધાળુઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

### સુરક્ષાના ભાગરૂપે માર્ગ બંધ કરી રી-ઈન્સ્પેકશન શરૂ કરાયું

ચોમાસાની શરૂઆતમાં જ બનેલી આ ઘટનાને પગલે પાવાગઢ ડુંગર વિસ્તારમાં ભૂસ્ખલન સામે સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. વહીવટી તંત્ર દ્વારા આગામી દુર્ઘટના નિવારવા માટે હાલ પૂરતી તમામ લોકોની અવરજવર પર પ્રતિબંધ લગાવી માર્ગ બંધ કરી દેવાયો છે.

પ્રશાસન દ્વારા આર.એન્ડ.બી , ફોરેસ્ટ, પોલીસ અને મહેસૂલ તંત્રની એક સંયુક્ત કમિટી બનાવીને આખા રૂટનું ઝીણવટભર્યું રી-ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું છે. ડુંગર પર આવા અન્ય કોઈ જોખમી સ્પોટ્સ હશે તો તેને આઈડેન્ટિફાય કરી, જરૂરી કરેક્શન અને મરામત કર્યા બાદ જ આ માર્ગ યાત્રાળુઓ માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવશે.



# અમરેલીમાં યુવકના શિકાર બાદ ચોથા દિવસે પગ મળ્યો



અમરેલી | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક સિંહના હુમલામાં મૃત્યુ પામેલા યુવકના શરીરના અંગો મળવાનો સિલસિલો ચાલુ છે. 16/6/26ના રોજ મૃતક યુવકનું માથું મળી આવ્યું હતું, ત્યારે આજે ઘટનાના ચોથા દિવસે તેનો એક પગ મળી આવ્યો છે. આ પગ એક શ્વાન દ્વારા ખાનગી કંપનીના પરિસરમાં લઈ જવામાં આવ્યો હતો, જે ઘટના CCTVમાં કેદ થઈ છે. રાજુલા રેન્જ વન વિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતકનો પગ બનાવ સ્થળ સામે આવેલી ગુજરાત પાવર પ્લાન્ટ કંપનીના પરિસરમાંથી મળી આવ્યો છે.

ઘટનાસ્થળ નજીક ફરતા એક શ્વાને આ પગને પોતાના મોઢામાં દબાવીને કંપનીના કેમ્પસમાં પ્રવેશ કર્યો હતો. આ સમગ્ર ઘટના કંપનીના CCTV કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ છે, જે તપાસ માટે મહત્વપૂર્ણ કડી બની છે. CCTV ફૂટેજના આધારે વન વિભાગ અને પોલીસની ટીમે તપાસ વધુ તેજ બનાવી છે. મળેલા પગને કબજે લઈને પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક પ્રક્રિયા માટે હોસ્પિટલ ખાતે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### સિંહો માનવભક્ષી છે કે નહીં તે અંગેનો રિપોર્ટ હજુ આવ્યો નથી

સિંહના હુમલા બાદ ચાર સિંહનું રેસ્ક્યૂ ઓપરેશન કરીને તેમને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે રાખવામાં આવ્યા છે. આ સિંહો માનવભક્ષી છે કે નહીં તે અંગેનો રિપોર્ટ હજુ આવ્યો નથી. રિપોર્ટ આવ્યા બાદ જ આ અંગે નિર્ણય લેવામાં આવશે.

મળતી માહિતી મુજબ, મૃતક યુવકની ઓળખ પ્રકાશ ચંદ્ર તરીકે થઈ હતી, જે મૂળ ઉત્તરાખંડના પિથૌરાગઢનો વતની હતો અને સ્થાનિક હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો તેમજ ગામની બહાર એક રેસ્ટોરન્ટમાં રહેતો હતો. મોડી રાત્રે પ્રકાશ ચંદ્ર પોતાના વતન જવા માટે હોટલેથી નીકળ્યો હતો, તે દરમિયાન કોવાયા ગામ નજીક અંધારામાં ટાંપ લગાવીને બેઠેલા સિંહે તેના પર ઓચિંતો અને જીવલેણ હુમલો કર્યો હતો. સિંહ યુવકને ઢસડીને ઝાડીઓમાં લઈ ગયો હતો, જ્યાં તેણે યુવકનું માથું ધડથી અલગ કરી નાખ્યું હતું અને આખું શરીર ફાડી ખાધું હતું.

# AMCમાં ઝેરોક્ષ પેપર સપ્લાય કરવાના ટેન્ડરમાં ડીલરશીપનું ખોટું સર્ટિફિકેટ મૂક્યું : ફરિયાદ કરાઈ



અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પેપર સપ્લાય કરવાના ટેન્ડર માટે કંપની માલિક દ્વારા ડીલરશીપનું ખોટું સર્ટીફીકેટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટેન્ડરમાં રજૂ કરવામાં આવ્યું હતું. કોર્પોરેશનના સેન્ટ્રલ સ્ટોર વિભાગ દ્વારા સર્ટિફિકેટની તપાસ કરતા ખોટા સહી સિક્કા વાળું સર્ટિફિકેટ રજુ કરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું. સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનરની મંજૂરી લીધા બાદ ઈમ્પ્રીન્ટ ટ્રેડર્સના માલિક કૃણાલ જયંતીલાલ શાહ વિરુદ્ધ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ સ્ટોર મારફતે ઓફિસના કામ માટે ઝેરોક્ષના એ ફોર સાઈઝના પેપર મંગાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ટેકનીકલ બીડમાં રજૂ કરવાના પુરાવાના ભાગરૂપે ઈમ્પ્રિન્ટ ટ્રેડર્સ દ્વારા TNPL કંપની દ્વારા આપવામાં આવેલા ડીલર સર્ટિફિકેટને રજુ કરવામાં આવ્યું હતું. જે બાદ પ્રાઈઝ ભીડ માટે આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

ત્યારબાદ સૌપ્રથમ લોએસ્ટ ટેન્ડર આ કંપનીનું ખુલ્યું હતું. જેથી તેમના દ્વારા ડીલર સર્ટીફીકેટ રજૂ કરવામાં આવ્યું હતું, તેમાં તમિલનાડુ ન્યુઝ પ્રિન્ટ પેપર લિમિટેડ લખી નીચે સહી અને સિક્કો કરવામાં આવ્યો હતો અને ઈમ્પ્રિન્ટ ટ્રેડર્સનો પ્રોપરાઈટરનો સિક્કો પણ મારવામાં આવ્યો હતો.

આ સમગ્ર ડોક્યુમેન્ટ અંગે તપાસ કરવા સેન્ટ્રલ રેકોર્ડ અને સેન્ટ્રલ સ્ટોર વિભાગ દ્વારા ટેન્ડર ખોલીને તપાસ કરવામાં આવી હતી. ડીલરશીપ ઓથોરિટી લેટરની તપાસ કરવા માટે ડીલરશીપ કંપની તમિલનાડુ ન્યૂઝ પ્રિન્ટ પેપર લીમીટેડ ખાતે ઈ-મેલ કરીને લેટરની ખરાઈ કરવામાં આવી હતી. જેમાં ડીલરશીપ ઓથોરિટી લેટર ખોટો હોવાનું સામે આવ્યો હતો.

# અમદાવાદના એનાસણ ગામ પાસે હિટ એન્ડ રન:24 વર્ષીય યુવકનું મોત

અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. એનાસણ ગામ નજીક અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારતા 24 વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે કંભા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૃતકની ઓળખ અમદાવાદના હીરાવાડી વિસ્તારમાં રહેતા રવિ જગદીશભાઈ પટેલ (ઉ.વ. 24) તરીકે થઈ છે. રવિ કઠવાડા સ્થિત એક ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતો હતો અને દરરોજ બાઈક પર નોકરીએ જતો હતો.

મળતી માહિતી મુજબ, બુધવારે સવારે રવિ પોતાના ઘરેથી કામ પર જવા માટે નીકળ્યો હતો. બીજી તરફ તેના પિતા જગદીશભાઈ સોમાભાઈ પટેલ પણ પોતાની નોકરી પર ગયા હતા. બપોરે આશરે 3:45 વાગ્યે જગદીશભાઈને તેમના પુત્રની કંપનીના એકાઉન્ટન્ટનો ફોન આવ્યો હતો અને રવિને અકસ્માત નડ્યાની જાણ કરવામાં આવી હતી.

પરિવારજનો તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પહોંચ્યા હતા. 108 એમ્બ્યુલન્સ મારફતે રવિને હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો, પરંતુ શરીરે ગંભીર ઈજાઓ હોવાને કારણે તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે રવિ એનાસણ ગામ નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે કોઈ અજાણ્યા વાહને તેની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે રવિને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ વાહનચાલક કોઈ મદદ કર્યા વગર સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

ઘટનાની જાણ થતાં કણભા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે.

# સાબરમતી અને લાલગઢ વચ્ચે નવી ટ્રેન સેવાની શરૂઆત



પશ્ચિમ રેલવે | અમદાવાદ

માનનીય રેલમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ 21 જૂન, 2026ના રોજ બીકાનેરથી સાબરમતી-લાલગઢ એક્સપ્રેસ (દૈનિક) ટ્રેનને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવશે. આ નવી રેલ સેવા ગુજરાતના સાબરમતી (અમદાવાદ) અને રાજસ્થાનના લાલગઢ(બીકાનેર) વચ્ચે સીધી, ઝડપી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવશે. ગુજરાતમાં રેલ સેવાઓના વિસ્તરણની દિશામાં આ વધુ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. નિયમિત ટ્રેન સેવાની વિગતો નીચે મુજબ છે: ટ્રેન સંખ્યા 19407/19408 સાબરમતી-લાલગઢ-સાબરમતી એક્સપ્રેસ. ટ્રેન સંખ્યા 19407 સાબરમતી-લાલગઢ એક્સપ્રેસ 22 જૂન, 2026થી દરરોજ સાબરમતીથી 17:55 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 08:10 વાગ્યે લાલગઢ પહોંચશે. તે જ રીતે, ટ્રેન સંખ્યા 19408 લાલગઢ-સાબરમતી એક્સપ્રેસ 23 જૂન, 2026થી દરરોજ લાલગઢથી 21:05 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 11:30 વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગમાં મુખ્ય સ્ટોપેજ: આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, નાગૌર, નોખા તથા બીકાનેર સ્ટેશનો પર રોકાશે.કોચ સંરચના : આ ટ્રેનમાં નીચે મુજબના કોચ ઉપલબ્ધ રહેશે: એસી 1-ટિયર, એસી 2- ટિયર, એસી 3- ટિયર, સ્લીપર અને સામાન્ય શ્રેણી ના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન સંખ્યા 19407 માટેનું આરક્ષણ 20 જૂન, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચ સંરચના અંગેની વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પરથી મેળવી શકાય છે.

# પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત વટવા ઈલેક્ટ્રિક લોકો શેડને મળ્યો પ્રતિષ્ઠિત CII “GreenCo GOLD” રેટિંગ સન્માન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવેલા ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પર્યાવરણીય શ્રેષ્ઠતા અને સતત વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ બદલ કન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) - ગ્રીન બિઝનેસ સેન્ટર (GBC) દ્વારા પ્રતિષ્ઠિત GreenCo GOLD Ratingથી સન્માનિત કરવામાં આવ્યું છે. આ સન્માન 18 જૂન, 2026ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા 15મા GreenCo Summit 2026 દરમિયાન વટવાના વરિષ્ઠ મંડળ મિકેનિકલ એન્જિનિયર શ્રી અશોક કુમારને અર્પણ કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ સાથે વટવા શેડ દેશની અગ્રણી હરિત અને ટકાઉ સંસ્થાઓમાં સ્થાન પામ્યું છે. અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, “ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પ્રાપ્ત થયેલ પ્રતિષ્ઠિત CII GreenCo GOLD Rating સમગ્ર અમદાવાદ મંડળ તેમજ પશ્ચિમ રેલવે માટે ગૌરવની બાબત છે. આ સન્માન અમારા અધિકારીઓ અને કર્મચારીઓની પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા કાર્યક્ષમતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પરિણામ છે. વટવા શેડે નવીનતા, સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ અને હરિત ટેક્નોલોજીના સ્વીકાર દ્વારા એ સાબિત કર્યું છે કે શ્રેષ્ઠ કામગીરી અને પર્યાવરણીય જવાબદારી એકસાથે આગળ વધી શકે છે.” “ભારતીય રેલવે વર્ષ 2030 સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય લઈને કાર્ય કરી રહી છે અને આ ઉપલબ્ધિ તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મને વિશ્વાસ છે કે વટવા ઈલેક્ટ્રિક લોકો શેડની આ



સફળતા ભારતીય રેલવેની અન્ય એકમો માટે પણ પ્રેરણારૂપ બનશે અને આપણે સૌ મળીને સુરક્ષિત, સ્વચ્છ, હરિત અને સતત ભવિષ્યના નિર્માણમાં પોતાનું યોગદાન આપતા રહીશું.” વિશેષ રૂપે પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત કોઈ ઈલેક્ટ્રિક લોકો શેડને આ પ્રતિષ્ઠિત Green Co GOLD Rating પ્રાપ્ત થઈ છે, જે પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસના ક્ષેત્રમાં પશ્ચિમ રેલવેની અગ્રણી ભૂમિકાને દર્શાવે છે.Green Co Rating ભારતની પોતાની પ્રકારની પ્રથમ એવી મૂલ્યાંકન પ્રણાલી છે, જે કોઈ સંસ્થાના પર્યાવરણીય પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે. તેના અંતર્ગત ઊર્જા કાર્યક્ષમતા, જળ સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન, કચરા વ્યવસ્થાપન, સામગ્રી સંરક્ષણ અને પુનઃચક્રણ, હરિત આપૂર્તિ શૃંખલા, હરિત ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઈકોલોજી તથા પર્યાવરણીય નવીનતા જેવા વિવિધ માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. GOLD Rating આ પ્રણાલી અંતર્ગત આપવામાં આવતા સર્વોચ્ચ સન્માનોમાંનુ એક છે.ઊર્જા કાર્યક્ષમતા અને સ્વચ્છ ટ્રેક્શન

ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાએ ડીઝલ આધારિત કામગીરીમાંથી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક ટ્રેક્શન તરફ પરિવર્તન કરીને વર્ષ 2022-23 દરમિયાન 1.88 કરોડ લિટરથી વધુ ડીઝલ (HSD)ના વપરાશને શૂન્ય સુધી પહોંચાડ્યો, જેના પરિણામે Scope-1 ઉત્સર્જનમાં લગભગ 100 ટકા ઘટાડો નોંધાયો. કુદરતી પ્રકાશનો મહત્તમ ઉપયોગ થાય તે માટે એસેમ્બલી બેમાં લૉંગ-ટ્યુબ ડેલાઈટ હાર્વેસ્ટિંગ (Brillantor) સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે.

# ખોખરા મ્યુનિ. ગાર્ડન પાસે પાઈપલાઈન તૂટી, હજારો લિટર પાણી વેડફાયું

## AMCના ઈજનેર વિભાગના અધિકારીઓ સવારે રાઉન્ડમાં ફરક્યા પણ નહીં



અમદાવાદ | અમદાવાદના ખોખરા વિસ્તારમાં ગાર્ડન નજીક પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેના કારણે હજારો લિટર પાણીનો બગાડ થયો હતો. વહેલી સવારે પાઈપલાઈનમાં ભંગાણ થયું હતું.

પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોનના ખોખરા વોર્ડના ઈજનેર વિભાગના અધિકારીઓના ધ્યાને તાત્કાલિક આ બાબત આવી નહીં અને તેમણે ધ્યાન આપ્યું નહીં. સવારના સપ્લાય સમય સુધી પાણી બંધ ન કરવામાં આવતા હજારો લિટર પાણીનો વ્યય થયો હતો. ખોખરા મ્યુનિસિપલ ગાર્ડન પાસે આજે (19 જૂન)ના રોજ વહેલી સવારે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેના કારણે ખોખરા સરકારી રુક્ષ્મણી હોસ્પિટલ સુધીના રોડ પર પાણી ફરી મળ્યા હતા.

સવારે 8 વાગ્યા સુધી પાણી સપ્લાયનો સમય હોય છે ત્યાં સુધી પાણી રોડ પર વેડફાતા બંધ કરવા મ્યુનિસિપલના ઈજનેર ખાતાના કોઈ અધિકારીઓ કે કર્મચારીઓ ફરક્યા નહી.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...